# અનોખી પ્રીત

★

ભોગીલાલ ગાંધી

યતન પ્રકાશન ગૃહ (પ્રાઈવેટ) લિ. વડોદરા

[[illegible] [illegible] ૧) (૪) [illegible]
[illegible]—૭૫—પીઓઠ
સ. ઠ., શિ. અને મ. ખા., નંબર [illegible]
૧૦૬૫-ઠ, તા. ૯-૭-૬૫]

ગ્રંથાલય

(ગુજરાત રાજ્ય)

ક્રમાંક ૧૫૮૨૭

સરકારી જિલ્લા પુસ્તકાલય
હિંમતનગર જિ. સાબરકાંઠા
૧૫૮૨૭

એ અનોખી પ્રીત-કથા

# અનોખી પ્રીત

SHRI HIMMAT LIBRARY
No. ૧૬૮૨૭
HIMMATNAGAR S.K.

ચેતન પ્રકાશન ગૃહ ( પ્રાઇવેટ ) લિ.
રામજીમંદિરની પોળ : વડોદરા

[ કિંમત પોણા ત્રણ રૂપીઆ ]

આવૃત્તિ ૧ લી : ૧૯૫૮

કિંમત રૂ. ૨-૭૫ ન. પૈ.

મુદ્રક :
કાંતિલાલ પરીખ
દિનેશ પ્રિન્ટરી
રાયપુર : અમદાવાદ

પ્રકાશક :
ચેતન પ્રકાશન ગૃહ લિ. વતી
ભોગીલાલ ગાંધી
રામજીમંદિરની પોળ : વડોદરા

# આમુખ

જર્મન સાહિત્યની એક અતિ વિખ્યાત યુદ્ધકાલીન નવલકથા ‘ કાર્લ એન્ડ અના ’નું રૂપાંતર અહીં ‘ અનોખી પ્રીત ’ રૂપે અને કવિવર ટાગોરકૃત નષ્ટનીડનો અનુવાદ ‘ વીંખાયેલો માળો ’ એ નામે રજૂ કર્યાં છે.

—ભોગીલાલ ગાંધી

# અનોખી પ્રીત

[ પૃ. ૫ થી ૭૭ ]

# વીંખાયેલો માળો

[ પૃ. ૭૮ થી ૧૫૪ ]

...કાંઠા જિલ્લા પુસ્તકાલય ... હિંમતનગર ... સાબરકાંઠા

# અનોખી પ્રીત

: ૧ :

ચાર વરસથી બંને જણ સાથે હતા. બંદીવાસે એમને મિત્રો બનાવ્યા હતા. યુદ્ધની શરૂઆતમાં જ દુશ્મનના હાથમાં સપડાઇ ગયા ત્યારથી જ આ ઊંચી ભેખડો વચ્ચેની નાની શી એકાંત કોટડીમાં બંને પુરાયા હતા. સવારબપોર થોડે દૂર તળાવ ઉપર ખોદકામ કરવા જતા હતા. વચમાં દિલ થાય ત્યારે આરામ લેતા હતા. વળી પાછું થોડું કામ કરી લેતા હતા. એમના ઉપર કોઇનો ભારે જાપ્તો ન હતો; કેવળ નજર રાખવા માટે જે નામના ચોકીદાર રાખવામાં આવ્યા હતા, તેઓ પણ પોતાની ટેકરી ઉપરની કાચી ચણેલી ચોકી ઉપરથી ભાગ્યે જ નીચે ઉતરતા હતા.

શંકર અને કેશવ ચાર વરસથી દુશ્મન સરકારના જાપ્તા નીચે બંદી હતા. એ દુશ્મન સરકારે નક્કી કરેલા 'રેશન' સાથે એમણે પોતાનાં શરીર તથા મનને ગોઠાડી દીધાં હતાં. કુદરતે નક્કી કરી આપેલ પરિમિત રંગ, રૂપ અને સૂર સાથે તેમણે પોતાની આંખ અને કાનને ટેવાવી દીધાં હતાં.

દિવસભર કામ કરતાં, ખાતાંપીતાં અને હરતાંફરતાં તથા રાતે આછા કે ઘેરા અંધકારમાં એકબીજાની બાજુએ સૂતાં સૂતાં એકબીજાનું મોં વિના જોયે પણ જોતા હોય તેમ રાતોની રાતો

વાત કરી, એમની બાકી રહેલી જિંદગીની તૃપ્તિ લેવા મથતા હતા.

કોઇને ખબર ન હતી ક્યારે એમનો છૂટવા વારો આવશે, ક્યારે એમનું શું થશે ?

'હું હંમેશ દીવાલને અડોઅડ ખાટલા પર સૂતો; એ બાજુએ જ સૂતી. અને સવારમાં ક્યારે ઊઠી જતી, મને કશી ખબર પડતી નહિ. એટલી બધી એ શાંત હતી........તને શું કહું ?—ગજબ શાંત !'

'એ વાત તો તેં મને પહેલાંય કરી છે. સ્ટવનો અવાજ સંભળાય એ પહેલાં તું ભાગ્યે જ ઊઠતો.'

'ખરી વાત.'

શંકર ઢેફાં ઉખાણે જતો. એના મોં પર દાઢી સારી પેઠે ઊગી હતી એથી મોઢું ખરબચડું દેખાતું.

કેશવ બાજુમાં જ પડેલો હતો. એણે સૂતાં સૂતાં ઘાસનું તણખલું મોંમાં ઘાલ્યું. એક ચાવીને ફેંકી દીધું ને બીજું લીધું. 'મને નવાઈ લાગે છે—એ તે કેવી રીતે બને કે એની છાતી સાવ ગોરી છે અને પગ, સાથળ ને આખું શરીર એટલું ઉજળું નથી ?'

શંકરે કશો જવાબ આપ્યો નહિ. કેશવ આગળ બોલતો, 'તાંબા જેવું, તેં કહ્યું, નહિ ?'

'તું એની વાત કરે છે ત્યારે તારું ચિત્ત ઠેકાણે રહેતું નથી.' શંકર કેશવની સામે તાકી રહી બોલ્યો.

અડધાએક કલાક પછી—ઘણીક વેળા, અને ખાસ કંઇ ન સમજાય તેવા કારણે, પક્ષીઓનું ટોળું ઊડતું, દૂર લીલોતરી ઉપર ઉતરતું અને વળી પાછું ત્યાંનું ત્યાં આવતું–અને વળી પાછો શંકર બોલતોઃ 'પણ એને તો આજે ચાર વરસ થઈ ગયાં. ઘણી વાર તો હવે એ કેવી છે તે યાદેય નથી આવતું. એનું મોં પણ નથી

દેખાતું—કશું યાદ નથી આવતું! તું તો સમજે છે, કેશવ, બધું આવી આવીને ભુંસાઈ જાય છે. પણ રાતે......સ્વપ્નામાં તો...એ એટલી બધી જીવતી હોય છે કે એને હુ અડી શકું છું.'

'પણ હું જાણું છું એ કેવી દેખાય છે......કેમ રહે છે ને શું કરે છે. હું એની રજેરજ જાણું છું.'

'પણ તેં તો એને જનમારામાં જોઇ સુદ્ધાં નથી...પેલું એરોપ્લેન અહીં ઊતરે તો એમાં બેસી હમણાં હું ત્યાં પહોંચી જાઉં. ઓ ભગવાન! આવું તો કોનાથી સહ્યું જાય? ચાર વરસ!!'

'અરે ભલા! તારે તો દુનિયામાં એક જણ પણ એવું છે જે તને યાદ કરે છે, તારી ઝંખના કરે છે.'

'ખરી વાત-એક જણ છે એ સાચું.'

'અને મારે? દુનિયા આખીનો વિચાર કરી જોઉં છું-એક એવી ચીજ નથી...કશું જ મારે માટે નથી!'

'હા,...એ રાહ જોતી જ હશે-જો એ જીવતી હશે તો...'

'એમાં શંકા નથી-એ જીવે જ છે.' કેશવ એકદમ બરાડી ઊઠયો. અને ફરી પાછું એણે પોતાનું મોં ધરતીમાં સંતાડી દીધું. થોડી વારે વળી એણે દૂર દૂરની હરિયાળી ભણી દૃષ્ટિ ફેંકી. તેણે જીવનમાં કદી ન જોયેલી એક નારીને જોઇ, તેણે જે ખંડમાં કદી પગ નહોતો મૂક્યો એ ખંડમાંના એક તાકાને સાફ કરતી રમણીને જોઇ! જૂના ખાટલા ઉપર ચાદર બિછાવવા લાંબી થયેલી રમણીને તેણે જોઇ! ખાટલાની સામી ઇસ ઉપર તે નમી હતી. ઓરડીમાં ખાટલો ક્યાં કેવી રીતે ગોઠવેલો છે તે ય તેણે જોયું, અને એની આંખે ચાદરનો રંગ અને ડિઝાઇન પણ દેખાયાં.

'શંકર! કહું છું શંકર, જો એ અહીં આવી પૂગે, તારો

રેવાસ્તો, તો શંકર, એકવાર તું મને ન સોંપે?–માત્ર એક વાર?"

પરણેલા પુરુષે કોદાળીના હાથ ઉપર એના બંને હાથ ટેકવ્યા અને એના ગાલ એ હાથ ઉપર. 'જો એ અહીં હમણાં હોત–" પણ તે પૂરો વિચાર જ કરી ન શક્યો.

'બોલ, બોલ.'

શંકર બાજુમાં સૂતેલા માણસ ભણી લાંબો વખત જોઈ રહ્યો. 'કદાચ સોંપું...તું ય મારા જેવો જ બદનસીબ છે! પણ એક જ વાર...હા...કદાચ. પણ જો તું ફરી માગે તો તારી ખોપરી ભાંગી નાખું આની અણી વડે.!'

'કોણ જાણે હજી ય સ્ટવનો અવાજ ચાલતો હશે!'

વાદળાંનો પડછાયો પથરાયો. પંખીઓના પેલા ટોળાનો અવાજ તેમના દૂર દૂર ઊડવાની સાથે અશ્રાવ્ય બની ગયો. છેક પાસેની ઝાડીમાંથી એક ધીમો ચીં ચીં અવાજ આવ્યો. પણ એ છેલ્લું પંખી ય શાંત પડી ગયું. આ નરી નીરવતામાં બંને આદમીઓ પોતાની શીરામાં ધબકતા લોહીનો અનુભવ કરી રહ્યા હતા. દૂર દૂર હરિયાળા મેદાનને એક છેડે સૂરજ એનું છેલ્લું કિરણ ફેંકતો ઊભો હતો, સુવર્ણરંગ્યું તેજ પાથરતો.

વાદળની છાયા ઝાંખી પડી અને સૂર્યની તેજરેખામાં ડૂબી ગઈ. ફરી પાછો ઋતુરાજ એના અસંખ્ય રવે ગર્જી ઊઠ્યો, એક ક્ષિતિજથી બીજી ક્ષિતિજને બાથમાં ભરતો. એક તણખલું પણ હાલતું ન હતું.

'પણ રેવા કદી કબૂલ ન કરે. એ બીજા આદમી માટે નથી...અમારી પહેલી રાતની મથામણ મેં તને કહી હતી. એ વખતે તો તે અઢાર વરસની હતી–મેં તને બધી વાત પહેલાંથી કહી નાખી છે. તું તારી મેળે જ ફેંસલો આપી શકે છે, કેશવ!"

સરકારી જિલ્લા પુસ્ત

આ ચાર લાંબાં વરસો દરમિયાન–વિરહની યાતનાના લાંબા દિવસો દરમ્યાન––શંકરે એના સાથીદારને કહેવામાં કશું બાકી રાખ્યું ન હતું. પણ આમ તો એ સ્વભાવે શાંત માણસ હતો. ભૂતકાળનો એ વિચાર કરતો ત્યારે એ વખતની હાડમારીઓ એને આજે દિલચસ્પ લાગતી. રોજ રોજ રોટીની તલાશમાં, અને કોટડીની શોધમાં ભોગવવી પડતી અથડામણો! પણ હવે તો એની હાડમારી જુદી હતી–એની કસોટી પહેલાં કરતાં કપરી હતી–એકાંત અને વર્તમાન એ એની કસોટીરૂપ હતાં!

કેશવ–શંકરના એકાંતજીવનનો સાથી–કશું જ જોયા વિના કેશવ શંકરની રાતદિવસની લગાતાર વાતો ઉપરથી જ જાણી ચૂક્યો હતો કે ઘર કેવડું કે કેવું હતું. એટલું જ નહિ પણ રેવાનાં અંગઉપાંગોની ય એને ખબર હતી. એની લાગણી એનો સ્વભાવ તે બરાબર જાણતો હતો. એ એક આવેગશીલ છતાં શાંત અને ચતુર તથા સુઘડ બાઇ હતી. એને એ ય ખબર હતી કે ઘરમાંની હથોડીનો હાથો પિત્તળનો હતો અને રેવાના ડીલ ઉપર ત્રણ તલ હતા, જાણે સાટીનના રેશમ જેવા! ઘરમાં સ્ટવ ક્યાં મુકાતો અને હથોડી વગેરે હથિયારો ક્યાં પડ્યાં રહેતાં. બધું એ જાણતો હતો. અને ડીલ ઉપરના ત્રણ તલો પણ ક્યાં ક્યાં વસેલા હતા, તેની ય તેને પૂરી જાણ હતી.

કેમકે દુનિયામાં એનું કોઈ ન હતું અને કાંઈ ન હતું. રેવાનું ચિત્ર એના દિલમાં હુબહુ ઊગી નીકળ્યું હતું.

'પણ ધાર કે તું બહાર જાય એ પહેલાં જ કોઈ બીજાની સાથે એ ભાગી ગઈ હોય...તને બેવફા નીવડી હોય...તો? ચાર વરસ કાંઇ નાનોસૂનો ગાળો નથી, શંકર! અને એમાં ય જુવાનીથી છલકાતી ઓરત માટે...' અને થોડી વાર થોભી પાછો તે બોલ્યો, 'અને આ મખમલિયા હરિયાળી ઉપર પંખીઓને બદલે, માન કે

નારીનાં વૃંદ આવી બેસતાં હોત તો તું ય કંઈ...'

'રહેવા દે એ વાત. સાંભળ, એક નવી વાત કહું. રેવાને લઇને હું શહેરમાં રહેવા ગયો ત્યારે અમારી પાસે બહુ તો ન હતું પણ તો ય એ ખંડવાળી ઓરડી રાખી થોડું રાચરચીલું ને ફરનીચર ગુજરીમાંથી લઈ આવી ઘર શણગારવામાં અમે બાકી રાખ્યું ન હતું. પણ યા નસીબ—! એક જ અઠવાડિયામાં મને ઘસડી ગયા !'

'મને બધી ખબર છે. છ રૂપિયામાં એક રૂપાળો ખાટલો અને......'

'પણ મારે જવું પડશે એવી કોને ખબર હતી?' અમે કહેતાં: 'હવે તો આ ઘર અને આપણે. બધું હવે નિરાંત થશે. અને મને ખાતરી છે કે રેવા એ ભૂલી ગઇ નહિ જ હોય. બીજા ખ્યાલો કરવા જેટલો એને વખત જ નહિ હોય. ઘર ચલાવવા જેટલું, કમાતાં જ એની હૂંસ નીકળી જતી હશે.'

'અને એથી જ કદાચ એણે—'

'તને એ શું સૂઝયા કરે છે? જરા જીભ તો ઠેકાણે રાખ. ગમે તેમ પણ...રેવા—એના પૂરતું તો હું જાણું છું. એનાથી એવું થાય જ નહિ.' શંકરે કોદાળી ઉપાડી અને ઘુમાવીને એક ઢેકું ઉખાડયું.

કેવળ વિચારો અને વિચારો! ભારોભાર અકાર્યશીલતા! એમણે શંકરમાં અહેતુક ચિંતાવર્તુળો ને વમળો પેદા કર્યાં હતાં. પણ હમણાં હમણાં તેણે સખત મજૂરી દ્વારા એ બધાંને હડસેલી કાઢયાં હતાં.

કેશવ એકએ વરસના બાળકની જેમ સળીઓ અને તણખલાંની રમકડાંગાડીઓ બનાવતો અને કેવળ કલ્પનાઓમાં ડૂબ્યો રહેતો. પરંતુ આ રમત અને એની કલ્પના એને આનંદ આપવાને બદલે વ્યથા જ વધારે આપતાં. જ્યાં પડયો હતો ત્યાં જ તે અચલ પડયો હતો. તોફાની કલ્પનાઓમાં એ બંધાઈ રહ્યો—સૂરજ અસ્ત પામ્યો અને તેના બિરાદરે ઊંચકેલી કોદાળીની અણીનો પડછાયો ખૂબ લાંબો

બની તેની પાસે જ પથરાયો ત્યાં લગી.

પશ્ચિમની ક્ષિતિજ અસ્ત પામતા સૂર્યની લાલિમાએ ચમકી રહી હતી. જરા ઝડપી ગતિએ આગળ વધતું સોનેરી ચકરડું હજી ક્ષિતિજને સ્પર્શ્યું ન હતું. નજીકનાં તણખલાંઓની છેક ટોચ ઉપર હજી તેજકિરણ આછું આછું સ્મિત પાથરી રહ્યું હતું. દૂરના મેદાન ઉપર ગાઢ કાળી નીલિમા પથરાઇ ગઈ હતી અને પૂર્વની દૂરની ક્ષિતિજ ઉપર રાત્રિરાણીનું આગમન થઈ રહ્યું હતું. તમરાં અને કંસારીઓ આનંદભર્યો આવકાર જાહેર કરી રહ્યાં હતાં. હવામાં ભેજ પથરાઈ ગયો હતો.

શંકરે ખરબચડી ઢીલી ધરતીને એક ઘાએ ગબડાવી પાડી અને એટલો ભાગ સાફ કરી બીજા દિવસ માટે બાકીનું રહેવા દઈ ડગલો પહેરી લીધો.

પાએક કલાક ચાલ્યા હશે ત્યાં તો તેમના જોડાઓ ભેજથી ભરાઇ ગયા હતા. બીજી સવારે તો તેમને મહિનાનું 'રેશન' લઇ આવવા દૂર સરકારી ઑફિસે જવાનું હતું. ચાર વરસથી તેમને દર મહિને એક વાર 'રેશન માટે' આખો દિવસ ચાલતાં જવું પડતું હતું. એમના પગ નીચે કચડાયેલાં તણખલાંઓ એમના જતાં જ પાછાં ઊભાં થઇ જતાં હતાં. પરંતુ ક્વચિત્ એમની પિછાણની નિશાની હૃદય ઉપર ધારણ કરી તેઓ પણ, બીજી વાર આ બિરાદરો આવે ત્યાં લગી ઊંચી ડોકે ઊભાં રહેતા!

કેશવ અને શંકર સુથારીલુહારી કામના અનુભવી કારીગરો હતા. બંનેની ઊંચાઈ લગભગ સરખી હતી. અને બંનેના ચહેરા કારીગરોને સ્વાભાવિક તેવા કાળાશ પડતા અને સખત હતા.

એક દિવસ—ચાર વરસને અંતે એક અમલદાર આવ્યો. એમાંથી એક જણને એક ટૂકડીમાં ઉમેરી લઈ ચાલતો થયો!

શંકરને કેશવની વિદાય લેવા જેટલો સમય પણ ન મળ્યો! પાંચ મિનિટમાં તો તેણે પોતાને બીજા અનેકની સાથે સ્ટેશન ભણી કૂચ કરતો અનુભવ્યો.

: ૨ :

શંકર ગયો એને બીજે જ દિવસે કેશવ બંદીવાસેથી નાસી છૂટ્યો. રેવા માટેની એની ઝંખનાએ આ સાહસ સરળ બનાવી આપ્યું. અને લાંબી આકરી મજલ એને સુખરૂપ લાગી.

એણે વિચારી લીધું હતું કે પોતે રેવાને ત્યાં જઇ તેને પોતાની પત્ની તરીકે જ સંબોધશે, પોતે શંકર તરીકે–રેવાના પતિ તરીકે જ ત્યાં જશે, ઓળખાવશે અને રહેશે. 'જો રેવા સાથે આખી જિંદગી રહેવું હોય તો આ સિવાય બીજો રસ્તો પણ શો છે?' એમ એણે રસ્તે જ વિચારી લીધું હતું. બાકી એને કાંઇ કાવાદાવા અને ચાલાકી કરવામાં કશો રસ હતો એમ નહિ કહું. કોઇ એક વ્યક્તિ એનું સમસ્ત જીવનધન બની રહે અને પોતે કોઇ એકના જીવનધન તરીકે સ્થાન પામે એવો સતત પોકાર એનો આત્મા કરી રહ્યો હતો–એ જ વાત સાચી હતી.

અને રેવા સાથે શંકર બની રહેવાનું વધારે શક્ય પણ હતું કેમકે શંકર અને કેશવના બદનમાં, રૂપરંગમાં, આંખમાં અને બીજા અનેક પ્રકારના વર્તનમાં ખૂબ મળતાપણું હતું—ઘણી રીતભાત તો

ચાર વરસના સતત સાન્નિધ્યમાં અને રેવાના સતત ધ્યાનમાં કેશવે શંકર પાસેથી સાવ અજાણતાં અપનાવી લીધી હતી.

રેવા સાથેનું શંકરનું અંગત જીવન કેશવ રજેરજ જાણતો હતો. જાણે એણે પોતે જ ભોગવ્યું ન હોય! એનો દેહ અને આત્મા જાણે રેવાથી જ ભરાઈ ગયો હતો! રેવા કેશવની કલ્પનાની ગૃહરાજ્ઞી બની ગઇ હતી, જેને માટે પ્રત્યેક માનવી અમુક વખત પ્રાણપણે ઝંખે છે તેવી. અદ્દ્ભુત વૈચિત્ર્ય છતાં સાવ સત્ય એ હતું કે કેશવ રેવાને ચાહતો હતો.

ભાગી છૂટી ચાલી નીકળેલો કેશવ ત્રણ મહિનાને અંતે રેવા રહેતી હતી એ શહેરના પરામાં આવી પહોંચ્યો.

સેંકડો માઇલોનો પ્રદેશ તેણે ભારે ભય અને ઉચાટમાં કાપ્યો હતો. જંગલોમાં સંતાતો છુપાતો, ભાગ્યે જ કોઇ ઝૂંપડામાં નિરાંતે રાત ગાળતો, ચળકતા સૂર્યતેજમાં નદીકિનારે હીંડતો કેશવ રેવાના નગરમાં આવી પહોંચ્યો.

અંધારાં ધાનભર્યાં ખેતરોની ધારે ધારે આવેલાં ઝૂંપડાંઓ વટાવી તે શહેરને એક છેડે પડતા લત્તામાં પ્રવેશ્યો. એ લત્તાની ભૂગોળની તેને પૂરી ખબર ન હતી પણ ઘર કેવું હતું તે તો તે બરાબર જાણતો હતો. ઘરની દિશાની પણ એને ખબર હતી.

અને હવે ઘર બહુ દૂર ન હતું.

સંધ્યાના ઝાપટાએ આ પ્રવાસીના મોં ઉપરની ધૂળ અને જોડા ઉપરથી મેલ ધોઇ નાખ્યો હતો.

તે હજામની દુકાનમાં પ્રવેશ્યો. એનું નાનું પોટકું બાંકડા ઉપર મૂક્યું અને ઉપર ટોપી મૂકી.

હજામે ટોપીને ખીંટીએ ભરાવી આંગળી વડે ખુરસી બતાવી કેશવને બેસવા સૂચવ્યું.

બંદી અવસ્થામાં પણ કેશવ દર શનિવારે હજામત કરતો હતો

અને તેણે શંકરને ઘણી વાર ટકોર મારી હતી: 'પહેલાં તો તું રોજ હજામત કરતો અને હવે જો આમ દાઢુ વધારીને ઘેર જાય તો પહેલાં તો તારી રેવા સુદ્ધાં તને નહિ ઓળખે.'

લાંબા વિયોગને અંતે માનવી હરખભર્યા હૈયે અને આતુર નયને પોતાની પ્રિયાને ભેટવા જે ગતિએ ઘરભણી પગ ભરે, બરાબર એ જ ગતિ અને એ જ સ્થિતિમાં કેશવ રેવાના ઘરભણી જઈ રહ્યો હતો.

રેવાના ઘરની અડોઅડ જોડાની દુકાન હતી. એ દુકાનની બારીમાં નવા જોડાની ત્રણ જોડી પડેલી દેખાતી હતી. બાજુમાં એક તૂટેલું તુલસીનું કૂંડું હતું અને તેને અડીને બિલાડી સૂતી હતી. કેશવે કલ્પ્યો હતો તેના કરતાં દુકાનનો ઢંગ જુદો જ હતો. શંકરે વર્ણવેલી ચાર વરસ પહેલાંની આ દુકાન ન હતી. એ વખતે તો દુકાનનો ઓર ભપકો હતો. નાનકડા કાચના કબાટની અંદર હારબંધ ગોઠવેલી જોડાઓની ભાત ભાતની કતારો અને સાથે પીળી ચકતી ચોંટાડીને તેની ઉપર લખેલી કિંમત તથા જુદી જુદી જાતના જોડાઓની જાહેર ખબરો અને પ્રશસ્તિઓમાંથી આજે અહીં કશું ન હતું!

એ દિવસો અને આજના દિવસો વચ્ચે યુદ્ધ એને વિનાશલીલા પસારી ગયું હતું!–કેશવને એનો ખ્યાલ આવ્યો અને તરત જ એના પેટના તળિયે કોઈ ભારે બેચેની વ્યાપી ગઈ. એનો આનંદ, એનો ઉત્સાહ ક્યાંય ઊડી ગયો.

'પાસેના મકાનને બીજે માળે ડાબા હાથે...... નંબરની ઓરડી'—એને બરાબર યાદ હતું. તે દાદરો ચઢ્યો. પણ હજી તેના પેટની બેચેની મટી નહિ. એને થયું કે હમણાં પાછો જાઉં અને થોડી વારે આવું. પણ એના પગ પાછળ ફરવાને બદલે આગળ જ વધ્યા. છેક બે જ પગથિયાં બાકી રહ્યાં ત્યારે તેણે ચોપાસ નજર

નાખી. અને બાકી રહેલાં પગથિયાં એકદમ ઝડપથી ચઢી ગયો અને ડાબે હાથે વળ્યો.

ઓરડીનો નંબર એ જ હતો. એણે એની કલ્પનાચક્ષુએ બંધ બારણાંની પાછળ ઉભેલી રેવાને સગડી આગળ રાંધતી નિહાળી. તેણે તેને ગરદનેથી નમેલી, પાછળથી પોતે જોતો હોય એવી રીતે જોઈ. વળી એને સગડી પાસેથી ખસી કપડાંની પેટી આગળ જતી અને વળી પાછી સગડી આગળ જતી કલ્પી.

રેવાનું પ્રત્યેક હલનચલન તેની ભરપૂર જીવનમયતાથી ઊભરાતું હતું. પૂરતું આકર્ષક હતું. કેશવને માટે આ એકેએક હલન સંપૂર્ણ પરિચિત હતું.

કેશવને રેવાનું એટલું તો રજેરજ જ્ઞાન હતું કે ગમે તેવી ભરચક ભીડમાં પણ દૂરથી એને સરકી જતી જુવે તો ય તે પરખી પાડે.

ચિંતા અને આતુરતાથી લદાયેલા કેશવે તેનો લાંબો હાથ પોતાના ગળા ભણી લંબાવ્યો. ક્ષણવારમાં તો તેનાં પગલાં દાદર ઊતરવા મંડી પડયાં. પણ કયારે પાછાં એ પાછાં ફર્યાં અને કેવી રીતે તેના શરીરને એ જ બારણા પાસે ખેંચી લાવ્યાં અને બારણું ટકોરાવ્યું તેની તેને પોતાને જ કશી ખબર પડી નહિ.

'રેવા!............'

અને તરત જ કોકનાં પગલાં ઓરડીમાં બારણા ભણી આવતાં સંભળાયાં. અને ક્ષણમાં તો કેશવને ખાતરી થઈ કે કલ્પનાની ગમે તેટલી સુંદરતમ મૂર્તિ કરતાં શ્વાસ લેતી અને હાલવતી, ઉષ્માભરી, વાસ્તવિક જિંદગાનીથી તસતસતી માનવમૂર્તિ અનેક ગણી વધારે સુંદર, વધારે દિલચસ્પ હોય છે. લોહીના પ્રત્યેક બિંદુના વહન દ્વારા એ મુખ ઉપરની ફરતી રેખાઓને જીવન સાથે કેટલો બધો સંબંધ હોય છે! એ રેખાપલટો પોતે જ જાણે જીવન છે. તમામ પશ્ચાદ ભૂમિકામાંથી જીવનની આકૃતિને કોતરીને તે બહાર ખેંચી લાવે છે,

આપાસના વાતાવરણમાંથી જીવનની ગતિને મૂર્ત કરી તે ઉઠાવ આપે છે.

કેશવના દેહમાં એક કંપારી વ્યાપી ગઈ. એની આંખોમાંથી આનંદની ધારા વહી રહી. 'રેવા ! રેવા ! ઓળખ્યો નહિ મને ?' કોણ કહી શકશે કે કેશવ અસત્ય બોલ્યો હતો ?

કેશવના મુખ ઉપરનો આનંદ જોઈ રેવાનો ભય ઓગળી ગયો. તેણે જિજ્ઞાસાપૂર્વક અને ખુલ્લા દિલે સ્વસ્થતાભર્યા સૂરે પૂછ્યુ 'કોણ ?'

રેવાએ એક જીર્ણ કધોવન પડી ગયેલો સાલ્લો પહેર્યો હતો-તેનો સાદો, સુદઢ, સુઘડ ચહેરો જાણે કે પ્રકૃતિદેવીને મન એક તેજસ્વી, ઉષ્માભરી અવિકૃત માનવાકૃતિના આદર્શ નમૂનારૂપ હતો.

હજામની દુકાનની જેમ કેશવે અહીં પણ એક તૂટેલી ખુરસી ઉપર પોતાનું બચકું મૂક્યું અને તેની ઉપર ટોપી.

'આ ખુરસીઓને તો મારે પોલીશ મારવું પડશે. આપણે ખુરસીઓ ખરીદી હતી ત્યારે જ મેં તને કહ્યું તો હતું.'

રેવાને યાદ આવ્યું કે તેના ધણીએ આવા જ શબ્દો ઉચ્ચાર્યા હતા. તે ભ્રમણામાં પડી.

'હજી તેં મને ન જ ઓળખ્યો ?'

'પણ તમે કોણ છો ?'

તેનો ચહેરો ફિક્કો પડયો, તેના હોઠ સુદ્ધાં ફિક્કા બન્યા: 'શંકર.'

તે પાછી પડી, કબાટ ઉપર તેનો એક હાથ ચોંટી રહ્યો. 'શું ? ના, તમે એ નથી.'

'રેવા!' એકાએક કેશવના ઢીંચણો લાગણીના ધોધમાં ઢીલા પડયા. એણે બે ડગલાં ભર્યાં; ને તે બેસી પડયો. 'રેવા !'

તેના આ સૂરે રેવાના હૈયાના તાર ઝણઝણાવ્યા.

દૈવનો ગમે તેવો પ્રકોપ ફાટી નીકળે, તેના પોલાદી પંજા છેક માથા ઉપર તૂટી પડે ત્યારે ય ઓરત તો એનું રોજિંદું ઝીણું ઝીણું કાર્ય કર્યે જ જાય છે, તેવી જ રીતે રેવા રસોડામાં જઈ ચૂલા ઉપરની તપેલીમાં મસાલો નાખી, સળગાવીને નાખી દીધેલી ત્રણ સળીયો ભેગી કરી, પાછી આગલા ખંડમાં આવી. થોડીક ક્ષણો અચલ ઊભી રહી ત્યારે એનું મસ્તક ઝૂકી રહ્યું હતું.

થોડી જ મિનિટ પહેલાં કેશવે રેવાનું જે ચિત્ર મનઃચક્ષુ આગળ જોયું હતું, બરાબર તેવું જ આ હતું.

રેવાનો સ્વભાવ તદ્દન સરળ અને ભોળો હતો. એ જાણતી હતી, તેમ છતાં પોતાના સ્વામી જેવું જ બોલનાર આ આદમીની વાતનો બિલકુલ ઇન્કાર કરવાની તેની હિંમત ચાલી નહિ. તેણે તેની ભણી વ્યથાપૂર્ણ ચહેરે જોયું. કેમ જાણે પોતાની નિરાધારતા વ્યક્ત કરતી ન હોય!

'કહે રેવા, કહે, તું વિશ્વાસ નથી રાખી શકતી?......આ દુનિયામાં તારા વિના મારે કોઈ નથી.' જીવનની ઉષ્મા તેના સ્મિતમાં વહી રહી. જીવનનો તમામ આનંદ અને સમગ્ર દુઃખ એ સ્મિતમાં આવી વસ્યાં. અને આ આદમીને માટે અસત્ય સત્ય બની ગયું, જ્યારે તેણે ઉચ્ચાર્યું કે: 'તું મારી પત્ની—મારી રેવા છે' ત્યારે.

રેવા જાણતી હતી કે આ આદમી બોલતો હતો તે સત્ય ન હતું. તેમ છતાં તે જ ક્ષણે તે એમ પણ અનુભવતી હતી કે આ આદમીના પ્રત્યેક વેણમાં લાગણીની પૂરેપૂરી નિખાલસતા વસેલી હતી. ખુરસી ઉપર વાંકો વળી બેઠેલો આ અજાણ્યો આદમી તેની અંતરની ઊર્મિઓને તદ્દન અજાણ્યો હતો, એમે ય તે કહી શકતી ન હતી. છાતી ઉપર હાથ રાખી તે મૂંઝાયેલી ઊભી જ રહી.

રેવા કબાટ પાસે જઈ બોલી: 'ભલા આદમી, શું કામ આવું

બોલો છો ?' અને તેણે તેના ખાનામાંથી એક ઝાંખું કાર્ડ કાઢી કેશવના હાથ સામે ધર્યું. 'ચાર વરસ પહેલાં ! ચાર વરસ !' અને તેણે ફરી છાતી ઉપર પહેલાંની જેમ હાથ ગોઠવ્યા.

કેશવે કાર્ડ વાંચ્યું. લશ્કરી ખાતા તરફથી એ આવેલું હતું. એમાં લખેલું હતું કે શંકર ૧૯૧૪ના સપ્ટેમ્બરની ૪થી તારીખે... ...સ્થળે......નંબરની ટુકડીમાં કામ કરતાં વીંધાઇ મૂઓ હતો. તેણે કાર્ડ ફરી ફરી વાંચ્યું. ઉથલાવી ઉથલાવી જોયું. અને સ્મિત કર્યું : 'તદ્દન જુઠ્ઠી વાત છે, રેવા, તદ્દન ખોટી વાત.'

તેણે હાથ લંબાવી રેવાનો હાથ પકડી કહ્યું : 'કેવું બેવકૂફી ભર્યું લખ્યું છે ? મારા વચન ઉપર વિશ્વાસ નથી ?'

તે એટલો બધો દ્રવી ગયો હતો અને આનંદની છોળમાં બૂડી ગયો હતો કે રેવાએ એકાએક પોતાનો હાથ પાછો ખેંચી ન લીધો. એની આંખોમાં ભય હતો અને તદ્દન ગાંડી આશા પણ હતી—ધણીના અવસાન બાદ જેમ સ્ત્રી ગાંડી આશામાં જીવે છે કે હમણાં બારણું ખૂલશે અને હમણાં એનો પ્રિયતમ પાછો પધારશે—બરાબર તેવી જ.

તેણે વાત દૂર ધકેલવા માંડી. 'તમે કદાચ ભૂખ્યા હશો ?' પણ બીજી જ ક્ષણે તેને વિચાર આવ્યો : 'હું શું કામ એને સંઘરું ? શું કામ એને ધકેલી ન કાઢું ? શું કામ પડોશીઓને બૂમ મારી ભેગાં ન કરું ? પણ એક બાજુ વિચાર ચાલતા રહ્યા, બીજી બાજુ એના હાથ સવારની ભાખરી ઉપર ઘી ચોપડતા રહ્યા. અને તે શાક માટે રકાબી શોધવા લાગી.

'મને ચોક્કસ ખાતરી છે, તું ભૂલી નથી જ ગઈ...'

વિચારવેગે લોહી તેના મગજમાં ચઢી આવ્યું. પણ વળી સ્વસ્થતા ધારણ કરી રકાબીમાં શાક કાઢવા લાગી, તદ્દન યંત્રવત્.

જીવનમાં આ પહેલી જ વાર, પોતે જેને પ્યાર કરતો હતો તેવી સ્ત્રીના હાથની રસોઇ કેશવ ખાતો હતો!

દૃષ્ટિ ઊંચી કરતાં રેવાએ જોયું કે કેશવ કેટલો દ્રવી રહ્યો હતો. અને એક તદ્દન આછું અને અદૃશ્ય સ્મિત તેના ચહેરા ઉપરની ઊંડી ગંભીરતાને વિખેરી નાખતું ચમકી ગયું.

'પેલો જુનો ચમચો ક્યાં ગયો?—પેલો...જરા વળી ગયેલો?'

સ્વપ્નભોમમાં વિહરતી હોય તેમ તે ઊઠી અને રસોડામાંથી પેલો ચમચો લઈ આવી.

'બસ આ જ.' તેણે સંતોષપૂર્વક રેવા ભણી જોતાં કહ્યું. રેવા તો હજી જાણે સ્વપ્નચાદરમાં લપેટાયેલી જ દેખાતી હતી.

આછા દીવાના અજવાળે ચાર દીવાલોની અંદર બંધ બારણે બંને જણ બેઠાં હતાં. જમણે હાથે ખાટલો હતો. ડાબે કબાટ. ખૂણામાં થોડી પેટીઓ અને ડામચિયો. બારી નાની અને ચોરસ હતી. કાંદા અને કોથમીરનો વાસ રસોડા ભણીથી આવતી હતી.

વર્ષો સુધી એક સાથે રહ્યા પછી સહજ રીતે આદમી બીજાની ટેવો, વાણી અને હલન અપનાવે છે. આ આદમી શંકરની જેમ જ મોટા મોટા કોળિયા ભરતો હતો. રેવા તેને ભયપૂર્ણ આશ્ચર્ય-સહિત જોઇ રહી.

કેશવે રેવાની એકાંતતા ઉપર—વર્ષો લગીની એકધારી એકાંતતા ઉપર ચઢાઇ કરી હતી—તેની ઊર્મિઓ અને વાસનાઓના કાફલાને જગાડીને, જીવનની આરતને ઝણઝણાવીને જ તો. રેવાની બુદ્ધિ કદી ન સ્વીકારી શકે તેવી ઊર્મિઓને તેણે વહાવી દીધી હતી. અને રેવાની બુદ્ધિ થંભી જતી, એની વિચારધારા અટકી જતી, અને તે ક્ષણે તેનું દિલ બધું માની લેતું.

'સોમવારે કામની શોધ કરવી પડશે?' કેશવ બોલ્યો.

'પછી મારે કામ કરવા નહિ જવું પડે.' રેવાએ વિચાર્યું. 'પછી તો પહેલાં હતું તેવું, તેથી ય વધારે મજાનું જીવન ભોગવાશે.' પણ પાછી તે બોલી ઊઠતી: 'પણ તમે શું કામ કહો છો કે તમે મારા સ્વામી છો? એવું બોલવાની શી જરૂર છે?'

'પણ રેવા, રેવા...' કેશવ બોલવા જતો હતો તેને વચ્ચે જ અટકાવી દઈ રેવા બોલી ઊઠી:

'મને એ એટલા બધા વહાલા હતા. મારા ઉપર એ ય એટલી બધી લાગણી રાખતા હતા—હું એમને કદી નહિ ભૂલી શકુ—મારાથી કદી નહિ ભુલાય.'

ઇર્ષ્યાના વાવાઝોડાએ વળી પાછી કેશવની સ્થિરતા હલાવી નાખી. અને પ્રથમવાર જ એણે ઈરાદાપૂર્વક, જાગ્રત રીતે અસત્ય ઉચ્ચાર્યું–રખેને જિતાયેલી રમણી ફરી પાછી ગુમાવાઈ જાય એ બીકે.

એણે થાળી ખસેડી અને ચોતરફ દૃષ્ટિ ફેંકી. 'ખાટલા ઉપરની ચાદર તો નવી લાગે છે! આપણે તો પીળી લાવ્યાં હતાં. વેપારીએ કહ્યું હતું: સસ્તામાં કાઢી નાખવાની છે, લઈ જાવ,—યાદ છે ને તને?'

રેવાએ જવાબમાં કેવળ ડોકું ધુણાવ્યું અને તે મનમાં બબડી: 'ભગવાન તું જ જાણે છે!'

'પછી કબાટવાળાને આપવાના બાકી રહેલા બિલનું શું?'

'એ તો મેં ધીમે ધીમે પતાવી નાખ્યા.'

બીજો આદમી જેમ મૂછને સાફ કરે તેમ આણે એની પાંપણોને ચીમળી સાફ કરી. શંકર પાસેથી તેને આ ટેવ મળી હતી. રેવા ઝબકીને આ જોઇ રહી.

'તો હવે કશી પાછલી ચિંતા અને બોજા વિના આપણે

નિરાંતે જીવી શકીશું. બધું બરાબર ચાલશે. રેવા...જરા આમ જો, આમ મારી સામે જો તો રેવા.'

તેના અદબ ભીડેલા હાથ ઉપર તેનું મસ્તક ઢળી પડ્યું.

'ફરી ટેવાઇ જવું પડશે.' રેવાના માથાને પંપાળી રહેલા કેશવના હાથ નીચેની રેવાની કાયા ધીમે ધીમે ધ્રૂજતી બંધ પડી અને સ્વસ્થતા પામી.

થોડી વારે તે બેઠી થઈ. તેની મુખમુદ્રા માર્દવ ધારણ કરી રહી હતી. સાથે સાથે વધારે ચિંતનશીલ પણ બની હતી. તેણે થાળી ઉઠાવી.

કેશવ ઓરડીને એક ખૂણે નતમસ્તકે ચૂપચાપ ઊભો રહ્યો.

એક અસત્ય વેણ! એક અસત્ય સૂર! તે વખતે તેમને છરીની જેમ ભોંકાઈ રહ્યો હતો.

રેવાએ જે રીતે થાળી ઉપાડી જગા સાફ કરી, જે ચતુરાઈ પૂર્વક—પકડાઇ ન જાય તેવી રીતે કેશવ ભણી નજર નાખી લીધી, અને બારી બંધ કરી—એ બધું જોતાં કેશવને લાગ્યું કે રેવા નવી પરિસ્થિતિને અપનાવી રહી હતી.

થોડી વાર પછી રેવાએ તેના પ્રશ્નોના જવાબો સંતોષકારક રીતે આપ્યા—તે ક્યાં કમાવા જતી અને શું કામ કરતી, કેટલું કમાતી વગેરે. રેવા વાત કરતી જતી હતી અને પાસેની બારી ઉપરની ચીજો ગોઠવી રહી હતી.

કશું કામ રહ્યું ન હતું. કેવળ સૂવાની જ રાહ હતી.

એકબીજા સાથે ખૂબ નિકટની પરિચિતતા નહિ પામેલાં બે પ્રેમીઓ એકાંત કોટડીમાં જે અસ્વસ્થતા અનુભવે એવી દશા આમની હતી.

'મારી પાસે થોડા પૈસા છે' કેશવ એકાએક બોલી ઉઠ્યો.

રેવાએ ખાટલા ભણી આંગળી ચીંધી કહ્યું, 'તમે ત્યાં સૂઇ જાવ.' અને તેણે ઊઠીને તાકામાંથી એક ધોયેલી ચાદર કાઢી. 'જરા દીવાલ ભણી ખસેડીએ.' તેણે કહ્યું.

બંનેએ થઇ ખાટલાને દીવાલ ભણી ધકેલ્યો.

રેવા ચાદર પાથરવા માટે નમી. કેશવ હજારો માઇલ દૂર મહિનાઓ પહેલાં કલ્પનાચક્ષુથી જે ચિત્ર જોયું હતું તે આનાથી જરા ય જુદું ન હતું.

રેવા નીચે પોતાની પથારી કરી બોલીઃ 'હવે દીવો હોલવી નાખું.'

અંધકાર વ્યાપી ગયો. થોડી વારે કેશવ બોલ્યો 'સૂઈ ગઈ ?' રેવાએ હકાર ભણ્યો.

ફરી પાછું તેણે પૂછ્યું અને રેવાએ 'હા' કહી ત્યારે કેશવ બરાબર જાણતો હતો કે તે પણ પથારીમાં આંખો ઉઘાડી રાખીને પોતાની જેમ જાગતી પડી રહી હતી.

શહેરનો ચળાઇને આવતો અવાજ, પાસેના અને દૂરના રસ્તા ઉપરથી પસાર થતી મોટરના ભૂંગળાનો અવાજ ઓરડીની શાંતિને ઘેરી રહ્યો હતો.

અવાજની પરિચિતતાથી બીતી રેવા પથારીમાં ગૂપચૂપ પડી જ રહી. જ્યાં લગી તેણે કેશવનો ઊંઘી ગયા પછીનો શ્વાસોચ્છ્વાસ સાંભળ્યો નહિ ત્યાં લગી તેણે પથારીમાં આમથી તેમ પડખાં ફેરવ્યાં કર્યાં.

સ્વચ્છ પથારીમાં સૂતાને કેશવને વરસો વીતી ગયાં હતાં. અતિ થાકના માર્યા તેના પગના સ્નાયુઓ ટચાકા બોલાવતા હતા. નદીનો કાંઠો, પહોળો ચળકતો રેતીનો પટ, ભેખડનો પ્રદેશ, ગાઢાં જંગલો, અનંત સૂકા માર્ગો, દૂરનાં દસ્યો અને બીજી સેંકડો

વિવિધ વિગતો પ્રકૃતિની મૂકમાળાના તૂટકછૂટક મણકાઓની જેમ તેના મગજમાંથી અસ્તવ્યસ્ત રીતે પસાર થવા લાગી.

પછી તેના બાળપણનો પ્રદેશ તેની કલ્પના સામે ખડો થયો, જે તેના સ્વપ્નશીલ મનને વારંવાર જોયા કરવો ગમતો હતો. એક દસ વરસનો બાળક તેના પિતાની સાથે ટેકરીઓની ગોદમાં વસેલા કોક નાના ગામડા ભણી રવિવારની એક સુંદર તાજગીભરી પ્રભાત જોઈ રહ્યો હતો.

બંને જણ ગામને ચોરે જઈ ઝાડ નીચે બેઠા. બાજુમાં જ ફૂલોથી લચેલો એક બગીચો હતો. એક વૃદ્ધ ખેડૂત બાજુએથી પસાર થઇ રહ્યો હતો, શાંત ગામડાના રસ્તા ભણી. તેણે તેમની સાથે રામ રામ કર્યા.

કેશવના પિતા જમીનદારની દીકરીની મશ્કરી કરતા હતા. તેમણે તેનો હાથ પકડયો હતો.

'તમારે એને ન અડવું જોઈએ' કેશવે કહ્યું: 'એ તો રેવા છે.'

તેના પિતાએ તરત જ હાથ પાછો ખેંચી લીધો.

પછી જમીનદારની દીકરીએ કેશવના ખભા ઉપર હાથ મૂક્યો અને માતૃત્વભર્યા હૃદયે તેની સામે દૂધનો પ્યાલો ધર્યો.

સુખ અને સલામતીની લાગણી સહિત તે જાગ્યો—તેના સ્વપ્નમાંથી.

રેવા એ વખતે ઊંઘતી હતી.

અતિ મૂલ્યવાન જવાબદારીના ભાનથી હાલી ઊઠેલા એ આદમીએ ઊંઘતી નારીની રહસ્યમયતાનો અનુભવ કર્યો.

અને આભારની લાગણીથી તે લદાઇ ગયો.

: ૩ :

શંકર લશ્કરી છાવણીમાં ખાટ ઉપર પડ્યો હતો, અને એ હોઠની પિપૂડી બનાવી પોતાના ઘરના સ્ટવના જેવો અવાજ કરવા મથતો હતો.

ટ્રેન ઝપાટાભેર કાળાં મેદાનો વટાવી આગળ ધપી રહી હતી. લીલી ક્ષિતિજમાંથી પેટે ઘસાતી તે પોતાની પાછળ એક પાતળી રેખા મૂકી જતી હતી. કેશવે એ અવાજ સાંભળ્યો. દૂર દૂરનો, ક્યારનો શરૂ થઇ ક્યાં સુધી લંબાયેલો પૂરો સંભળાય પણ નહિ તેવો એન્જિનનો અવાજ શંકરના બિડાયેલા પિપૂડી જેવા હોઠમાંથી નીકળીને આવતો કેશવે સાંભળ્યો અને તેની આંખ ઉઘડી ગઈ!

ઓરડી પ્રભાતનાં કિરણોથી ભરાઇ ગઇ હતી. સગડી ઉપર ઉનામણો ચડાવેલો હતો અને સ્ટવ ધીમો ધીમો સળગી ચાનું પાણી ગરમ કરી રહ્યો હતો. રેવા રસોડામાં જ હોય એમ લાગતું હતું. એની પથારી વળાઈ લપેટાઈ ગઇ હતી.

'શેર?' દૂધવાળાએ દૂધનું માપ ભરી ઠાલવતાં કહ્યું: 'આજે કેમ કંઈ છે, શેર બધું?'

રેવાના અંતરમાં એકાએક સુખભર્યું સ્મિત પ્રસરી ગયું અને તેની રેખા રતુમડા મોં ઉપર તરવરી ઊઠી. તેની દંતાવલિ

પ્રમાણમાં મોટી, સ્વચ્છ અને સરખી ગોઠવેલી હતી.

રેવાનો ચહેરો ઉજળો અને રતૂમડો હતો. એના વાળ કાળા અને ભરચક હતા. તેના નાકની બંને બાજુએ થોડે જ દૂર આંખની નીચે એક નાનકડો તલ ચમકતો હતો. ૧૬૮૨૭

તેના હાથ કારખાનામાં કામ કરી કરીને એટલા તો ચપળ બની ગયા હતા કે તેના ઘરકામમાં પણ એની છાપ પડ્યા વિના રહેતી નહિ. તેના ચપળ પગ અવાજ કર્યા વિના જ્યારે દૂધ લઇ પાછા આવ્યા ત્યારે કેશવ ઊઠીને રસોડામાંના ચૂલા આગળ જઇ ઊભો હતો.

'લડાઈ શરૂ થયા પહેલાં તો હું ઘણું ગોઠવી નાખવા માગતો હતો.' રેવાની હાજરીનો ભાર અત્યારે તેને એટલો લાગતો હતો કે તેના મનનો આ વિચાર તે મોટેથી વ્યક્ત કરી ન શક્યો. જોકે એના મનમાં તો પોતે શંકર જ છે એવી સ્વાભાવિકતા અને નિખાલસતાથી તે વિચારી રહ્યો હતો; એટલે તેણે એમ બોલી નાખ્યું હોત તોય કંઇ અસત્ય થઇ જવાનું તો ન હતું.

દૂધ જેવી ઊજળી, તાજગી ભરી અને મીઠી બારણામાં ઊભેલી રેવાને તે જોઇ રહ્યો. અને તેણે છાતી ઉપરના ખમીસનાં બટનો ભીડયાં. એ ઘડીએ એને યાદ આવ્યું કે થોડા દિવસ પહેલાં એક નદીને કિનારે તેણે ઉઘાડે દિલ બેસીને એ જ ખમીસ ધોઈને સૂકવીને ફરી પહેરી લીધું હતું.

જોકે તે દિવસની સરખામણીમાં આજે તે તાજી હજામત કરેલો, નાહીધોઇ વધારે સ્વચ્છ બનેલો હતો પણ તેમ છતાં કોણ જાણે ક્યાંથી જંગલની અને ઝરાની ઉગ્ર વાસ હજી જાણે તેના બદનમાંથી નીકળતી હોય એમ તેને લાગતું હતું; આજે તો તે સંસ્કારિતાની વચ્ચે વસતો હતો—જ્યાં પથારી માટે ખાટલો હતો, રહેવા માટે ચાર દીવાલો હતી. અને સંગી તરીકે રેવા હતી!

રેવા બોલી, 'કેમ ઊઠયા?'

અને તેના અવાજમાં તેની સુરૂપતા, તેની સુઘડતા, તેની

મધુર મુલાયમતા—સૌનો મેળ હતો !

અને તેણે હલનપૂર્વક નમીને દૂધનું વાસણ સ્ટવ ઉપર મૂક્યું ત્યારે તેના આખા દેહના લાલિત્યે આંખને ભરી દીધી.

રેવાએ ચા તૈયાર કરી અને મમતા તથા સ્વસ્થતાપૂર્વક ગાળીને સામે મૂકી ત્યાં લગી કેશવ તેને નિહાળતો તેમ ને તેમ ઊભો રહ્યો, આગલી સાંજના સંકોચનો પડદો ધીમે ધીમે ઊપડતો જતો હતો. રેવા પણ જાણે એક જ રાતમાં બદલાઇ ગઇ હતી! જાણે તે નવજીવન માટે તૈયાર થઇ ચૂકેલી હતી.

ચા મૂકીને રેવા પાછી ફરવા જતી હતી ત્યાં તો કેશવે કશું જ બોલ્યા વિના કે કશી વિધિ કર્યાં વિના તેને પોતાની છાતી સરખા ખેંચી લીધી.

રેવાનું શરીર કંપી ઊઠ્યું, જેમ વનવગડાનું વૃક્ષ ઝંઝાવાત થતાં પહેલાં કંપી ઊઠે તેમ: અને તેણે બહુ જ ધીમે રહીને પોતાનો એક હાથ તેની ગરદન ઉપર જ રહેવા દઈ સહેજ છૂટાં પડી કહ્યું: ‘ પહેલાં પી લો. ’

કેશવને આમાં આશ્વાસનનું દર્શન થયું. અને રેવા કેશવ ભણી દષ્ટિ ફેંકી, રસોડામાંથી કંઈક નાસ્તો લઇ આવી તેની સામે બેઠી. કેશવ તેને કંઇક પૂછતો હોય તેમ તેની સામે જોઇ રહ્યો.

‘ હું ચા નથી પીતી. ’ રેવાએ એ મૂક પ્રશ્નનો ટૂંકો જવાબ આપી દીધો.

કેશવ સહેજ સ્મિત કરી બોલ્યો: ‘ રેવા! કેવા સુંદર મુલાયમ તારા હાથ છે! ’

રેવા પાછી ઊઠી, કંઈ કામને બહાને અંદર રસોડામાં ગઇ. ચા પૂરી કરી કેશવ ઊઠયો, ધીમે ધીમે રસોડા ભણી ગયો.

રેવા રસોડાની બારી પાસે ઊભી જ હતી. કેશવ તેના મુખ

ઉપરની સંમતિ અને ઉત્તેજનાથી આવકારાયો, તેના ભણી ધસડાયો. બંને જણ એક બીજાને વળગી થોડી વાર શાંત મૂગાં ઊભાં રહ્યાં.

કેશવે આંખો ઉંચી કરી. રેવાના ધ્રૂજતા અધખુલ્લા હોઠ તેને નિહાળ્યા. ફરી ફરી એના ઉપર ચૂંબન કર્યું. કોઇ કશું જ બોલ્યું નહિ.

ફરી આલિંગન વધારે ગાઢ બન્યું. એકબીજાથી ચોંટી ગયેલાં શરીરો ધીમાં સરક્યાં અને થોડે જઇ ઢળી પડ્યાં. કરચલી પડેલી પથારી ઉપર સૂર્યના કિરણો બારીના ઉપરના કાચમાંથી નીતરી રહ્યાં હતાં.

થોડી વારે પલંગમાં પડેલી રેવાની આંખો ઉપર રમતાં સૂર્યકિરણોને નિહાળતો કેશવ પોતાના દિલ સાથે સુખગોષ્ટી કરી રહ્યો હતો : 'એક પ્રિયજનના પ્રેમની ખાતરી જેવું આ દુનિયામાં બીજું સુખ શું હોઈ શકે?'

અને પોતાના અહોભાગ્યની ગાથા ઉપર મુગ્ધ થતો કેશવ વળી પાછો રેવાની આવેશભરી બાથમાં ખેંચાઈ ઢળી પડ્યો ત્યાં લગી તો તેને જોવામાં જ લીન હતો.

આ ચાલીની સામે જ એક બીજી તેવી જ બે માળવાળી ચાલી આવેલી હતી, આ બંન્ને ચાલીઓમાં મધ્યમવર્ગના કારીગરો, મજૂરો, નાના વેપારીઓ, રેંકડીચણાના અને ખજૂરના લારી-વાળાઓ તથા બીજા મધ્યમસ્થિતિના નોકરિયાતો પણ રહેતા હતા. આમાંના ઘણાનાં ઘરો છેલ્લાં ચાર વરસથી પુરુષો વિનાનાં હતાં. વિવિધ વસતિથી ભરેલા આ લત્તાના મોટા ભાગના પુરુષો મહા-યુદ્ધમાં ઘસડાઇ ગયા હતા, અને આ કુટુંબો ઉપર યુદ્ધની મોંઘવારી

તથા તેની યાતનાઓના એક સરખા પડછાયા તેમના રોજિંદા જીવનની વાતો અને વિગતોમાં દેખાયા વિના રહેતા ન હતા. રોટી, રોગો અને સલામતીનાં માર્યાં આ કુટુંબો જીવનના અસ્વાભાવિક આનંદો માટે વલખાં મારતાં હતાં. મિલની મજૂરી કરવાથી માંડી દેહનો ઉપયોગ થવા દેવા સુદ્ધાંની કંપારીભરી પરિસ્થિતિમાં અહીંનાં આ કુટુંબો મુકાયેલાં હતાં !

યુદ્ધના કાળપંજાનો સાક્ષાત્કાર અહીં ક્ષણોક્ષણ થતો હતો.

આજે રવિવાર હતો. રવિવારે સૌ રોજ કરતાં જરા વધારે ખુશાલીમાં રહેતાં. પાસે હોય તે નવાં ચકચકતાં કપડાં પહેરી બહાર ફરવા નીકળતાં. સવારના પહોરથી એ દિવસે મોજ અને આનંદોની વાતો થતી.

રેવાની બાજુમાં રહેતી ગુલાબ અને સામી ચાલીમાં રહેતી પૂતમડી બહેનપણીઓ હતી. બંને કારખાનામાં કામે જતી. બંનેના ધણીઓ યુદ્ધમાં ઘસડાઇ ગયેલા હતા. ગુલાબને એક બાળક હતું. પણ એના ધણીના યુદ્ધમાં ગયા પછી એ પ્રાપ્ત થયેલું હતું. ગુલાબને ઘેર એક આદમી છૂટથી રહેતો એ ય સૌ જાણતું હતું.

આજે રવિવાર હતો. બંને જણે સવારથી રાડરાડ પાડી સામસામી ચાલીમાં ઊભી રહી, સાંજે ફરવા જવાનો કાર્યક્રમ ગોઠવી રહી હતી.

એ જ વખતે નીચે મજલે ઊભેલી એક સ્ત્રી આ બંનેની ગોષ્ઠી સાંભળતી કંઈક ગણગણી રહી હતી.

ત્યાં તો રેવાનું બંધ બારણું જરા ઠેલાયું. તે એકદમ ચમકી બેઠી થઈ ગઇ. પણ પાછો અવાજ શાંત પડી ગયો. રેવાએ તડમાંથી જોયું. કોઈ ખાસ દેખાયું નહિ.

કેશવ થોડી વારે બોલ્યો : ‘ પેહેલાં તું આવી ન હતી, રેવા. પહેલાં તો તું બહુ શરમાતી. ’ અને તે ભીંત સરસો અઢેલીને બેઠો. તેના દિમાગમાં રેવાના વિચારો આવી રહ્યા હતા—પહેલાં

રેવાના વર્તનમાં કેટલી બધી લજ્જા, શરમ, સંકોચ હતો ? અને તે બોલ્યો : 'તને યાદ નથી તું દરેક વખત કેવાં કેવાં બહાનાં કાઢતી ? અલબત, ધીમે ધીમે તું ટેવાઈ જવા તો આવી હતી, પણ ત્યાં તો—' કેશવ બોલતો અટકી જઇ પાછો વિચારમાં ડૂબી ગયો.

રેવા ચોંકી પડી. અનિચ્છાએ એનાથી જરા દૂર ખસી જવાયું. અને કેશવ ભણી તે ટગટગ જોઈ રહી. તેના જીવનની સૌથી વધુ વિશ્રંભકથા પણ આ પરાયો પુરુષ જાણતો હતો ? એનો ચહેરો આશ્ચર્યથી પહોળો બન્યો. અને તરત જ વિચાર-વિહિન ફિક્કો અને જડ બની ગયો—જાણે કે વિચારની શક્તિ ઉપર કોઇકે તીક્ષ્ણ કુહાડીનો ઘા કર્યો હતો!

'કેટલી બધી ટેવાઇ ગઇ હતી!' રેવાના સરકતા જમણા પગને પોતાના પગની આંટીમાં લઇ તે બોલ્યો અને ફરી તેના ખભાને પોતાની પાસે ખેંચી લઇ બોલ્યો : 'આમ જ ને ?'

રેવાનું માથું નીચું પડી ગયું.

આ તેની સ્વાભાવિક ટેવ હતી. અને તરત જ શંકર સાથેનો આખો ભૂતકાળ એની સામે ખડો થયો. અને આ આવેશની ક્ષણોમાં તે શંકરનું નામ ધીમેથી બોલી પણ ચૂકી—સંપૂર્ણ વિશ્વાસપૂર્વક કે એની બાથમાંનો પુરુષ શંકર જ હતો, રેવાને માટે તે ક્ષણે ભૂત અને વર્તમાનનો ભેદ ચાલ્યો ગયો હતો—બંને ભેગાં થઇ વહી રહ્યાં હતાં

પણ પછીના કલાકો ભારે વીત્યા. કેશવ તેનો પતિ હતો એ વિશ્વાસ કાયમ રાખવો મુશ્કેલ હતો. એના દિલમાં ભારે મથામણ શરૂ થઇ. અને છેવટે તેણે નક્કી કર્યું કે બળજબરીથી એ વિશ્વાસ ભલે કાયમ રાખી ન શકાય પરંતુ એ સિવાયના

બીજા કોઈ વિચારને અંદર ઘૂસવા ન દેવો એ તો જરૂર બની શકે.

કેશવ શંકર નથી એ ખ્યાલને ફરી ફરી ઊપડતો અટકાવવા માટે રેવાએ પોતાના મન ઉપર ભારે પ્રયત્નપૂર્વક કાબૂ રાખવો પડતો હતો.

કેશવ તો રેવાના પ્રેમમાં સંપૂર્ણ બૂડી ગયો હતો. હવે કશી આશંકાઓથી તે અણસ્પર્શ્યો હતો. રેવા સાથેના પ્રણયાનુયને અનુભવતો, અખૂટ આનંદનું પાન કરતો, બધો વખત રેવાનાં આલિંગનો અનુભવતો તે જીવનભરના પાકા ચણતરને માટે આવશ્યક તેવાં સાધનોનો માત્ર વિચાર કરતો હતો. પોતાની શક્તિ અને સખત કામ કરવાની ટેવ ઉપર તેને વિશ્વાસ હતો.

યુદ્ધ ફાટી નીકળ્યા પછી, શહેરમાં આવી વસ્યા પછી શંકરને માત્ર એક જ અઠવાડિયું વીજળીના કારખાનામાં કામ કરવાની તક મળી હતી. એ વખતે એને એની કમાણીનો અસંતોષ પણ હતો.

કેશવે રેવાને કહ્યું: 'હવે તો એ કારખાનામાં નથી જવાનો. એ તો ભૂખડી જેવું છે. પૂરો પગારે ય કયાં આપતું હતું?'

રેવા આ ઉલ્લેખથી ફરી પાછી કંપી ઊઠી. કંઈ કેટલાં ય પાછલાં સ્મરણો એના મન ઉપર ચઢી બેઠાં: હજી તેને પોતે ધરતી ઉપર હોય એવું લાગતુ ન હતું. એટલું બધું આવેશમય, પ્રવાહી અને ઢળી પડે એવું એનું માનસ થઇ ગયું હતુ કે સાચાખોટાનો વિચાર તેની અંદર ગમે તેટલું જોર કરવા છતાં પણ પ્રવેશી શકતો નહિ.

થોડી વારે રેવા શાકભાજી લેવા બજારમાં જવા નીકળી ત્યારે તેને અતિપરિચિત નીસરણી પણ બિલકુલ બદલાઇ ગયેલી લાગી, કેમકે એ સીડી ઉપરથી નીચે ઊતરી રહેલી નારી જ બદલાઇ ગઇ હતી!

પછી આવી શેરી. જુદી જ હવા, તાજગીભરી પ્રભાતની ખુશનુમા હવા, માણસોની ભરચક અવરજવર. એક ઘરડી ડોશી

સરકારી જિલ્લા પુસ્તકાલય

શાકની ઝોળી ઊંચકી જઇ રહી હતી. બે કારીગરો રવિવારનો આનંદ લૂંટતા બરાડા પાડતા બારણાની બહાર સેરીની એક ધારે ઊભા હતા.

રેવા કયું શાક લેવું અને કેટલું લેવું એના વિચારમાં ડૂબેલી હતી. સારામાં સારું શાક હોવું જોઈએ, અને પૂરતું લેવું જોઇ એ! વિચાર કરવા જેવી બાબત હતી—ગણતરીનો સવાલ હતો. રેવા વિચાર કરતી અને ગણતરી કરતી શાકબજારમાં આવી પૂગી.

'ના, આજે તો બે શાક જોઇએ. ઘેર મે'માન છે. અડધો અડધો શેર આપો. પણ તાજાં આપજો હો! મેંમાન જમનાર છે,'

પણ તરત જ એક મોટી તરાડ તેની અને તેના મહેમાનની વચમાં પડી ગઈ. એ તો હજી ગઇ કાલ જ આવેલો છે. એને ને તારે શું લાગેવળગે છે? ચાર ચાર વરસથી તો તું એકલી રહેતી આવી છે—કોઇ મહેમાન કદી ડોકાયું નથી—આજે વળી મહેમાન કયાંથી? એકાએક, એક અજાણ્યો માનવી તારે ત્યાં આવી પડ્યો હતો!

અને આ સવારે કોણ જાણે એને શું થઈ ગયું હતું? એવું તે શું થઇ ગયું હતું? 'ના, થોડો મીઠો લીમડો, કોથમીર અને આદુ ય જોઇશે. મેમા'ન છે—કઢી બનાવવી પડશે.' એણે કાછિયાને સંબોધી કહ્યું.

કાછિયો રેવા સામે જોઇ જોખી રહ્યો. રેવા મૂંઝાઇ, શરમાઈ, સંકોચાઈ. એક અજાણ્યો આદમી—એનો મહેમાન! કેવી ભયંકર વાત? તેણે કાછિયા સામેથી નજર ફેરવી લીધી.

ઘેર પાછા ફરતાં રસ્તામાં એક પાડોશી બાઈ મળી. કોલસા, ઘાસતેલ અને ખાંડના ભાવ જ ખૂબ વધી ગયા હતા એનો ઉચાટ વ્યક્ત કરતી હતી. રેવાએ એની ભણી પણ કંટાળાભરી નજરે જોયું.

'હિંદુંબમણું ખરચ આવે છે! આમ તે શી રીતે ચાલશે?' પડોશણ ગણાવતી હતી.

રેવા એની સાથે ઘેર જતાં ગભરાતી હતી. કેશવ ઘેર જ હતો, એને થયું કે એ ઘેર પહોંચે ત્યારે ત્યાં કોઇ ન હોય તો કેવું સારું! એને થયું કે પોતે એકલી પડી જાય તો કેવું સારું! પણ એ તો શકય ન હતું—અત્યારે તો એણે પહેલાંથી બધી વસ્તુનો વિચાર કરી લેવાનો હતો—હવે શી રીતે વર્તવું? આ બધાનું પરિણામ આખરે શું આવવાનું?

અનેક સ્ત્રીઓ—જેમના ધણીઓ યુદ્ધમાં એળેમેળે ઘસડાઇ ગયા છે એવી અનેક સ્ત્રીઓ જ્યારે તેમનાં 'પરાક્રમો' નો પડદો ખસેડી નાખી બહાર નીકળે છે, ખુલ્લી શેરીની હવા, ભરચક અવરજવર જુએ છે ત્યારે તેમને તેમનાં 'પરાક્રમો' માટે ગ્લાની થાય છે. પોતે શુ કામ એમ કર્યું એની કશી સમજ ન પડતાં મૂઝાઇ છે. રેવાની પણ આનાથી કંઇ બહુ જુદી સ્થિતિ ન હતી.

એક વફાદાર પત્ની 'પરાક્રમ' પતાવી પોતાના ધણીને ત્યાં પાછી ફરે ત્યારે જે બોજો તેના દિલ ઉપર જામેલો હોય છે, તેવા જ ભાર સાથે પગથીયાં ચઢી.

પહેલો માળ ચઢી તે ઊભી રહી. એક આદમી દુનિયામાંથી હાલ્યો હાલ્યો આવે છે, અનંત એવી સૃષ્ટિમાંથી...! એક આદમી બીજે કયાં ય નહિ ને મારે ત્યાં આવી ઊભો છે! અને એ આવનારો મારી રજેરજનો જાણકાર છે! અરે, ખુદ હું પોતે જાણું છું તેનાથી ય વધારે! મેં કપડાં બદલ્યાં એ પહેલાં કોણ જાણે કયાંથી એણે મારા દિલ ઉપર કયાં કયાં તલ છે એ કહ્યું હતું. કયાંકથી એ મારી પાસે હાલ્યો આવે છે, ને જે વસ્તુ ભૂતકાળમાં દટાઇ ગઇ છે તેને એ એકાએક બહાર ખેંચી કાઢે છે!—રેવા સીડીને ઉપરને છેડે ઉભી ઉભી વિચારી રહી હતી.

ઘડીભર એને ઈચ્છા થઇ કે હજી ઉપર ચઢી જઈ બીજાને ઘેર જઇ બેસું, ત્યાં બધું સલામત અને પરિચિત હતું–ચાર વરસથી એ સૌને તે ઓળખતી હતી. એને થયું કે બહેનપણીને બધી વાત કહું. કદાચ એ તેને સાચી સલાહ પણ આપશે!

કેવું વિચિત્ર! એણે ખરૂં જ કહ્યું હતું કે પેલી ચાદર નવી આણેલી હતી. પેલી જૂની ચાદર—એણે ને શંકરે—એના ધણીએ સાથે આણી હતી. એ શંકર, એ ધણી તો આજે મરી ગયેલો હતો! ચાર વરસ થયાં તે મરી ગયેલો હતો. ભગવાન! તું તો જાણે છે... એ મરી ગયો છે અને પેલા વેપારીએ કહ્યું હતું, 'રસ્તામાં કાઢી નાખવાની છે, લઇ જાવ.' બરાબર એ જ શબ્દો આ આદમી કાલે બોલ્યો હતો! અરે......એણે વેપારીનું હૂબહૂ વર્ણન કરી બતાવ્યું હતું!

ઉફ... હજી કાલે જ મેં એને જોયો. એ મને રેવા કહે એ બિલકુલ અસહ્ય છે. એણે બારણું ઉઘાડતાં ઉઘાડતાં આમ વિચાર્યું, 'આ તો કોઈ ભારે ઉઠાઉગીર, ભારે બાજીગર લાગે છે......પણ એવાની સાથે હું આમ વર્તી શી રીતે?—ગુસ્સો, શરમ અને ઘૃણા તેનો કબજો લઇ બેઠાં.

કેશવે ખાટલા ઉપરથી ચાદર કાઢીને વાળી લીધી હતી. આમતેમ પડેલી વસ્તુઓ, શેતરંજી વગેરે તેણે યથાસ્થાને ગોઠવીને મૂકી દીધી હતી. ઓરડી સ્વચ્છ અને સુઘડ લાગતી હતી. જ્યારે રેવા અંદર દાખલ થઈ ત્યારે કેશવ હાથમાં ઝાડુ લઈ બાકી રહેલો એક ખૂણો સાફ કરી રહ્યો હતો.

શંકર ક્વચિત્ આવું કરતો હતો--રેવાને યાદ આવ્યું પણ આટલી હોંશથી નહિ.

રેવાનો બધો ગુસ્સો, બધી ઘૃણા અને એક બાજીગરના હાથમાં સપડાઈ પડવાનો ભય બિલકુલ અદૃશ્ય. થઇ ગયાં. જેવો

તેણે કેશવને હાથમાં ઝાડુ લઇ વળેલો જોયો કે તરત જ. કેમ જાણે કોઇ અજાણ્યો ભલો ઝાડુવાળો રસ્તા ઉપર પસાર થતા કોઈ માનવી સાથે ઘડીભર વાત કરવા થભી જાય તેવો તે અત્યારે ભલોભોળો લાગતો હતો.

રેવાને સવારનો પ્રસંગ યાદ આવ્યો. અને તેને થયું, ના એ શંકર જ હોવો જોઈએ. શંકરની આગળ જ તેણે સમર્પણ કર્યું હતું. પણ અત્યારે આ વાંકો વળી ઝાડુ મારતો આદમી તે શંકર ન હતો, તેના ધણી અને કેશવ વચ્ચેનો, ભૂત અને વર્તમાન વચ્ચેનો ભેદ સ્પષ્ટ હતો, ન ભૂંસાય તેવો હતો.

શંકરને તેણે વરસો સુધી આટલી સ્પષ્ટ રીતે જોયો ન હતો, જેવો તેણે અત્યારે જોયો. અને એને ખાતરી થઈ કે આ આદમીથી તે તદ્દન જુદો હતો—આનાથી વધારે સુસ્ત, અને ધીમો હતો. વળી ગઈ કાલે આણે જે બધી વાત કરી હતી તેવી વાત કહેવાની પેલાને ટેવ પણ ન હતી. આણે તો કહ્યું હતું કે, દુનિયામાં એવો કોઈ માનવી નહિ હોય કે મેદાનમાં આડો પડયો છતાં તણખલું મોમાં ન ઘાલે.

શંકર આવું ન બોલે. એ રીતે જોતાં, તે વધુ સંકોચશીલ છે. આ આદમી જેટલો નિઃસંકોચ છુટ્ટો એ નથી. આ આદમી તો વાળેલી સ્પ્રીંગ જેવો છે, ધારદાર અને જલદ ! રેવા એના મનમાં આમ સરખામણી કરી રહી હતી.

સવારના પ્રસંગે રેવાના ચિત્તમાં શંકર સાથેના ભૂતકાળને ફરી જાગ્રત કરી દીધો હતો અને ફરી ફરી એ પ્રસંગ શંકર અને કેશવને અલગ કરતો બંનેની વચમાં ઊભો હતો.

આહ ! હું કેવી બેવકૂફ ! છોને એક પથારી હોય એથી શું? પણ આ આદમી શંકર છે એમ મેં માની શી રીતે લીધું? મારો શંકર...! ના, પણ આના હાથ એના હાથ જેવા જ હતા!

સરકારી જિલ્લા

આનું મોં...! આ આદમી જરા ય અજાણ્યો નથી, જરા ય બેરુખિ જન્માવે એવો નથી. સવારે ય એવો ન હતો લાગતો. અત્યારે ય એવો નથી લાગતો. કેવું વિચિત્ર !

પણ આ આદમી ' હું પોતે જ શંકર છું. ' એવી વાહિયાત વાત ન કરે તો...? સવારમાં જે થયું તે ભલે થયું. એ કંઈ એવું ખરાબ નથી, એમાં કશું ભયંકર નથી.

રેવાએ અનેક વિચારો અને મૂંઝવણોમાં બોલી નાખ્યું : ' આ તમે શું કરો છો ? આ કંઇ તમારું કામ નથી.'

' તું કેમ એમ બોલે છે ? '

રેવા એકદમ ત્યાંથી દૂર ખસી. એનું મોઢું મચકોડાયું. ' ફરી કદી કહેતા નહિ કે તમે મારા સ્વામી છો. સાંભળ્યું ને ? ફરી એવું મોઢે લાવશો નહિ. ' ગુસ્સાનાં આંસુ એની આંખોમાં ડોકાઈ રહ્યાં.

' પણ એ તો તેં પોતે જ આજે સવારે કહ્યું હતું. તેં પોતે જ કહ્યું હતું કે હું તારો સ્વામી છું. તેં મને શંકર કહી બોલાવ્યો હતો...આપણે સદાનાં સાથી છીએ, રેવા—તું ને હું ! '

' આપણે કદીય સાથે ન હતાં. મારી જિંદગીમાં મેં તમને કદી જોયા નથી. તમે કાલે જ આવ્યા...મારા સ્વામી કદાચ હજી જીવતા પણ હોય. બને કે એ જીવતા હોય. તમે જ તમારી જાતે એવું કહ્યું હતું. અને કદાચ એ પાછા પણ આવે ! '

' આવે તો ય શું ? એ પાછો આવે, પછી શું ? પછી શું થશે, તું શું ધારે છે ? ' એક ભારે જંગલી પડછાયો એની આંખમાં ઘૂમી વળ્યો, અત્યંત કાળો અને ઊંડો. અને હોઠ કચડતો ફરી બોલ્યો, ખૂબ ધીમેથી : ' મને પરવા નથી કોણ આવે છે, ને કોણ નહિ અથવા ભલે કોઈ ન આવે. આપણે તો સદાનાં સાથે જ છીએ,

અને રહીશું.'

તેની મુખમુદ્રા ફરી મુલાયમ બની.

'રેવા, નસીબની વાત છે, નસીબની.' તે ફરી વાર બોલ્યો અને તેના સ્મિતમાં તથા તેના કંઠમાં નિશ્ચિતતાનું શાંત ઊંડાણ વિલસી રહ્યું.

કેશવનું નાક અણીદાર હતું, હાથ મજબૂત હતા અને આંખો તેજસ્વી બુદ્ધિશાળી હતી.

રેવાને હસવાનું મન થયું: તેને આ આદમી હસવા જેવો લાગ્યો. કેમકે આવેશમાં ને આવેશમાં તે તેની એડી ઉપર ઊંચો થઈ કૂદી રહ્યો હતો. તેની લાગણીનાં મોજાંએ રેવાના મનને ઘેરી લીધું અને તેના મનમાં વસેલી બધી આશંકાને ધોઈ સાફ કરી નાખી. તેના વિચિત્ર બિહામણા દેખાવથી રેવાની આંખો વધારે પહોળી થઈ.

એ કાંઈ કેવળ વિચાર ન હતો, પરંતુ એક પ્રકારની સ્વયંભૂ ઈચ્છા હતી-- ગુસ્સો કરવાની, સામનો કરવાની અને અનુકૂળ થવાની-- એવી વિવિધ વિરોધી વૃત્તિઓથી ભરેલી એ સ્વયંભૂ ઇચ્છા હતી-- કે જે તેને કહી રહી હતી કે આ આદમી ભુતકાળને ભૂલી જશે, જો તે કેવળ તેના સ્વામી તરીકેનો દાવો જતો કરશે, જો તે ભૂતકાળ સાથેનો તેનો દાવો છોડી દેશે તો.

ના—ના— આ તો અસહ્ય છે. એ તો મારે માથે લાદવા માગે છે. 'બિલકુલ બાહિયાત!' રેવાથી અજાણે મોટેથી બોલાઈ ગયું. તે ખોળામાં શાકની છાબડી લઈ શાક સમારતી બેઠી હતી. તેણે તેની બેઠક ફેરવી. ચાળાને હલાવ્યા. અને શાક ઉપર ચીડ ઠાલવતી હોય તેમ મોટા મોટા કકડાઓ કરવા લાગી.

પણ આ દરમિયાન તેની મનની ગડમથલ બહાર કૂદી આવતી હતી. થોડી વારે તે ઊભી થઈ અને ખોળામાં પડેલાં છોતરાં, કચરો

વગેરે ખંખેરી નાખી સગડી ભણી ગઈ. આ વખતની તેની ચાલ તેને માટે સ્વાભાવિક કે સહજ ન હતી, તે એકલી હતી ત્યારે કદી આવી રીતે ચાલતી ન હતી. અથવા ઘરમાં કોઈ આદમી છે તેનો ખ્યાલ ન હોય અને જે સહજ રીતે તે ચાલે, તેવી ય ન હતી. આ ચાલમાંથી જણાઇ આવતું હતું કે તેના મનની અંદર એક આદમીએ એવું સ્થાન લીધું છે, જેને વિસરીને, જેની ઉપેક્ષા કરીને તે કશું કરી શકતી નથી. અને એ આદમી તેના જ ખંડમાં તેની જ નજદીક, તેની પાછળ જ બેઠેલો છે! રેવા એની એકલ સ્વાભાવિકતા શી રીતે જાળવી રહે?

એ ક્ષણે પાછળ બેઠેલા આદમીના દિલમાં ય ભારે તોફાની મોજું ઊછળી રહ્યું હતું. હમણાં જાણે તે કૂદી પડી ગુસ્સામાં બોલી ઊઠશે: 'જોઉં છું તું કેવી નથી કબૂલ થતી, મને રસ્તો પકડતાં આવડે છે.'

પણ રસ્તો પકડવો એટલે શું? એ કંઇ એવી સહેલી વાત ન હતી તે તે જાણતો હતો. હજી તો રસ્તાની લિજ્જત એનાં હાડકામાં કળણ ઉપજાવતી હતી. અને એકલ જીવનની પક્ષાઘાતી અસરની એને ક્યાં ખબર ન હતી?

એણે જ એક દિવસ શંકરને કહ્યું હતું: 'એક માનવી હમેશ પોતાની પૂછ્યા જ કરે કે, મારાથી આ જીવન કેમ સહ્યું હશે?—પૂછ્યા જ કરે, ને કદી એનો ઉત્તર જ ન પામે!—કેવી કરુણ દશા!! ધીમેથી ધરતી ઉપર એક અળસિયાને હજાર ગાઉની મજલ કાપવાની હોય—કેવી કરુણ દશા! એવું જ છે મારું. આ મારી જિંદગાની એવી જ અળસિયા જેવી જ તો છે!'

જબરજસ્ત મનોબળ અને ધબકતી લોહીભરી કાયા છતાં, એક નહિ પણ દસ આદમીને પૂરી થાય એટલી જીવનસામગ્રી પાસે હોવા છતાં, કેશવને કોઇક આધારો જોઈતો હતો!

તે ખુરસીમાં જ સળવળતો બેઠો રહ્યો. એ જાણતો હતો કે રસ્તે પડ્યા પછી ય એનાથી ક્યાં ય જઈ શકાવાનું તો છે નહિ. બીજે જ દિવસે પાછો આવ્યા વિના રહેવાનો નથી. અને સદ્‌ભાગ્યે એની પ્રબળ સંકલ્પશક્તિ અને ચીવટાઇભરી ઉપાસના, જેમણે એને આ સિદ્ધિ પાર લાવવા સુધી આણ્યો હતો, તેમણે જ તેના ગળા સુધી ઊછળી આવેલા અને જીવનને રૂંધી નાખવા અથવા ક્રોધને શમાવી દેવામાં સહાય કરી.

રેવાએ મોં ફેરવ્યા વિના જ કહ્યું: 'મને લાગે છે, કે મારા સ્વામીના મૃત્યુના ખબર મેં જાણ્યા એ વખતે હું શું બોલી હતી એની ય તમને ખબર હશે જ? અરે, હું પરણી એ પહેલાંની ય બધી વાતો તમે જાણતા હશો. અને ગુસ્સામાં ને ગુસ્સામાં તે ઉમેરવા માગતી હતી કે, એટલું જ શું કામ? હું મારી માના પેટમાં હતી એ ઘડીની ય તમને બધી ખબર હશે.

કેશવે શાંતિપૂર્વક ભારે હૈયે જવાબ આપ્યો: 'ના, એવી બધી મને ખબર નથી. પણ હું જાણું છું કે તું બાળક હતી ત્યારે કેવી હતી. બહુ ધ્યાન ખેંચે એવી ન હતી; સાથે સાથે બહુ એકલવાયી પણ ન હતી. તારી મા તારા વાળ હોળતી ત્યારે તું અક ળાઈ જઈ રાડારાડ કરતી ન હતી. ધીરજ તારા સ્વભાવમાં હતી અને તું હમેશાં આનંદી રહેતી. એક ફળની જેમ ધીમે ધીમે તારો વિકાસ થયો છે.'

અને તેણે તેનું માથું નીચું જ રાખી આગળ ચલાવ્યું: 'હું હમેશ કોઈક વસ્તુની આરતમાં હતો. કદાચ તને આરત શી ચીજ છે તેનો ખ્યાલ પણ આજ લગી નહિ આવ્યો હોય; કદાચ અત્યારે પણ તું નહિ સમજી શકે.'

અને આ એક બીજી વ્યક્તિની કલ્પનામાંથી રેવાને પોતાને દૃષ્ટિ ફૂટી. એ દૃષ્ટિ સામાના પ્રેમે એને આપી હતી. જીવનમાં

પહેલી જ વાર એણે પોતાનું બાળપણ અને યૌવન નિહાળ્યું. ઉષ્મા-ભરી ઊર્મિઓપૂર્વક એણે એ અનુભવ્યું.

કેશવ પૂરું બોલી રહે તે પહેલાં રેવાના શાક સમારતા હાથે થંભી ગયા હતા. 'તમે આવું બધું શું બોલી રહ્યા છો?' તેણે અંદરથી વલોવાઈ જતાં પૂછ્યું.

તેણે વિચાર્યું: કાં તો આ નારી મને ચાહે છે, કાં તો બધું ખલાસ થઈ ગયું.

'જ્યારે તારા સ્વામીના મૃત્યુના સમાચાર—એ ખોટા સમાચાર—તને મળ્યા ત્યારે તું શું બોલી હશે—તે તો કોણ જાણે પણ, તેં એ માની તો નહિ જ લીધું હોય, જેમ કોઈ પણ સ્ત્રી માની ન લે. તારા હૃદયને ઘૂમરી ખવરાવી હશે...હું જાણું છું...હું તને ઓળખું છું. તારે પોતાને માથે કોઈ અશુભ ઊતરી પડ્યું છે એમ તું તે વખતે માની જ શકી નહિ હોય. તારે માથે એવું કંઈ બને એમ તું માનવા જ તૈયાર નહિ હોય. તું હકીકત જાણવા છતાં, કદાચ વસ્તુનો સ્વીકાર નહિ જ કરી શકી હોય. હકીકત માનવા છતાં તેં એ વાત નહિ માની હોય. અને પછી તારે માટે ય સમય આવી પૂગ્યો હશે—એક પછી એક વ્યર્થ, અસાર અહેતુક જિંદગી જીવવાનો દિવસ આવ્યો હશે. વરસોનાં વરસો સુધી કોઈકની આશામાં જીવવાનો! હું તો એમાં જ ખરડાયો છું...આજ લગી એ જ અનુભવ્યું છે...તેં પણ? તું પણ એમાંથી પસાર થઈ છે!'

રેવાને શંકરનો કદી અસંતોષ થયો ન હતો. પોતા વિષે શંકરે ગેરસમજ કર્યાનો પણ અનુભવ ન હતો. રોજિંદી જિંદ-ગાનીની વાતો સિવાય બીજી વાતો પણ તેઓ ભાગ્યે જ કરતાં. અત્યારે પણ રેવા આ બે આદમીઓ વચ્ચે સરખામણી કરવા ઇચ્છતી ન હતી. તે ત્યાં ને ત્યાં ઊભી હતી, શરમથી થાકી ગયેલી

કેમકે તેણે આ આદમીને ઉઠાઉગીર માની લીધો હતો.

રેવાના ચિત્તોદ્યાનમાં સૂતેલી અનેક અજાગ્રત ભાવનાઓનો કેશવે શબ્દ, દૃષ્ટિ અને કંઠમાત્રથી અનેકાઅનેક વાર ઝણઝણાવી મૂકી હતી. ગઈ રાતથી એને પોતાને ય એવી લાગણી થઈ રહી હતી કે તેના દિલમાં પોતાથી અજાણ્યો એવો ઘણો વિશાળ પ્રદેશ પડેલો હતો. થોડીક ક્ષણો સુધી તો તે અત્યંત નૂતન અને અદ્‌ભુત ઊર્મિ અનુભવી રહી, પણ સ્વભાવે તે શિથિલ હતી. તે એકદમ કૂદકેભૂસકે આગળ વધી શકી નહિ. પરંતુ તે સાચદિલ હતી, નિખાલસ હતી. જેટલી સ્વાભાવિક રીતે તે શ્વાસ લેતી તેટલી જ સાહજિકતાપૂર્વક તે વર્તતી.

એનું વર્તમાન જીવન, એનું અદ્યતન અસ્તિત્વ ભૂતકાળથી તદ્દન ભિન્ન પડી ગયેલું હતું. શંકરથી તદ્દન વિચ્છિન્ન બની ગયેલું હતું– એ જીવન તો એણે જીવી લીધું હતું: સર્પની કાંચળીની જેમ જીર્ણ જીવન છોડી તેણે નવજીવનમાં પ્રવેશ કર્યો હતો.

જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ કેશવને લાગવા માંડયું કે, કાળના વહેણ સાથે ધીરજપૂર્વક પ્રતીક્ષા કરવામાંથી જ વફાદારી જન્મે છે.

વીતેલી જિંદગીના ઘાથી તરફડતી રેવાના જીવનમાં કેશવનો નૂતન પ્રવેશ સ્વાભાવિક રીતે પરાયો અને બહારના આક્રમણરૂપ જણાયો. અને યે તેને દૂર ધકેલવા પણ મથી. પરંતુ એ ધકેલવાની ક્રિયાની પાછળ તો, અજાણતાં જ તેના સ્વીકારની અતિ સૂક્ષ્મ પણ અતિ ઉગ્ર ઈચ્છા સર્જાઈ રહી હતી. દિવાસ્વપ્નમાં જડસડ બની ગયેલા નિદ્રાળુની જેમ રેવા પક્ષઘાત અનુભવી રહી હતી.

શંકર હોવાનો દાવો કરી કેશવે સ્મૃતિઓમાં રહેલી પ્રચંડ શક્તિથી ભૂતકાળને જગાડયો હતો; ભૂતકાળ સાથે એણે તાદાત્મ્ય અનુભવ્યું હતું. અને જો એણે એ રોમાંચક અદ્‌ભુત અનુભવ

જાતે ન કર્યો હોત તો કદાચ એનો આ બધો પ્રયોગ નર્યા જુઠ્ઠાણાથી ભરેલો બની જાત! બીજા આદમી સાથે ઘર કરી રહેલી ઓરત તે કાંઈ તેની પોતાની રેવા ન બની શકે. તેની રેવા સાથે તો તે-કેવળ પોતે જ શરૂઆતથી જડાયેલો હતો. એથી તો, કેશવને પક્ષે અસત્ય સત્ય હતું અને વાસ્તવિક હકીકત ભ્રમણા હતી!

દર સાંજે જ્યારે તે કામેથી છૂટીને ઘેર આવતો ત્યારે તે નિરાધાર બની ઊભો રહેતો. પોતે જન્માવેલ આડખીલી પોતે જ દૂર ન હતો કરી શકતો! અંતરની લાગણીઓને કચડી નાખ્યા વિના એનાથી એમ થઈ શકે એમ ન હતું. અને એ લાગણીઓ એટલી હદે જઈ પહોંચી હતી કે જેમાં જીવનના ઝરણાને સુકાઈ જવું પડે. જ્યાં ઊર્મિની પ્રત્યેક આપલે, તેનું પ્રત્યેક સફળ ઘર્ષણ તમામ શારીરિક સંબંધને સુદ્ધાં કેવળ અશક્ય બની જવું પડે!

આ દિવસો દરમિયાન રેવાએ તેને ખૂબ સાવચેતીપુર્વક અને ગુપ્ત રીતે ઘરમાં જા-આવ કરવાનું ફરમાન કર્યું હતું તે કોઇને ખબર પડવાં દેવા ન હતી ઇચ્છતી કે એના ઘરમાં કોઇ અજાણ્યો પુરુષ રહેતો-સૂતો હતો.

SHRI HIMMAT LIBRARY
No. 15529
Date
HIMMATNAGAR S.K.

: ૪ :

આજ સવારથી ગુલાબને ઘેર કંઈ ધમાલ થઈ રહી હતી. એને ત્યાં અવારનવાર આવતો અને ઘણી વાર સૂઈ રહેતો આદમી આજે બદમિજાજમાં હતો. તેણે ગુલાબ ઉપર હાથ ઉપાડવાની શરૂઆત ઘણા વખતથી કરી દીધી હતી. આજે એનો એક વધુ પ્રયોગ થયો. ગુલાબે એક ચીસ નાખી.

રેવા આ વખતે સામા માળની પૂનમડીને ઘેર બેઠી હતી.

'મુઓ, એ તો છે જ એવો.' પૂનમડી બોલી.

'પણ તો ઘરમાં ઘાલ્યો છે શું કામ?' રેવાએ ઘૃણાપૂર્વક ઉચ્ચાર્યું.

'કોઈ કંઇ રાજીખુશીથી ઓછો ઘુસાડે છે? પણ એકવાર રાખ્યો પછી......'

રેવાના દિલમાં કંપારી છૂટી. પોતાની ઓરડીમાં બેઠેલો પુરુષ એની આંખો સામે દેખાયો.

'પહેલાં તો એ મુઓ કેટલો સારો લાગતો હતો? બિચારી ગુલાબ એકલી હતી. એકલી એકલી રહી કાઈ ગઇ હતી. પેલો ય ગુલાબના વરની સાથે જ નોકરીમાં હતો. એ લશ્કરમાં ગયો એટલે ગુલાબની ખબર કાઢવા આવતો. આવે જ ને? અને ગુલાબને ય કોઈની જરૂર હતી. બીજું તો ઠીક, પણ એને છોકરું ન થયું

હોત તો હજી ય કંઈ ઉપાય થાત. પણ હવે શું ?'

રેવા ઊંડા ને ઊંડા વિચારમાં, મંથનમાં ઊતરી રહી હતી, પૂનમના શબ્દો એને કાને જ નહિ પણ ઊંડા ઊંડાણમાં સીધા પહોંચતા હતા.

પૂનમે આગળ ચલાવ્યું: 'પણ એમાં ગુલાબનો ય શો વાંક ? અને એની એકલીની ક્યાં વાત છે! તું તો રેવા, ભગતડી રહી. પણ આ બે ચાલીમાં કહું છું તારા જેવી તો કોઈ નહિ રહી હોય. અને એમાં કંઈ છાનું ય નથી. સૌ મનમાં જાણે છે, સમજે છે, ને નભાવે છે.'

રેવાના મનમાં આ શબ્દોએ વળી કારી અસર કરી. હું ભગતડી છું ? શું આ સાચું છે ? હું ય સૌના જેવી નથી ? મારા ઘરમાં ય એક પરપુરુષ નથી ?...સૌની વાત તો સૌ જાણે છે... એમને કશું શરમાવા જેવું ય એમાં નથી લાગતું. આ લોકોને મન તો આ સાદી–સરળ વાત છે: તારો ધણી તને છોડી વરસોથી ગયો છે. પાછો ક્યારે આવશે, આવશે કે નહિ. એની ય જાણ નથી. તું ત્રીજા પુરુષ સાથે રહે છે–કેવી સાદી-સીધી વાત !!

રેવા પૂનમને ત્યાંથી ઊઠી પોતાની ચાલીમાં આવી ત્યારે તો ગુલાબની કોટડી આગળ ભારે ઠઠ જામી ગઈ હતી. રેવા એ ઠઠ વીંધીને ઉતાવળી ઉતાવળી પસાર થઈ રહી હતી. ત્યાં તો એક અવાજ એના કાન આગળ આવી બોલી ગયો: 'અલી, તારે ય ત્યાં કોઈ મહેમાન આવ્યું છે કે, શું ?'

રેવા કશો જવાબ આપ્યા વિના, જાણે કશું સાંભળ્યું ન હોય તેમ, જલદી જલદી સરકી ગઈ.

તેના ચિત્તમાં વારંવાર પૂનમના બોલ અથડાતા હતા. એને એક વિચાર ફરી ફરી મૂંઝવી રહ્યો હતો; પણ મારો ધણી સાચે જ

જીવતો હશે? એ તો એમ કહે છે કે હું જ તારો સ્વામી છું. અને એણે ન માનવા જેવું કંઈ નથી રાખ્યું. ના-પણ મારે એની એ વાત ભુલાવી દેવી જોઇએ. મારે એને એમાં પછાડ ખવડાવવી જોઇએ...શું કામ એ મારા ધણી તરીકેનો દાવો હજી કર્યા કરે છે?

પણ, ધારી લો કે મારો ધણી જીવતો હોય તો પછી? તો તો બધું નકામું. જીવતા ધણીને છોડીને કંઈ બીજા સાથે એમ સહેલાઈથી ઓછું રહી શકાય છે?...અને શંકર યે કંઇ ઓછો માયાળુ હતો? એની આંખો! કેટલી નેહ નીતરતી હતી? એનું પ્રમાણિક નિખાલસ જીવન! એને મારામાં વિશ્વાસ યે કેટલો બધો હતો? એની સાથે હું સુખી હતી, સલામત હતી. બિલકુલ ખરી વાત નથી? હું સલામત ન હતી? સુખી ન હતી? તો પછી...?

એક રવિવારની સાંજે રેવાએ જ કહ્યું: 'આજે તો કયાંક ફરવા જઇએ.'

કેશવ ઊભો થયો. અને કપડાં પહેરવા લાગ્યો.

'એમનો આ સફેદ કોટ પહેરી લો.' રેવાએ પેટીમાંથી એક કોટ કાઢી આપતાં કહ્યું.

'ના, એની કશી જરૂર નથી, એમાંથી કંઈ નથી જોઇતું.'

સિવાય કે એક હું! મારા વિના એને મારા સ્વામીનું કશું નથી જોઇતું! રેવાના મનમાં થયું. તે બોલી: 'તમે કહો છો, એ જીવતા છે. અને તેમ છતાં હું તમારી બૈરી થઈ રહું એમ ઇચ્છો છો?'

'એ જીવે છે કે નહિ, એથી મારે મન કશો ફેર પડતો નથી.' કેશવ ગંભીર વદને બોલ્યો. અને તરત જ એવા તો મક્કમ સૂરે ઉમેર્યું કે રેવાને લાગ્યું કે આ આદમીએ આ વાત ઉકેલાતાં શું બોલવું તે પોતાના મનમાં નક્કી કરી રાખ્યુ હતું. 'જેને

ત્યાંથી આપણે ચાદર લીધી તેની મૂછો ટૂંકી અને કાળી હતી–આ જો, આનાથી મોટી નહિ. અને કપાળ ઉપર બે તલ હતા, એ ય તને યાદ હશે. એ જ વખતે મેં તને બતાવ્યા હતા, ખરૂં ને ?'

રેવા અતિશય ગુસ્સામાં આવી બોલી: 'આ બધું તમે ક્યાંથી જાણી આવ્યા છો, મને સમજાતું નથી. મારાથી આ નથી સહેવાતું. તમે ભયંકર આદમી છો—તમે આમ બોલો છો એનો મને તિરસ્કાર આવે છે.'

કેશવનો ચહેરો પણ વધારે કડક બન્યો. અને માણસનું ભારે અપમાન થાય અને તે જેવો છોભીલો, ભોંઠો પડી જાય તેવો તે પડી ગયો.

રસ્તે ચાલતાં અનેક સ્ત્રીપુરૂષોના શ્રમિત ચહેરાઓ ઉપર આ બંનેને જોતાં એક પ્રકારનો આરામ કે આનંદ ફેલાઇ જતો. રેવા કેટલી ચંચળ, મજબૂત અને મૃદુ દેખાતી ? અને એની બાજુમાં જ કેશવ એક ઊંચો, જરા ખરબચડા ચહેરાવાળો પણ રાખમાંથી જેમ અંગારો ચમકે તેવો આછો ચમકતો જુવાન હતો !

તેઓ સ્ટેશનની પેલે પારના ખુલ્લા પ્રદેશ ભણી જઈ રહ્યાં હતાં. બંને જાણે આજે જ પહેલી વાર સાથે બહાર નીકળ્યાં હતાં : જે પુરૂષે એક નારીને સારૂ ત્રણ ત્રણ મહિનાઓ લગી રાતોની રાતો અંધારે કંટારા ને પહાડો ઓળંગીને પગે ચાલી ચાલી તપશ્ચર્યા કરી હતી, શી અદ્‌ભુત તેની જીવનધન્યતા ! આજે એ જ પુરૂષ એ જ સ્ત્રી સાથે વિહરી રહ્યો હતો !

કેશવ ચાલતાં ચાલતાં એક ડગલું પાછળ પડી પોતે મહિનાઓ પહેલાં કલ્પનાભોમમાં જોયેલી રેવાની ચાલ નિહાળી રહ્યો, ત્યારે તેને કેટલી અદ્‌ભુત તૃપ્તિ થઈ ! એક મૃત નારી તેના પ્રિયતમ પાસે અક્કડ વેશે, ધીરે પગલે આવી રહી હોય તેવી તેણે કલ્પી હતી. આજે આ નારી એમ જ ચાલી રહી હતી. આ ઊર્મિના

એકાએક હલ્લાથી કેશવનો ચહેરો ફિક્કો પડી ગયો.

એણે થોડી ક્ષણો પહેલાં કોટડીમાં એકાં એકાં વિચાર્યું હતું. કે જરૂર પડશે તો વરસો લગી ધીરજ ધારી રહીશ. પણ અત્યારે એની ધીરજ ધોવાઈ રહી હતી!

સાંકડો રસ્તો પૂરો થઇ એક વિશાળ મેદાનને આલિંગતો પડયો હતો. ત્યાં આવી પહોંચતાં રેવાના મુખ ઉપર અવનવા ભાવો તરવરી ઊઠ્યાં. અને કેશવના જેવી જ લાગણીમાં તરબોળ બની બોલી ઊઠી: 'ખરેખાત શું......'

કેશવ કળી ગયો, એની અંતરદષ્ટિ રેવાના અંતરમાં ઊતરી સત્યદર્શન કરી ચૂકી હતી. તે બોલ્યો: 'ખરેખાત આપણે...'

'આપણે અહીં એકવાર આવ્યાં હતાં પહેલાં?'

અને તેઓ મેદાનને પેલે છેડે ઊભેલી વૃક્ષરાજીમાં પ્રવેશ્યાં. કેશવનો ઉન્માદ માતો ન હતો. જાણે એણે આ જ વનરાજીનાં દર્શન સેંકડો માઈલ દૂર પડયાં પડયાં કર્યાં હતાં!

'એક સાંજે તું અહીં આ વૃક્ષો નીચે મારી રાહ જોતી બેઠી હતી.' કેશવ રેવાનો હાથ પકડી તેને બેસાડતાં બોલ્યો.

અદ્‌ભુત! શંકરે આ વાત કદી કેશવને કહી ન હતી. પણ તે જાણતો હતો કે આ સત્ય હતું. એણે કલ્પનાચક્ષુઓ વડે રેવાને અહીં રાહ જોતી બેઠેલી જોઇ હતી. આ દશ્ય તો એના અંતરે જોયેલું હતું; એ કદી અસત્ય હોઈ જ કેમ શકે? એ તો પડેલું જ હતું એના અંતરમાં; એણે માત્ર એને બોલી બતાવ્યું હતું!

રેવા એને ડાબે પડખે જીવનની અદ્‌ભુત ઉષ્મા અનુભવી રહી હતી. વાસ્તવિકતા, તેની ડખલો સાથે, ભાગી ગઈ હતી. અંતરના આવેગો જીવનરૂપે ધોધમાર વહી આવતા હતા. એમના હૃદયોનાં વહેણ એક બની ગયાં હતાં.

રેવાના મનમાં કશો વિચાર ન હતો, આ અનુભવ જ તેને

માટે સર્વોપરિ હતો, એ જ એને માટે સત્ય હતું. એનું અંતિમ સુખ, અંતિમ મધુ પીવાને તે અધીરી હતી અને એણે એની વાચાની સહાય લીધી : 'શંકર !'

અને આખા જાદુઇ વર્તુળની કેશવે પૂર્ણાહુતિ કરી. તે કેવળ બોલ્યો : 'તને જ ઝંખતો હતો.'

થોડી વાર બંને શાંત રહ્યાં.

'અને તું બાળકની વાત કરતી હતી? બોલ, હવે જોઈએ છે? કહે, હવે એની આરજૂ નથી રહી.'

રેવાની પાંપણો નીચી ઢળી પડી અને બિડાઇ ગઈ. એના હોઠ અધઉઘડ્યા કેશવના હોઠને અડી રહ્યા. રેવા મૂંગી જ રહી.

કેશવે ફરી પૂછ્યું. તેના દિલમાં રેવાની મૂક્તાએ એક ઊંડી સુખલાગણી જન્માવી હતી. પોતે બાળક હતો ત્યારે શું આ જ સ્થળે નહોતો આવ્યો? અને પેલા જમીનદારની કન્યા—રેવા જ તો—તેના ગળામાં હાથ નાખી દૂધનો કટોરો દઈ રહી હતી!

એકાંત કુંજના એક ખૂણે બે પ્રણયી જીવો બેઠા હતા. કેમ જાણે, શંકર અને રેવા કદી સાથે જીવ્યાં જ ન હોય એવી લાગણી સહિત કેશવ અને રેવા, એટલાં અડોઅડ, એટલી હૂંફ લેતાં બેઠાં હતાં. કેમ જાણે, હજાર પાંદડિયાળા નસીબે એની એક પાંદડી ઉઘાડી આ બે પ્રણયીઓના જીવનનો માર્ગ નક્કી કરી લીધો હતો—બે જીવો ઊર્મિના આવેગમાં એવા તો ધસડાઇ ચૂક્યા હતા! એકબીજાના હૃદયનો ધબકારો એકબીજાની એ જ એક વાત ફરી ફરી કહી રહ્યો હતો—અનાદિથી આ જ રીતે જીવવા અને રહેવા તમે સર્જાયા છો.

રેવા વિચારી રહી હતી: હજારોમાંથી કોઇ એકાદના જ નસીબની પાંદડી ઊઘડે છે! હું ય કેવી ભાગ્યશાળી!

રેવા જે ઝંખતી હતી, જીવનની એ અદ્ભુત શક્તિ આજે

તેને લાધી હતી. જે શક્તિનો ઝરો અતાગ છે, તમામ પરિસ્થિતિ-ઓથી, બાહ્ય સૃષ્ટિથી પર છે, એવો ઝરો તેને લાધ્યો હતો! તે ચાહતી હતી, ચહાઈ રહી પણ હતી!

આ ઝરો સદા વહેતો હતો છતાં અદૃશ્ય હતો. જે સીસા જેટલો ભારે હતો છતાં સુવાસ જેટલો સૂક્ષ્મ અને હળવો હતો; ધરતીથી ય મહાન, અને વિશાળ છતાં અણુથી યે લઘુ હતો, જે માનવીને મહાનંદના મહેરામણામાં ડુબાડી શકે છે અને ઉંદરની પણ ઈર્ષ્યા આવે એવા દુ:ખગર્તમાં પણ ડુબાડી શકે છે. આવી અગમ્ય રહસ્યમયતાએ તેના હૈયાકાશમાં પોતાની પાંખો ઉઘાડવા માંડી હતી!

રાત પડતી હતી, પણ કોઈને હાલવાનું મન ન હતું: જે કક્ષાએ ઊભી તેઓ તાદાત્મ્યતા અનુભવી રહ્યાં હતાં. તેનો ભંગ કરવાનું એકેનું દિલ ન હતું. પ્રેમની પ્રાથમિક કક્ષામાંથી ઊંચે બંને વિહરી રહ્યાં હતાં. બાહ્ય સૃષ્ટિ તેની ગમે તેટલી વાસ્તવિકતા છતાં આ બેઉને સ્પર્શી શકતી ન હતી. રોજના જીવનઘર્ષણને ભૂલીને આજે તેઓ એવી એક તલ્લીનતામાં ડૂબી ગયાં હતાં કે જેમાં કેવળ દૃષ્ટિઓ જ ઘા જન્માવતી અને ઘા રુઝાવતી હતી!

બંને ઊઠયાં. આજુબાજુ ફર્યાં. એમની પાછલી સ્મૃતિ તાજી થઈ રહી હતી: બંનેને માટે એ વાસ્તવિક અને સત્ય ઘટના હતી. બંને ધીમાં અને શાંત પગલાં ભરતાં હતાં: એકબીજામાં ઓતપ્રોત થયેલા બે જીવો એક જ ઊર્મિમાં રત હતાં.

રેવા ઉપર કેવો ભારે હલ્લો થયો હતો? અને કેટલો વેગીલો? કશું સાફ પણ થયું ન હતું. આ સંદિગ્ધતા જ તેને વધુ ઘૃણાસ્પદ લાગતી હતી. પણ હલ્લો જેવોતેવો ન હતો. એ હલ્લામાં અદ્ભુત તાકાત હતી, અણખૂટ શક્તિ હતી. ભૂતકાળ આખાને

ભૂંસી નાખી કેશવ એકલાને સર્વસ્વ તરીકે સ્વીકારાવવાનો એમાં આવેગ હતો.

'રેવા ! સાચે જ એ તો મહાન સદ્‌ભાગ્ય ગણાય. મરી ગયેલો જાહેર થયા પછી પણ આદમી ઘેર પાછો ફરે, એવું તો ભાગ્યે જ બને.' પૂનમ બોલતી હતી.

'હા. મેં ય કાલે જ જાણ્યું.' ગુલાબ ટાપસી પુરાવતી હતી.

'તેં કયાંથી સાંભળ્યું ?' રેવા ગુલાબને પૂછતી હતી.

જવાબમાં પુનમ ને ગુલાબ બંને હસી પડયાં.

રેવાની આંખમાં આંસુ આવ્યાં. ગુલાબે એને પોતાની પાસે ખેંચી. 'પણ પહેલાંથી કેમ તેં કહ્યું નહિ ? મારા સિવાય આખી ચાલી જાણતી હતી. તું તો બાઈ ભારે છૂપું રાખનારી, હાલ મને દેખાડ તો ખરી. શંકરભાઈ! તમને તો જોવા જ જોઈએ ના ?'

અંધારે ઊભી ત્રણે સખીઓ વાત કરી રહી હતી.

'ગમે તેમ પણ મને કેટલું સુખ થયું, એ જાણ્યું ત્યારથી !' પૂનમ બોલી.

ગુલાબ પણ ઓછી સુખી ન હતી. રેવા તો સુખના ડુંગરમાં જ આવી વસી હતી ! ત્રણે સખીઓ આનંદ અને ઉમળકાભેર આગળ ચાલી. બારણું ઉઘાડયું અને દીવો કર્યો.

રેવાએ એમ કહ્યું હોત કે એ આદમી એનો ધણી ન હતો. પણ એનો 'યાર' હતો તોય કંઈ ભારે વાંધા જેવું ન થાત. એમાં કશું છુપાવવા જેવું ન હતું. જેમના સ્વામીઓ યુદ્ધરૂપી કતલખાનામાં ધકેલાઈ ગયા હતા એવી ત્યક્તા નારીઓનો આ ચાલમાં ટોટો ન હતો. એ સૌનું નસીબ સરખું હતું. સૌની નીતિ સરખી હતી. સૌની માન્યતાઓ સરખી હતી.

અને કેશવ તેનો સ્વામી હતો. એમ યે તે સહેજે ભય, શંકા વિના કહી શકતી હતી. કેમકે તે શંકર સાથે અહીં રહેવા આવી પછી અઠવાડિયા–દિવસમાં જ શંકરને જવું પડયું હતું.એ થોડા દિવસ દરમિયાન ભાગ્યે જ કોઇની સાથે કશી ઓળખાણ થઈ હશે.

પરંતુ રેવાએ કંઇ આ બધી ગણતરીઓને કારણે કેશવને પોતાના સ્વામી તરીકે ઓળખાવ્યો હતો એમ નહિ. પરંતુ જે જીવન તે થોડા વખતથી કેશવ સાથે જીવી રહી હતી તે અનુભવનો જ એ પડઘો હતો.

તે શંકર જ હતો કે કેમ એ સવાલ હવે ગૌણ બની ગયો હતો. તે જાણતી હતી કે કેશવ જુઠું બોલતો ન હતો. અને તેની પોતાની લાગણીઓ અને ઊર્મિઓ કંઇ જુઠી ન હતી. તો પછી ભલેને આખી દુનિયા પણ તેમને પતિપત્ની તરીકે જ ઓળખે ! — તે એ રીતે એમનું સુખસૌભાગ્ય નિર્વિઘ્ન રહેતું હોય તો અને શું રેવાને એવા સૌભાગ્યની તૃષ્ણા ન હતી?

સરકારી જિલ્લા પુસ્તકાલય

## : ૫ :

૧૬૮૨૯

પડોશીઓએ પણ એમને રાહત આપી. કેશવ રેવાનો પતિ છે. એમ સૌએ માની લીધું. બાળકો એને 'શંકરકાકા' કહીને સંબોધવા લાગ્યાં. મોદી, મોચી, કાછિયો—સૌએ રેવાને ધન્યવાદ આપ્યા. સૌએ એના ધણીને કપાઈ મૂએલો જ માન્યો હતો. પડોશીઓ બધાં શંકરભાઇને માન અને મમતાપૂર્વક બોલાવવા લાગ્યાં. એમાંની એકાદને તો શંકર ગમી પણ ગયો હતો. રેવા પોતે પણ હવે તેની સાથે તેની પત્ની તરીકે જ વર્તવા લાગી હતી. અને ધીમે ધીમે તેને મન એ સાવ સહજ બની ગયું હતું.

હવે રેવાએ કામ પર જવાની જરૂર ન હતી. તેનાં ધણીને સારું કામ મળી ગયું હતું. દર પખવાડિયે તે સીધો રેવાને પગાર આપી દેતો. અને પછી બાળકની જેમ હાથ લંબાવી ઊભો રહેતો. રેવા એને ખિસ્સા ખર્ચ આપતી.

પહેલાંની જેમ ભીંતને અડીને કેશવ સૂતો. પડખે રેવા. પહેલાંની જેમ. તે વહેલી ઊઠી સ્ટવ સળગાવતી; નાસ્તો–ચા તૈયાર કરી દેતી.

પણ ઉચ્ચારાયેલું વચન રેવાએ પાળ્યું હતું. એને ત્રીજો મહિનો જતો હતો.

કેશવ હવે રેવાને ચઢઊતર કરવા દેતો નહિ. પોતે શાક-ભાજી કે બીજા કંઈ કામે દાદરા ચઢતો-ઊતરતો. નોકરીએથી આવીને ઘરકામ કરવામાં લાગી જતો.

રેવા દિવસમાં હજાર વાર આનંદનો ઉમળકો ભરતી. જ્યારે જ્યારે તે તેના પોતાના આ આદમીને જોતી, એનો વિચાર કરતી, એની વાતો સંભારતી, એની નજરને તાજી કરતી અને એના જ બાળકને પોતે ધારણ કરી રહી હતી એનો ખ્યાલ કરતી ત્યારે ત્યારે એનું જીવન એક મધુરું ગુંજન બની રહેતું.

કેશવનો પ્રેમ પણ આવેગભર્યો હતો; સાથે સાથે મુલાયમ અને માતાના વહાલના જેવો રક્ષણદાતા હતો. ઘેર અને રસ્તે ફેક્ટરીમાં અને બીજે જ્યાં હોય ત્યાં તે રેવાને જ જોતો અને એનો જ અનુભવ કરતો. એની જિંદગી રેવામય હતી. એના રક્તે રેવાનું રૂપ ધારણ કર્યું હતું. એને પરમ સુખ હતું—રેવા એને ચાહતી હતી, એનું.

એણે હમણાં હમણાં ફેક્ટરી બંધ થયા પછી ઘેર આવી થોડું કામ કરવા માંડ્યું હતું; તેમાંથી એને થોડીક નવી આવક થતી. બાળકના સ્વાગતની આ તૈયારી હતી.

અથાગ શ્રમને અંતે ઘેર જતાં જ રેવાના દર્શનની નિશ્ચિત આશા તેના હૃદયમાં નીલસરવરના જેવી વિલસી રહેતી. કવચિત્ ઘેર આવતા રેવા ઓરડીમાં કે આજુબાજુમાં ન દેખાતી ત્યારે સમજી જતો કે તે એના પાછા આવતાં નાસ્તાની કશી જોગવાઈ કરવા સારુ જ ગઈ હશે

એક સાંજે કેશવ ઘેર આવ્યો છે. રેવા દેખાતી નથી, થોડીવારે તે પાછી ફરે છે. કેશવ એને ટગી રહે છે. એની આંખોનો નેહ રેવા પારખે છે અને આનંદનો ઉચ્છ્વાસ એની પોતાની લટોને જરા હલાવી જાય છે. કેશવ અગાધ તૃપ્તિ અનુભવે છે.

'તું ક્યાં ગઇ હતી ?'

જવાબમાં રેવાનો કંઠ આનંદના અવતાર સમો રણકે છે : 'મોચીને ત્યાંસ્તો. સરસ મઝાના બૂટ બનાવવા આપી આવી છું.'

કેમ જાણે આ શબ્દો એમ જ કહી રહ્યા હતા કે, 'હું તને મારી જિંદગીથી ય વધારે ચાહું છું.'

કેશવ યે રેવાને પોતાની જાનથી હજાર ઘણી વધારે ચાહતો હતો. આજ પહેલાં તો એને જિંદગી જેવું જ શું હતું ? અનંત અકળામણ અને વેદનાનો, એકલ અજંપાનો ગંજ જ કહો ને ?

આખા સમાજથી આ બે જણ જુદાં તરી આવતાં હતાં– એમને જુદાં પાડનાર હતી સુખની સ્વભાનતા. એને આધારે તો વર્તમાનને તેમણે જીતી લીધું હતું. હર નજરમાં જીવનનું ઊંડાણ અને આંતરિક મુલાયમતા એણે જ બક્ષી હતી.

આંતરિક પ્રણયના પ્રકાશમાં તેઓ તેઓ શારીરિકતાની એકતા સાધી શક્યાં હતાં. તેમને માટે જુદાઈનો કોઈ સવાલ ન હતો. જીવનને સર્વોચ્ચ શિખરે તેઓ પહોંચી ચૂક્યાં હતાં.

ક્ષુલ્લકતામાં પણ સમગ્રતાનું દર્શન થતું. રેવાના હોઠની આછી રેખા બદન ઉપર ધારણ કરતો કેશવનો નાનકડો રૂમાલ સભર પ્રેમનું સૂચક હતો.

વાચાની અહીં આવશ્યકતા ન હતી–એકેને એવી આવડત યે ન હતી. જીવનનો ધબકાર બેઉ મૂંગાં મૂંગાં અનુભવતાં હતાં. એમાં ગંભીરતા અને ભવ્યતા હતાં.

રેવા કામ કોરાણે નાખી કદી ઊભી થઇ જતી. અને એની સાથે જ કેશવ પણ 'ચાલ, બહાર જઈએ' કહી ઊભો થઇ જતો.

શહેરમાં માનવી હતાં. આજુબાજુ ખેતરો હતાં. હવા અને ઉજાસ હતાં. ઝાડ અને જંગલો હતાં–પણ એ બધું હતું,

કેમકે તેઓ બંને એકબીજાનાં હતાં.

એક સાંજે રેલવે લાઈન પર દૂર સુધી ફરીને પાછાં આવ્યાં ત્યાં તો પુનમડી તેમની ઓરડીમાં ડૂસકાં ભરતી આવી પહોંચી.

પૂનમડીનો બનેલી લડાઈમાંથી રજા લઈને ઘેર આવ્યો હતો. પેલા મોટર ચલાવનારને જોતાં જ એની આંખ ફાટી ગઈ. પૂનમડીની બહેન પાસે ખુલાસો માગ્યો હતો. અને પછી એક અક્ષરે બોલ્યા વિના તેણે હીંડતી પકડી હતી—પાછો લડાઈમાં પહોંચી ગયો હતો!

ત્રણે જણ દીવાના પ્રકાશમાં બેઠાં હતાં. પૂનમડી ડૂસકાં ભરી રહી હતી. રેવાએ એની આંખો લૂછી.

'કોને ખબર, એ છેક આવું કરશે?'

રેવાએ કેશવ ભણી નજર કરી. અને પછી તે પૂનમડી ભણી જોઈ બોલી: 'બીજું કરેય શું?' બોલતાં બોલતાં એનું ગળું જકડાઇ રહ્યું હતું. 'એ એની વહુ તો હતી ને?' તે જેમતેમ બોલી.

'એવું કંઇ નહિ. પેલી રાધાનો વર ઘેર આવ્યો ત્યારે શું થયું'તું? ઘરમાં હતો એ આદમી ચાલ્યો ગયો. બીજું વળી શું થાય? અરે, પેલા ખંડુનો દાખલો લો. એ ત્રણ અઠ-વાડિયાથી આવ્યો જ છે ને? ને તો ય પેલો તારમાસ્તર એને ઘેર જ રહે છે. સારી જગા બીજે મળશે ત્યારે ખાલી કરી જશે, વળી. અત્યારે તો ત્રણે ભેગાં જ રહે છે.'

'એવા યે હોય છે ને બીજા ય હોય છે, પૂનમ! પેલા ઘાસીરામે જ તો......એની બૈરીને અધમૂવી કરી નાખી. અને હવે બંને જુદાં થયાં છે. તું કહે છે એટલું સહેલું નથી, બાઈ, સહેલું નથી,' રેવાએ કહ્યું.

'પણ એમાં પેલી બિચારીઓનો શો વાંક? આપણો

અવતાર જ જુઓ ને! વાંક તો આ બળ્યા અવતારનો છે...ગમે તેમ, મારે તો એ એક દહાડો ઘેર આવશે......ને હું એમને પગે પડીશ......રેવા......ખરું ને?'

'પેલાં ત્રણે ભેગાં રહે છે? એક ઓરડીમાં સાથે-એમ તેં કહ્યું, નહિ?' એમ બોલતી રેવાએ કેશવ ભણી નજર નાખી.

કેશવ મૂંગો જ રહ્યો. એની આંખો આ ઓરડીમાં ન હતી.

શી માલૂમ, રેવાની ય છાતી ધડકી રહી હતી.

'હું તો એમને પગે પડીશ. એટલી દયા નહિ આવે, રેવા?' પૂનમડીના ચિંતાતુર ચહેરા ઉપરની આંખોમાં આંસુ ચમકતાં હતાં. 'શંકરભાઈ, હાલો ચા બનાવી આપું—બળી એ બધી વાતો. બનાવું ને, રેવા?' એમ બોલતી પૂનમડી ઊભી થઈ અને હસી પડી.

સૌ વિષાદમાં હોય ત્યારે પૂનમડી હસીને વાતાવરણને હળવું બનાવતી. કવચિત્ ઊંધું પણ થતું. સૌ ખડખડાટ હસતાં હોય ત્યારે એ ધ્રૂસકે ધ્રૂસકે રોઈ પડતી. વાતાવરણની એના ઉપર તરત જ અને જબ્બર અસર થતી. પણ વળી પાછી તેને સપાટી ઉપર આવી રહેતાંય વાર લાગતી નહિ.

કેશવની આંખો એ વખતે દૂર દૂરના યુદ્ધપ્રદેશ ઉપર પહોંચી ગઈ હતી. એ ઊભો થયો અને ઓજારો લઈ બેઠો, અધૂરું કામ પૂરું કરવા.

રેવા કેશવની અકળામણ કળી ગઈ. પણ કશો ઉપાય ન હતો. હાથમાં લીધેલા કામમાંથી એને છોડાવે એવું કોઈ ન હતું.

નસીબનો પાંખો જાણે તેમને થપાટ લગાવી ગઈ હોય એમ તેઓ કંપતાં હતાં. આખી રાત હૈયે હૈયું અડાડી 'જીવન કે મૃત્યુ જે આપે તે, ભગવાન, અમને ભેગું આપજે, પણ વિખુટાં ના પાડીશ'-ની ભાવનાભર્યાં બંને જણાં પડી રહ્યાં.

આઠેક દા'ડા પછી પૂનમડી ખબર લાવી કે તેના બનેવી લડાઇમાં કપાઈ મૂઆનો કાગળ આવ્યો છે. બસ આવી બન્યું. સૌ પૂનમડીની બેન ઉપર તૂટી પડયાં. સૌએ એને વગોવી ને ભાંડી. ધણીને એણે હાથે કરીને મારી નાખ્યો હતો! પેલો મોટરડ્રાઇવર પણ ભોંઠો પડી ગયો. એ પછી ય તે ઘરમાં રહેતો ખરો પણ ખાસ જરૂર વિના એના મોમાંથી શબ્દ સરખો નીકળતો નહિ.

બીજું તો શું? પણ આવે વખતે થોડાં અઠવાડિયાં જાળવી લેવું પડે છે. પછી પાછું બધું થાળે પડી જાય છે.

રેવા ખાટલા ઉપરથી એકાએક ઊભી થઈ જઈ કબાટ આગળ આવી પહોંચી હતી અને કોણ જાણે ઊંડી નજરે કશુંક જોઈ રહી હતી.

અને થોડી વારે એણે પેલું ચાર વરસ પહેલાંનું, લગભગ ઘસાઇ જવા આવેલા અક્ષરોવાળું, લશ્કરી અમલદારનું લખેલું કાર્ડ—જેમાં તેના પતિના કપાઇ મૂઆના સમાચાર હતા તે—હાથમાં લીધું અને કેમ જાણે પાછળથી કોઇકે ખંજર ન ભોંકયું હોય એવી લાગણી અનુભવતી તે ત્યાં જ ઊભી રહી ગઇ. અને યંત્રવત્ અક્ષરો વાંચી રહી.

પણ એના આવવાનો વખત થઇ ગયો હતો...અને એ વિચારે તે શાંત પડી. 'મને લાગે છે કે મારાં લગ્ન પહેલાંની ય બધી વાતની તમને ખબર છે?'

અલબત્ત, રેવાને ય ખબર હતી કે કેશવ બધું જ જાણતો હતો. છતાં એણે પુછ્યું હતું. દુનિયામાં બીજા કોઈના પણ કરતાં કેશવ રેવા વિષે વધારે જાણતો હતો, કદાચ રેવા પોતે જાણતી હશે તેનાથી ય વધારે. કેમકે એ એને એટએટલું ચાહતો હતો. કેમ જાણે રેવાને ય એની જ આરત હતી, આટલી જિંદગી કેમ જાણે એને માટે જ ઝૂરી હતી! એના સિવાયનું બીજું બધું

અશક્ય હતું...અચિંતનીય હતું.

૧૯૧૪ના સપ્ટે...ની...૪થી તારીખ! અને આ એક પોસ્ટકાર્ડ માત્ર એની એંધાણીરૂપે રહ્યું હતું! ખરી વાત શું? આણે તો કહ્યું હતું કે અમલદારની ભૂલ થઈ હતી. શું ખરેખર ભૂલ થઇ હશે? શાની ભૂલ? કેવી ભૂલ?

અને એનાં અંગ એટલાં તો થાકી ગયાં, એનું માથું એવું તો ભમી ઊઠ્યું, કે ખાટલા સુધી પહોંચતાં એણે ટેકા લેવા પડ્યા!

ખાટલા પર એ પડી અને ધસઘસાટ ઊંઘી ગઇ.

ગાઢ ઊંઘમાં એની કાયા આરામ લઇ રહી હતી. સ્વપ્નનું નામ ન હતું. પોસ્ટમેને જરાક ટકોર કરી એક કાગળ અંદર સરકાવી દીધો.

એક સેકન્ડના સોમા ભાગના વખતમાંય સ્વપ્નું આવી ગયું! એના આરામ ઉપર પાછો હલ્લો થઇ ચૂક્યો. જાણે વજ્રનો આઘાત થયો. તે બેબાકળી બની બેઠી થઇ ગઈ, કંપી ઊઠી અને બારણા આગળ પહોંચી. જમીન ઉપર શંકરના હસ્તાક્ષરવાળો એક કાગળ પડ્યો હતો. પણ એ સીલબંધ હતો. તારથી બાંધેલો હતો. અરે ઉપર ખીલીઓ જડેલી હતી!

વાંચવો કેવી રીતે? એ પહેલાં તો એ આવી પહોંચશે! ચાલો સારું થયું—મારે ન વાંચવો પડયો તે. એ આવીને તાર તોડશે. ખીલીઓ ઉખાડીને વાંચશે. હા—વાંચશે; પછી? પછી સત્યાનાશ! કશું જ બાકી નહિ રહે! એને આવવાનો વખતે ય થઈ ગયો છે. ઉફ્!!

તાર તોડવાનો પ્રયત્ન કર્યો પણ હજી ઘણા તોડવાના બાકી છે. ચાલો, એ ય સારું છે—કોઈ વાંચી જ નહિ શકે! અને 'લાવ હજી થોડું ઊંઘી લઉં' કરીને એણે કાગળ હતો તેમ મૂકી દીધો.

અને તે જાગી ઊઠી. ખરેખાત, એ સ્વપ્નમાં જ હતી. કાગળને

તાર અને ખીલા જડ્યા હતા, એ સ્વપ્નુ જ હતું. આ હજી પેલો પડયો. હું સ્વપ્નમાં જ હતી !—આ ઊભી થઇને લઈ લઉં એટલી વાર.

અને તે બારણે પહોંચી. નીચે વળી તેણે કાગળ ભણી જોયું. અને ત્યાં શંકર દેખાયો. ઉફ્ ! તેજની આખી દીવાલ સમો સામે જ ઊભો હતો ! એને માથું ન હતું, આંખો ન હતી છતાં રેવાની સામે હસી રહ્યો હતો ! અને અદૃશ્ય એવા મુખદ્વારા બોલી રહ્યો હતો—'લાવ, ચમચો લાવ.'

અને એણે એને પેલો જૂનો ચમચો આપ્યો. શંકર—માથા વિનાનો શંકર જમવા બેઠો.

ઉફ્! વળી પાછું સ્વપ્નું જ ! ! મારાથી નથી સહેવાતું હવે જાગવું જ જોઇએ. છૂટકો જ નથી. જાગવું જ જોઇએ.

વળી પાછી તે ઊંઘતી જ પડી હતી. શંકર—માથા વિનાનો શંકર જમતો હતો. તે ખાતાં ખાતાં પ્રેમભર્યું હસતો હતો, બેની ભણી જોતો હતો અને બોલતો હતો : 'કાંઇ વાંધો નહિ. હું બધું સમજું છું. એમ જ બને ને? ઊંઘી લે, હજી થોડું ઊંઘી લે.'

અદ્ભુત શાંતિ એણે અનુભવી. અને એને લાગ્યું કે વળી પાછી તે ઊંઘી રહી છે. મજેથી ઘસઘસાટ ઊંઘી રહી છે.

સેકન્ડના દસમા ભાગમાં—પોસ્ટમૅને કાગળ નાખ્યો ને તે નીચે પડયો ત્યાં સુધીમાં આ કલાકો લગીનું સ્વપ્નું પૂરું થઇ ચૂક્યું હતું !

પોસ્ટમૅનના જોડાના અવાજે તે જાગી ગઇ હતી અને શંકરનો પત્ર આવ્યાનું સ્વપ્નું અનુભવી રહી હતી—એને ભાન આવ્યું.

એનું હૈયું થાકી ગયું. હજી જાણે સ્વપ્નું જ ન હોય, એમ તેને લાગતું હતું. હજી કાગળ જમીન ઉપર પડયો હતો.

કવર ઉપર પરદેશની છાપ હતી અને કંઇ કેટલા લાલ

પેન્સિલ અને શાહીના ચીતરડા હતા. કંઈ કેટલા સિક્કા વાગેલા હતા.

લગ્ન પહેલાં એકવાર એને સ્વપ્નું આવ્યું હતું કે માનો કાગળ આવ્યો છે. મા તો વરસો થયાં સાધુડી બની ગઈ હતી અને વરસો થયાં તેણે કદી કાગળ સુદ્ધાં લખ્યો ન હતો. પણ સાચેસાચ એ દિવસે કાગળ આવ્યો હતો.

પહેલો વિચાર તો કાગળ વાંચ્યા-કર્યા વિના બાળી નાખવાનો આવ્યો, અને તે થીજેલા પગે દેવતા ભણી વળી. પણ હાથે હાથનું કામ પતાવ્યું. પરબીડિયું ઉઘાડ્યું—

'વહાલી રેવા..., ખબર નથી, આ બોટ મને કયાં લઈ જઈ રહી છે. આ બખોલમાં ભરાઈ રહી રેબઝેબ થઈ રહ્યો છું. ખબર નથી ક્ષણ પછી આ આખી બોટનું શું થયું હશે. ગઈકાલે આવી બે બોટોના ભુક્કા ઊડી ગયા હતા. એમ થાય તો...? તો મળવાનું સદાને માટે ગયું! આ કાગળ એક જણને ઘેર જવા રજા મળી છે એની સાથે મોકલું છું. તને કદી પણ એ મળી જાય, તો એટલું યાદ રાખજે કે તારો શંકર તારે માટે હજી ઝૂરે છે. અને તારી સાથે વળી પાછો આપણો નાનકડો સંસાર લઈ જીવવા ઝંખે છે. અહીં ખાવાપીવાની તો મોજ છે...ચિંતા ન કરીશ.'

ત્રણ મહિના પહેલાંનો કાગળ છે. રેવા વાંચીને કેવળ ડરી ગઈ. કોઈ ભયંકર દુર્ગંધ એ કાગળમાંથી આવી રહી હોય, એમ રેવાને ઊલટી થવા જેવું થયું. અને એણે કાગળ છાજલી ઉપર મૂક્યો. પરબીડિયામાંથી કાગળ જરા બહાર ડોકાઈ આવ્યો. રેવાએ એને બરાબર અંદર ધકેલી દઈ પાછો મૂકી દીધો.

પેટમાં બાળક સળવળાટ કરી રહ્યું હતું. તે ઘી-તેલ લેવા મોદીને ત્યાં દોડી. શંકર ગમે ત્યારે આવી પહોંચશે? પણ અત્યારે દુકાન ઉઘાડી હશે? શંકર ઘેર આવતો ત્યારે કેવો ભૂખ્યો હોતો? અને આજે તો એનો કાગળ આવ્યો હતો. લાવ હજી થોડું જે

કંઈ મળે તે લઈ આવું. ઓહ! એ પેલી બીજી બોટમાં હોત તો કદી મોં મેળાપ યે ન થાત...હં!...પેલા દૂધવાળાની દુકાન તો અત્યારે ઉઘાડી હોય છે.

અને વિચારમાં ને વિચારમાં તે બહાર નીકળી પડી. પહેલો દાદર ઊતરી પડી. પણ વળી પાછું કંઈક યાદ આવ્યું ને પાછી ફરી. બારણું ઉઘાડયું. પેલો કાગળ ઉપાડયો–વાંચ્યો. જરૂર ભૂલ હોવી જોઈએ. કાગળનો એક કટકો જ હતો. પેન્સિલના ઝાંખા ઝાંખા અક્ષરો પડેલા હતા. જાણે કોઈ જિંદગીની વાત ન હોય! પેલા લશ્કરી અમલદારે મોકલેલા કાર્ડની જેમ જ આ પણ...! ઓહ! કેટલાં બધાં વરસ વીતી ગયાં! આજે...એની જિંદગાની જ્યારે સાવ સ્વાભાવિક, ભરીભરી અને ખૂબસૂરત બનીને વહેવી શરૂ થઈ હતી ત્યારે આ કાગળના શબ્દો એને શી રીતે ભૂંસી નાખી શકે?...'તારો શંકર તારે માટે હજી ઝૂરે છે...' એ શબ્દો આ જિંદગીના હતા કે પેલી વરસો પહેલાંની જિંદગાનીના?

ઓહ! એ કયાં જઈ પહોંચી એટલામાં! એ દાદરા ઊતરી પડી! આ દુકાન યે આવી પહોંચી! આ બધું કેવી રીતે બન્યું? હજી એના મનમાં તો, ઓરડીમાં પેલો કાગળ વાંચતી ખાટલા ઉપર જ બેઠેલી છું—એમ છે. અને એણે અમૂંઝણમાં જોરથી ડોકું ધુણાવ્યું.

'રેવાબેન, કેમ આજે અત્યારે? તબિયત ઠીક નથી કે શું?' દુકાનદારે જવાબની રાહ જોયા વિના જ ઉમેર્યું: 'બિચારી ...' અને વળી બોલ્યો: 'શંકરભાઇ હજી હમણાં જ ગયા. હજી મિનિટે નથી થઇ.'

'કેમ એ કેમ આવ્યા 'તા?'

'દૂધનું જ પૂછતા'તા–તમે લઈ ગયા કે નહિ. લો આ છે એટલું આપું છું. આજે તો વધારે નથી.'

રેવા કશું સાંભળતી ન હતી. પોતે ઘેર પહોંચશે ત્યારે એ પહોંચી ગયેલ હશે. એ વિચારે એને ટાઢક વળી.

કેશવ બારણે ઊભો હતો. એની ચિંતાનો પાર ન હતો—

એણે હમણાં હમણાં ફેક્ટરી બંધ થયા પછી ઘેર આવી થોડું કામ કરવા માંડયું હતું; તેમાંથી એને થોડીક નવી આવક થતી. બાળકના સ્વાગતની આ તૈયારી હતી.

અથાગ શ્રમને અંતે ઘેર જતાં જ રેવાનાં દર્શનની નિશ્ચિત આશા તેના હૃદયમાં નીલસરોવરના જેવી વિલસી રહેતી. ક્વચિત્ ઘેર આવતાં રેવા ઓરડીમાં કે આજુબાજુમાં ન દેખાતી ત્યારે સમજી જતો કે તે એના પાછા આવતાં નાસ્તાની કશી જોગવાઈ કરવા સારુ જ ગઈ હશે.

એક સાંજે કેશવ ઘેર આવ્યો છે. રેવા દેખાતી નથી. થોડીવારે તે પાછી ફરે છે. કેશવ એને ટગી રહે છે. એની આંખોનો નેહ રેવા પારખે છે. અને આનંદનો ઉચ્છ્વાસ એની પોતાની લટોને જરા હલાવી જાય છે. કેશવ અગાધ તૃપ્તિ અનુભવે છે. સુવાવડ વહેલી આવી ગઈ હશે! કંઈ ભારે મુશ્કેલી આવી હશે... કસુવાવડ તો જીવલેણ...અને એના શરીરે કંપારી અનુભવી. અને એણે પોતાની જાતને રેલના પાટા ઉપર સૂતેલી જોઈ. ટ્રેન ધસમસતી આવી રહી હતી. છાતી અને હાથ વડે તે બચી જવા તડફડ કરી રહ્યો હતો. જાણે થોડી જ ક્ષણો બાકી હતી...રેલગાડી!—નસીબની ગાડી જ તો! ગમે તે રીતે ઊગરી જ જવું રહ્યું.

ત્યાં તો દાદર ઉપર પગલાં સંભળાયાં. એણે પારખી કાઢયાં. દુનિયા આખીમાં એનાં પગલાં ઓર જ હતાં. એના આનંદનો પાર ન રહ્યો. આવી...આવી...કયાં ગઈ હતી?

બારણામાં સામસામાં ઊભાં છે—એકબીજાને ટગી ટગીને જોતાં!

'એમનો...કાગળ આવ્યો છે.'

'માન કે એ કોક બીજાની સાથે રહેતી હોય'—બંને દોસ્તો મેદાનમાં સૂતા છે. ઘાસનું તણખલું મોઢામાં ચવાય છે, એ ક્ષણની યાદ આવે છે. એ વખતે પોતે કરેલો સવાલ યાદ આવે છે. 'તું તો ગજબ છે. તારી તો જીભ જ ઠેકાણે રહેતી નથી. રેવા માટે એ અશક્ય છે...હું કહું છું...' શંકરનો જવાબ પણ યાદ આવે છે. અને જાણે શંકર પાવડો ઉપાડી રેવાના માથામાં વીંઝતો હોય એમ જુએ છે.

પણ રેવાનો શો વાંક છે? એણે એને ક્યાં દગો દીધો છે? આ તો સાવ જુદું જ છે.

બંને અંદર પેઠાં.

'હવે...?' બંનેના મોંમાં વણબોલાયેલો આ એક જ શબ્દ છે. અને એનો જવાબ કેશવ રેવાના મોં ઉપર વાંચે છે—'ગમે તે થાવ. બીજું કશું જ શક્ય નથી. મારી નાખશે? તો ય હું તલપૂર પાછી હઠનાર નથી.'

ત્યારે કેશવ યે કંઇ પીછે હઠ કરે એવો ન હતો. એ તો પુરુષ હતો. એણે હજાર વાર હજાર જોખમોનો વિચાર કર્યા પછી જ જે કાંઈ પગલું ભર્યું હતું. મૃત્યુ! ભલે...પણ હવે પાછાં પગલાં શક્ય નથી.

અને આ બંનેના દિલની આ મૂક વાતો અંધારું એમને ઘેરી વળ્યુ ત્યાં લગી એકબીજાને ફરી ફરી કહ્યા કરી. કોઈએ કશું છુપાવ્યુ નહિ. આ નારી આગળ ખુલ્લંખુલ્લા સ્વરૂપે—પોતાની ઊર્મિઓ કેવી રીતે તેનામાં એકાગ્ર થતી થતી આખરે કઇ હદે પહોંચી હતી. તે બધું કહી બતાવતાં કેશવને બેહદ આનંદ થયો.

વચમાં વચમાં રેવા કશુંક પૂછતી. કેશવ પોતાની જાતને જ જવાબ આપતો હોય એવી સરળતાથી બોલતો હતો—

'એક દહાડો શંકરે કહ્યું—'એક આદમીને એની સ્ત્રી કેટલી

વહાલી હોય છે? રેવા મને એટલી બધી વહાલી છે. એને પણ એવું જ છે.' બસ—એ શબ્દો મેં સાંભળ્યા ને બીજી જ ક્ષણે મેં તને જોઇ. રેવા. ક્યાં? પેલા આંબાવાડિયામાં. તું ત્યાં ઊભી હતી—રાહ જોતી હતી. સાંજ પડી ગઇ હતી, તું એકલી જ હતી—તું રાહ જોતી ઊભી હતી.....સાચે, રાહ જોતી જ. કેમ જાણે તું આ ધરતી પર ન હતી, બસ, બીજી ક્ષણથી તું મારી સાથે હતી. રાત ને દિવસ મેં કેવળ તને જોયા જ કરી છે. એ ક્ષણથી હું તને રજેરજ ઓળખતો થયો છું.'

રેવાની આંખો બંધ થઈ. તે કેશવને અડીને ઢળી પડી. અડોઅડ ગાલ ભેટી રહ્યા. એ નિરવધિ આનંદના ઓઘમાં જીવન અને સમય શાંત-મૂક બની ઊભાં હતાં. કેટલાં માનવીને આવું સુખ મળતું હશે? પૂરી દસ પળો તો વીતતી નથી ત્યાં તો જિંદગીની વાસ્તવતાઓ વચ્ચે આવી ઊભે છે અને જિંદગી એનો આંધળો ચકરાવો લેવા મંડી જાય છે!

'એ મને જવા નહિ દે, તોય અમારાથી તો કંઇ સાથે રહી શકાવાનું નથી જ.'

'આખરે એમ જ કરવું પડે...' કેશવ બોલતો બંધ થઇ ગયો. અને મરણ સામે પણ ઝૂઝવાની તૈયારી બંનેના ચહેરા ઉપર પ્રગટી ઊઠી.

સાંજનું વાળુ પતી ગયું. કેશવ કામે લાગ્યો પણ આજે કશામાં એકેનો જીવ ચોંટતો નથી. આ બધાં રોજિંદાં કામો આજે સાવ અર્થવિહીન થઈ જતાં હોય એમ લાગે છે. કેમ જાણે આખી જિંદગી કોક પ્રતીક્ષાની પાછળ જ ટીંગાડી રાખવાની ન હોય! જીવન કેવળ પ્રતીક્ષા જ બની રહ્યું છે—અને એય જીવન આખાને ભરખી ખાય એવી જ પ્રતીક્ષા!

કેશવ કામ પડતું મૂકી ઊઠ્યો. શંકરનો કાગળ પાછો વાંચ્યો.

અને બંને હાથની મુઠ્ઠીઓ ઉપર માથું ટેકાવી ખાટલા ઉપર બેસી પડ્યો.

'આ બખોલમાં ભરાઈ રહી રેબઝેબ થઈ રહ્યો છું. ખબર નથી ક્ષણ પછી આ આખી બોટનું શું થયું હશે...ગઈ કાલે જ... અને કેશવના ચિત્તમાં એક લોહીનું મોજું ધસી આવે છે. તે બબડ્યો : ' કદાચ...' બસ વધુ ન બોલી શક્યો.

રેવા ન બોલાયેલા શબ્દો કળી ગઈ. અને તેણે માથું નીચું નાખી દીધું.

કેમ જાણે બંનેએ ઊંડાણમાં 'ગુનેગારી'નો એક ડાઘ અનુભવ્યો.

પણ જેવી બંનેની નજર ઊંચી થઈ અને એકબીજા સાથે મળી, તેવું જ પ્રેમનું અતાગ રહસ્યમય ઝરણ વહી રહ્યું. શંકરનો કશો અધિકાર ન હતો. અને તરત જ બંનેના ઊંડાણમાંથી ગુનેગારીનો પેલો ડાઘ અદૃશ્ય થયો—શંકરના મૃત્યુની સ્પૃહા સાવ ભૂંસાઇ ગઈ. અને એને સ્થાને જે કાંઇ ભોગ જાતે ધરવા પડશે એ ધરવાની તૈયારી ઝબકી ઊઠી.

બંને વચ્ચેનું આખરી જોડાણ જામી ગયું હતું. એ જોડાણની નીચે જોખમો ઓછાં ન હતાં; એની પાછળ સત્યાનાશ અને તોફાનના ઓળા જેવાતેવા ન હતા! અરે! મૃત્યુ ય ક્યાં ડોકાઇ રહ્યું ન હતું?—પણ—એ તમામની ઉપર વિજય મેળવવાની તાકાત પણ એ જોડાણમાંથી જ તેમને લાધી હતી.

નવેમ્બર શરૂ થયો. ઠંડીનાં જબરજસ્ત મોજાંઓની સાથે લશ્કરી ટુકડીઓનાં મોજાં પણ વહેતાં થયાં. કેદીઓની ફેરબદલી પણ શરૂ થઇ ચૂકી હતી. શું કહેવાય?—શંકર કઈ ક્ષણે બારણું નહિ ટકોરે? હા...કદાચ મહિનો ય લાગે, વરસેય થઈ જાય... અથવા...સદાકાળને માટે...ન યે આવે!

કેશવના મનની અંદરનું તોફાન વધી રહ્યું હતું. વિચ્છેદ! કાચની જેમ જીવનના ય ટુકડા જ થવા બાકી હતા! રેવા જે થવાનું હોય તે જલદી પતી જાય—મરવાનું હોય તો એ ય પતી જાય—એમ ઇચ્છી રહી હતી. આ અસ્થિર દશા એને અસહ્ય હતી.

પડોશીઓ વાત કરતાં હતાં—ફલાણીને ત્યાં એનો આદમી પાછો આવ્યો છે. હવે ભારે રમખાણ થવાની વકી છે. પેલા આદમીએ રિવૉલ્વરથી બદલો લેવાની ધમકી આપી છે.

કેશવ રોજ સાંજે ઘેર પાછો ફરતો ત્યારે અસ્વસ્થતા અને ચિંતા એને કોરી રહેતાં—શંકર ઘેર આવી પહોંચ્યો હશે! દિવસે કામ કરતાં પણ આ ખ્યાલ એને કોરી ખાતો. એની વેદનાનો પાર ન હતો. ઘેર આવી બધું સુખરૂપ જોતો ત્યારે જ જીવ હેઠો બેસતો. પણ સવારથી પાછી દ્વિધાની કરવત શરૂ થઇ જતી.

એક દિવસ બસમાં બેસી કામે જતો હતો. સામેથી એક બસ પસાર થઈ. 'જરૂર શંકર જ!' અને એ બસમાંથી ઊતરી પડયો. પેલી બસની પાછળ બીજી બસ પકડી દોડયો. એને લાગ્યું કે શંકર જ છે...ઘેર પહોંચી ગયો છે.

અને હાંફતો ફિક્કો પડેલો કેશવ ઘરમાં દાખલ થાય છે... રેવા એને જોતાં જ હબકી પડે છે. કેશવ હમણાં જ જાણે ચક્કર ખાઈ ઢળી પડશે! આ શું? અત્યારે ઘેર પાછો?

અને કેશવ રેવાને સ્વસ્થ–શાંત જુવે છે. એની પાસે મૂંગો મૂંગો ઢસડાય છે. રેવાનું માથું પોતાની છાતી સરસું લે છે અને એને સૂંઘતો, ચૂમતો અશ્રુપ્રવાહથી અભિષેકતો ઊભો જ રહી જાય છે.

: ૬ :

ટ્રેનના ડબ્બા સ્ટેશને સ્ટેશને આદમીઓથી ભરાતા હતા અને ઠલવાતા હતા. સોલ્જરો ઘેર પાછા ફરી રહ્યા હતા. છુટકારો ભોગવેલા કેદીઓ આનંદની કિકિયારીઓ કરી રહ્યા હતા. સાડા-ચાર વરસ ! સૌ એ ભયંકર, જીવલેણ, ખૂનખાર સાડાચાર વરસની સ્મૃતિ તાજી કરતા હતા. યુદ્ધના મોરચા પર ગુમાવેલા સાથી-દારો અને રઝળતાં મૂકેલાં કુટુંબીઓની યાદ કરતાં ગળાં ગદ્દગદ્દ બનતાં હતાં. પણ વળી પાછો પુનર્મિલનનો ભાવ એમનામાં નવી ચમક પેદા કરી જતો હતો. વિવિધ ભાવોની રમઝટ જામી હતી—હર્ષ અને શોકની સીમાઓ આ ડબ્બાઓમાં ભેગી થઇ હતી.

ઘડીકમાં આશ્વાસન તો ઘડીકમાં હસાહસ અને તોફાનનાં મોજાંઓ ફરી વળતાં હતાં. ઘડીકમાં દિલોજાન દોસ્તીસૂચક ગુફતગો તો ઘડીકમાં મારામારીના અવાજ ઊઠતા હતા !

શંકર પણ સૌ સોલ્જરો અને કેદીઓની વચ્ચે, આ સૌ ભાવોની વચ્ચે ઘર ભણી જઇ રહ્યો હતો. સૌ ઘર ભણી જઇ રહ્યા હતા. એ સૌના દિલમાં જુદું હતું, મોં પર જુદું હતું. સૌની વાતો સૌ સાંભળતું અને છતાં સૌ એ બધો વખત પોતાનામાં જ ડૂબેલા રહેતા ! શંકર—છેવટના દિવસોમાં પગે ઘવાતાં

લંગડો બનેલો શંકર—આ જ મેળાની અંદર બેઠો બેઠો પોતાના ઘર ભણી જઈ રહ્યો હતો.

કોઈ પોતાની પ્રિયાનો પત્ર બહાર કાઢતો તો કોઈ તેનો ફોટો; કોઈ કુટુંબ આખાના ફોટાઓ મિત્રમંડળીમાં બતાવતો તો કોઈ પોતાના બિસ્તરા ઉપર પડયો બધો તમાશો જોયા કરતો. આંખો સામે રેવાને હૂબહૂ ઊભેલી જોવા એણે ફરી ફરી પ્રયત્નો કર્યા પણ વૃથા ! કેમ જાણે આંખો સામે ન આવતી રેવા જીવન આખા સામેથી સરકી ગઈ હતી ! શંકર કેમે કર્યો રેવાની મૂર્તિને ખડી કરવા માગતો હતો. મૂર્તિ કેમે કરી સામે ઊભવા તૈયાર ન હતી!

પણ શંકર દૃઢ દિલનો આદમી હતો. એનું શરીર પડછંદ હતું. લડાઈના ત્રાસે એના ઉપર સારો એવો ઘસારો આણ્યો હતો પણ તો ય એની કૌવત હજી અદૃશ્ય થઇ ન હતી. અને એના મન ઉપર પણ ઓછા ઘસારા ન હતા પડયા, છતાં હજી એ દૃઢ દિલનો જ રહ્યો હતો. 'રેવા!'—એ એક જ શબ્દ, એ એક જ કલ્પના એની બધી કૌવત અને બધી દૃઢતાને આજે તાજગી બક્ષી રહી હતી.

ગાડી ઊભી રહી. ગાર્ડ એના ડબા આગળ આવી ગાળોનો વરસાદ વરસાવી રહ્યો હતો. તોફાન? સાડાચાર વરસે જમના પંજામાંથી જીવતા આવેલા સોલ્જરો અને કેદીઓ સ્ટેશને સ્ટેશને ઊતરતા હતા. ગાર્ડની ગમે તેટલી સીટીઓ છતાં 'ટેમ સર' પાછા ચઢી જતા ન હતા. સાંકળ ખેંચી ટ્રેન ઊભી રાખતા હતા. ઍન્જિન સામે જઈ ટોળું વળી ઊભા રહેતા હતા. ગાર્ડને પજવવામાં બાકી રાખતા ન હતા. પણ આ તો સાડાચાર વરસે જિંદગીની હયાતિની ખાતરી કરતા જુવાનોનું વર્તન હતું.

ગાર્ડ ધૂંધવાતો હતો. કોકે વધારે ચીડવ્યો. ગાર્ડે ઉઠાવીને ધોલ લગાવી દીધી. પછી તો પૂછવું જ શું? શંકર પણ છલાંગ

મારી કૂદી પડયો. એણે ગાર્ડની ગળચી પકડી. એક ક્ષણમાં એનો જીવ ઊડી જશે! એક ક્ષણમાં પોલીસ-પાર્ટી આવી પહોંચશે! એક ક્ષણમાં ફાંસીના માંચડાની નસિયત એની ઉપર ઊતરી પડશે! કેવળ એક ક્ષણની જ વાર હતી! રેવાને મળવામાં ય થોડી જ ક્ષણની વાર હતી. એ થોડી ક્ષણની વચમાં આ એક ક્ષણ આવી પડી સદાને માટે પેલા મિલનને ભૂંસી નાખવાની હતી.

સદ્‌ભાગ્યે કોક વચમાં પડયું. બધું પતી ગયું. સાચે જ ગાર્ડ અને શંકર બંને સદ્‌ભાગી હતા. એ સ્ટેશન પછી ગાર્ડ ફરી દેખાયો જ નહિ.

શહેરની સીમા શરૂ થઇ ગઇ હતી. મિલોનાં ભુગળાં ધુમાડો કાઢતાં સૌને આવકારી રહ્યાં હતાં. પહેલું પરું વટાવી ટ્રેન બીજે સ્ટેશને આવી પહોંચી. હવે આવનાર હતું શહેરનું મુખ્ય સ્ટેશન. શંકરને આ બીજે સ્ટેશને ઊતરવાનું હતું. સૌને રામ રામ કરી એ ઊતર્યો. સૌને આખરનું ભેટી લીધું, હસી લીધું ને પતાવ્યું. માઇલેક ચાલવાનું હતું. બસ-સરવીસ કોણ જાણે કયાં લઇ જતી હશે! એના કરતાં ચાલી નાખવું સારું. પગ લંગડાતો હતો પણ બસમાં અથડાવા કરતાં ચાલી નાખવું જ સારું! અને એણે બિસ્તરો ખભે નાખી કદમ ભર્યાં.

લત્તો એ જ હતો. મકાન પણ એ જ હતું. સાડાચાર વરસ પહેલાં નવું, ચમકતું હતું, એને ઠેકાણે આજે ધુમાડિયું અને કાટ ખાઇ ગયા જેવું લાગતું હતું. પણ મકાન—ચાલી—માળો એ જ હતો. નીચે નળ આગળ થોડી બાઇઓ ઊભી હતી સૌ આ આદમીને પગથિયાં ચઢતો જોઈ રહી. એકે ટીખળ કરી પૂછ્યું: ‘લંગડશા, કયાં જશો!’ બીજીએ ઉમેર્યું: ‘હશે એને લાયક યે કોઇ અપ્સરા.’

શંકરનો પિત્તો ઊછળી રહ્યો. તેણે કશો જવાબ આપ્યા વિના

ઉપર જવા માંડયું. પહેલે દાદરે ચઢતાં પેલા મોટરડ્રાઈવરનો ભેટો થયો. એણે પૂછ્યું : 'કોને શોધો છો ?'

'બીજા કોને ? મારી વહુ, મારી ઓરત રેવાને...'

અને નીચેથી બધું સાંભળતી અને જોતી પેલી ઓરતો ખડખડાટ હસી પડી. એક જણ બોલી : 'પણ રેવા તે કંઈ બે-ચારની સાથે તો નહિ પરણી હોય ને !'

શંકર ચિડાઈને આગળ પગથિયાં ચઢવા લાગ્યો.

પગે ખોડંગતા આ આદમીનો વેશ, એના મોં પરનો થાક, એની ધૂળભરી ભૂરી પાંપણો, એનો બેવડ વળેલો ખભો—આ બધું જાણે, સાડાચાર વરસથી પગે ચાલી ચાલી માત્ર આ ઘરની ખોજમાં ઘૂમતા પ્રવાસીનું ભાન કરાવતું હતું. ભય, એકાંત, એકલતા, દુઃખો, વેદના—બધું જ એના આખા દેહમાંથી ડોકાતું હતું.

રેવાને કાને એ ભારે પગલાંનો અવાજ અથડાયો. કેમ જાણે મોટો બોજો ધકેલાતો ઓરડી ભણી આવી રહ્યો ન હોય ! અને કથળતા માતૃત્વની છેલ્લી વેદના ભોગવતાં સ્ત્રીના મુખ ઉપર જે રહસ્યમય ભયંકરતા પથરાય છે તેવી એના મોં ઉપર પથરાઈ.

બારણું ઉઘાડું જ હતું. એક કાળો પડછાયો સામે ઊભો હતો.

કોઈ બોલ્યું નહિ. રેવા મૂક બની પૂછી રહી હતી. એની આંખો સામે ચોંટેલી હતી.

ઓરડી આખીને એક નજરથી ભરી દેતો શંકર બોલ્યો, 'રેવા, ના ઓળખ્યો મને ?'

અને એણે એને ન જ ઓળખ્યો. રસ્તે મળ્યો હોત તો ન જ ઓળખત. આ બારણે ઊભેલો એ જ હોઈ શકે—એ જ હોવો જોઈએ, એ વિશે શંકા ન હતી. પણ ઓળખ્યો તો નહિ જ. લોહી પગથી માથા સુધી પૂરપાટ દોડી રહ્યું. ચામડીમાં શત-શત ડંખ દેવાઇ રહ્યા.

શંકરે અંદર પ્રવેશી હાથ લાંબા કર્યાં. રેવાએ સામે આંગળીઓ આપી. પણ એ આંગળીઓમાં લોહી ક્યાં હતું! સાવ બરફ જેવી ઠંડી!

શંકરે રેવાને રેવારૂપે જ માની લીધી. અને તેનું માથું તેણે છાતી ભણી......

'પણ રેવાએ પાછું ખેંચી લીધું હતું!

'બહુ ગંદો છું, નહિ? શું થાય—મુસાફરી જ° આખી એવી હતી' હજી ખભા ઉપર જ બિસ્તરો હતો. કેશવે મહિનાઓ પહેલાં, આવતાંવેંત બિસ્તરો ખાટલા ઉપર નાખી દીધા·હતો એના કરતાં આ સાવ ઊંધું હતું. શંકરે બિસ્તરો--ધૂળના ઢગ જેવો બિસ્તરો અને મેલના પડ જેવો કોટ ઉતાર્યો. ક્યાં આ ધૂળ, ગંદકી ને મેલ! અને ક્યાં સ્વચ્છ—સફાઈદાર ઓરડી!—એની વચ્ચેનો વિરોધ એની આંખે ચઢ્યો. બે શરીરોની સ્વચ્છતા વચ્ચેનો વિરોધ યે એની આંખે છૂપો ન રહ્યો.

ફરી એકવાર એણે સ્વચ્છ, સુંદર, સુઘડ ઓરડી ભણી નજર નાખી આનંદનો ઉમળકો ભર્યો.

'રેવા! હજી તો જાણે તું સ્વપ્નામાં જ છે, નહિ? હું આવી પહોંચ્યો છું, એ મનાતું જ નથી! જે દિવસની, જે ક્ષણની તું રાહ જોઈ જોઈ જીવી છે, એ ક્ષણ સાચે જ આવી પહોંચી, એના આશ્ચર્યમાં તું મૂઢ બની ગઈ છે! બિચારી...'

અને રેવાએ પહેલાંથી સ્વામીને જોતાંવેંત પહેલી જ ક્ષણે, પહેલી જ મુલાકાતે, બધું સાફ સાફ કહી નાખવાનું નક્કી કર્યું હતું તે વેડફાઈ ગયું. મૂક રહી તેણે અસત્યનો પડદો ઊભો કર્યો. એનાથી ન ખૂન થયું—ન આપઘાત! રાત અને દિવસ હજાર વાર જે વાત ઘોળી ઘોળીને પચાવી હતી તે સાચેસાચ મોકો આવતાં, પરિસ્થિતિની ગંભીરતા આગળ દબાઈ ગઈ.

સરકારી જિલ્લા પુસ્તકાલય

એની વાચાની શક્તિ મરી ગઈ હતી. એક શબ્દ શોધ્યો જડતો ન હતો. ઝગડો કરવા માટે ય કશું શોધ્યું જડે એમ ન હતું. મૂંઝાયેલો શંકર ઊભો જ હતો.

રેવા ઊભી થઇ. શબની જેમ બારણા ભણી ચાલી ને બહાર નીકળી ગઈ. બહાર......નીચે......કેશવને મળવા......કેશવના કારખાના ભણી.

સ્ત્રીઓ ટીખળ કરતી નીચે ઊભી હતી. માળો આખો વાતથી વાકેફ થઇ ગયો હતો કે—એક સિપાઇ રેવાનો વર હોવાનો દાવો કરતો આવ્યો છે! કુતૂહલનો પાર ન હતો. રસ્તા ભણી ભાગતી રેવાને સૌ જોઇ રહ્યું. થોડાંક વળી રેવાની ઓરડી ભણી છૂપી આંખો દોડાવી રહ્યાં. કેશવ એ જ ક્ષણે દાદર ચઢી રહ્યો હતો, એથી તો પ્રેક્ષકોના કૌતુકનો પાર ન રહ્યો. કંઇક બની રહ્યું હતું! કંઈક બનવામાં હતું! કંઇક બનવા જેવું પણ હતું!!

શંકર પાછો આવવાનો છે એ ખ્યાલ જ્યારથી આ પ્રેમી-યુગલ ઉપર ઝઝૂમતો થયો હતો, ત્યારથી બંને અવાસ્તવ દુનિયામાં હોય એમ જીવી રહ્યાં હતાં. એ દુનિયામાં કશું નિશ્ચિત ન હતું, કશું સાફ ન હતું, કશું હસ્તક્ષમ ન હતું! અને એથી બંને પ્રેમીઓ એકબીજાને એટલાં તો પ્રાણપણે વળગી રહ્યાં હતાં કે તેમના પ્રત્યેક હલનમાં પ્રેમનો આવિર્ભાવ થયા વિના ન રહેતો.

કારણનો કશો જ ખ્યાલ કર્યા વિના કેશવ હમેશાં પહેલો દાદરો ચઢી પગલાં હળવાં કરી દેતો. અને આજે પણ રેવા એની રાહ જોઇ બેઠી હશે એ લાગણીમાં તે ખેંચાઇ રહ્યો હતો.

તેણે બારણું ઉઘાડયું. એને તો એમ હતું કે રેવા એનાં પગલાં સાંભળી રહી હશે અને પોતાની જેમ તે ય તેના હૃદયમાં હલચલ મચાવી રહેલા પ્રેમનો પડઘો પાડવા ઉત્સુક હશે—

પણ માનવી ક્ષણવાર માટે જ પોતાના ઘરમાંથી બહાર નીકળી પાછો ફરતાં—ઉંબરામાં પગ મૂકતાં જ ધરતી ખસી જાય અને શૂન્યતામાં સરકી પડે, બરાબર એવું જ કેશવનું થયું.

'તું?' શંકરે આશ્ચર્યચકિત થઈ પૂછ્યું, અને એમ બોલી પેલું ગંદું ખમીસ શરીર પરથી ઉતારી પેલા મેલા બિસ્તર ઉપર નાખ્યું. 'ઓહ! તું મળી ગયો—આટલો બધો જલદી! કેટલું સુંદર! હજી મને આવ્યે બે-ત્રણ મિનિટે ય થઈ નહિ હોય. ખરું કહું છું...પણ, લે, બેસ તો ખરો. બેસ બેસ ત્યાં ખાટલા ઉપર બેસ.'

રેવા ક્યાં?–કેશવ પૂછવા માગતો હતો પણ કંઠ રૂંધાતો હતો. તે બેઠો.

પેલી પડછંદ કાય ફરી પાછી એને મુકામે આવી પૂગી હતી!

'તું અહીં જ રહે છે! ખાધું તો છે ને? તું અહીં ક્યારનો આવી પહોંચ્યો છે? આવશે, રેવા હમણાં આવતી હશે. કંઈક લેવા જ ગઈ હશે—' અને તેણે રસોડા તરફ સૂચક નજર કરી કેશવની સામે જોયું—કેમ જાણે એમ કહેવા ન માગતો હોય--કે જોયું ને? રેવા કેટલી અજબ છે! હવે કેવું નિરાંતે રહેવાનું મળશે!

કેશવ શંકરને જોઇ જ રહ્યો. તે તેનો બિસ્તર છોડી ધોવાનાં સારાં કપડાં તથા ચીજો જુદી કાઢતો હતો. 'રેવા બધું ધોઈ નાખશે. સોડામાં ય બાફશે.' અને સાવ પરિચિતતાપૂર્વક તેણે ઊભા થઇ કબાટ ઉઘાડ્યું ને કેટલીક વસ્તુઓ યથાસ્થાને ગોઠવી દીધી.

'ચાલ હવે કોટબોટ કાઢી નિરાંતે બેસ. કેવું સારું થયું કે તું અહીં જ આટલો જલદી મળી ગયો!'

કેશવના મનમાં જુદું જ ચાલતું હતું. આ ભાઈ સાહેબ તો પોતાને જ ઘરના માલિક માનીને બસ વાત કરે છે! મારે હવે

તડ ને ફડ કહી નાખવું પડશે. હમણાં જ કહી નાખવું જોઇએ.

અને આ ખ્યાલે એને પક્ષઘાતની સ્થિતિમાંથી બચાવી લીધો. બધી દ્વિધા ચાલી ગઇ. જીવનમરણનો સવાલ હતો. અને દ્વંદ્વયુદ્ધમાં ઊતરનાર માણસ 'તું નહિ કે હું નહિ' એવી ગણતરી અને તૈયારી સાથે ઊતરે છે, તેવી જ માનસિક તૈયારી કેશવે પણ કરી લીધી.

'આ રેવા આવી' એમ બોલતો કેશવ ઊભો થયો.

શંકર આ ત્રણ શબ્દોની પાછળનો વિશાળ અર્થપ્રદેશ કળી શક્યો નહિ.

પસીનાથી આખો દેહ ભીંજાઈ ગયો છે, આંખો ફાટી ગયા જેવી છે, અને દૃષ્ટિ જાણે સાવ બહેર મારી ગઇ હોય એવી રેવાએ લથડિયાં ખાતાં એકવાર ખોટી દિશામાં નજર કરી કેશવના હાથમાં પડતું મૂક્યું.

અને પારાવાર નિરાશામાં કેશવને અમર આશાનો ઝબકારો લાધ્યો.

શંકર કશું સમજ્યા વિના એ બંનેની પાસે આવ્યો અને તેણે પૂછ્યું : 'કેમ કંઈ તબિયત ઠીક નથી ?'

રેવા જેમ તેમ કરી કેશવના હાથમાંથી દૂર થઈ, ભીંતને અઢેલી ઊભી. એની નજર ભ્રમિત અને મૂંઝાયેલી જેવી હતી. તે કેવળ સામે જ ટગી રહી હતી.

કેશવે તીર છોડ્યું : 'તારે રેવાને છૂટી કરવી જોઈએ.'

શંકર કશું જ કળી ન શક્યો. એ તીર ખૂબ દૂરથી છૂટી આવ્યું હતું. શંકરના ચિત્ત સુધી પહોંચતાં એને વાર લાગે એમ હતું. હજી એ આવી પહોંચે તે પહેલાં જ તેણે વિચાર્યું—જો આ મારી બૈરીને બથાવી પડ્યો હોય તો બન્નેને જીવતાં નહિ છોડું. પણ બીજી જ ક્ષણે રેવાને હંમેશને માટે ગુમાવવાના ભયે તેણે માફી આપવાનું પણ વિચારી લીધું.

'છે શું ? ' તેણે પૂછ્યું. અને પાછો વિચારે ચઢ્યો. વળી પાછું તેણે પોતાના જ તરંગમાં ઊડતાં ઊડતાં પૂછ્યું : ' બોલ, છે શું, રેવા, બોલ તો. '

પણ કશો જવાબ નથી. શંકર છેક પાસે ગયો. કેશવ વચમાં ઊભો. ' રેવા મારી પત્ની છે—પછી તને બધું સમજાવીશ. '

અને શંકરની આંખોએ જોયું કે રેવાના પેટમાં બાળક હતું.

' ઓહ ! એમ છે ત્યારે...સાલ્લા સુવ્વર ! તું શું મને સમજાવવાનો હતો ? ' એમ બોલતો તે વિચારી રહ્યો—તારે એની જરૂર હતી, એણે તારી ગરજ ભાંગી—હવે છોકરું જણવાની છે—હજી વધારે સમજાવવાનું બાકી રહ્યું છે, સુવ્વર ? છોકરું તો ભલે આવતું. એ તો મારા ભાઇ, સમજી લઇશું. પણ આનું શું ? આ પરાયા આદમીનું...

અને એને ખબર હતી કે કુહાડી ડાબા ખૂણામાં પડેલી હતી. એણે એ તરફ ધસારો કર્યો.

પણ ઘા ઊલટો જ આવ્યો. અણધારી દિશાએથી આવ્યો ! 'મારી નાખવો હોય તો મને મારી નાખો. એના વિના હું જીવવાની નથી. તમે સમજી નહિ શકો, તમને સમજાવી ય નહિ શકાય.'

' એના વિના નહિ જિવાય, એમ ને ? તારે મારો ખપ નથી, એમ જ ને ?'

' લાચાર છું—બીજું કંઈ થાય એમ નથી.'

અને આ ઘા શંકર કલ્પી શકે, ઝીલી શકે, સહી શકે એના કરતાં અનેકગણો કારી હતો. એનો હાથ ઠૂંઠું બની ગયો. હાથમાંની કુહાડી સરકી પડી. શંકર યે તૂટેલા ઝાડની જેમ અંદર ને અંદર તૂટી પડ્યો.

એ બેસી પડ્યો. ' તું લાચાર છે ? તારાથી બીજું કંઈ નહિ થાય ?...તું એની જોડે...'

જીવનની જ્યોત સાવ બુઝાઈ ગઈ હતી! એમ છતાં એ જ્યોતને સારુ શંકર ઝૂઝવા મથતો હતો!

'બોલ...કહી નાખ. મને કહે તો ખરી, એવું તે શું થયું છે.' તે બોલ્યો ને ઢળી પડ્યો.

અને પાછું બધું જોર ભેગું કરી તેણે ઊભું થવા કર્યું—'ઠીક તો મારે...મારે...' પણ એણે શું કરવું જોઇએ, એની એને પોતાને જ સૂઝ ન પડી. અને એ મૂંગો જ પડ્યો રહ્યો.

બંને એની સામે જોઈ રહ્યાં. શંકર ધરતી પર લાંબો પડ્યો હતો. ધૂળથી રગદોળાઈ રહ્યો હતો. એનો બધો આધાર તૂટી પડ્યો હતો. બાળપણમાંથી રડવાનું ભૂલી ગયો હતો. આજે એ ય એની વહારે ધાવા તૈયાર ન હતું! એની કમ્મર વળી ગયેલી હતી. એની આંખો શૂન્ય સિવાય કશું ભાળી શકતી ન હતી—અને બંનેનાં દિલ દ્રવી રહ્યાં. દિલમાંનો ડર સાવ નાબૂદ થયો.

કેશવ રેવાને કહી રહ્યો હતો—'આપણે જે કાંઈ પોટકું બાંધવું હોય તે બાંધી લઇએ.'

શંકર સુધી રેવાની દૃષ્ટિ વારંવાર જઈ પહોંચતી હતી, પણ દયા ખાઇને તેની સાથે રહી પડવાનો ખ્યાલ તેના ચિત્તમાં ઢૂકતો ન હતો. દુનિયામાં પ્રેમ જેવી કોઈ ક્રૂરતા નથી—અગાધ ભક્તિ અને આત્મવિલોપનતા પણ ત્યાં બીજું સ્થાન પામે છે; પહેલું સ્થાન તો ખૂની અહંતા જ લઈ જાય છે.

પૂનમડીએ બારણું ઠેલ્યું. અને આસ્તે રહી તે અંદર આવી. કોઇ કંઈ બોલ્યું નહિ. આ ઠંડા અત્યાચારની તે સાક્ષી હતી. તેણે રેવાને હૂંફ આપી.

ત્રણે જણ બાંધવા—ગાંઠવામાં પડયાં હતાં. શંકર કશું જોતો—સાંભળતો ન હતો. ભૂતકાળનાં ચિત્રો--રેવા સાથેની જિંદગીના

ચિત્રો—એની નજર સામે થઇ પસાર થઇ રહ્યા હતાં. ઓહ! એ ભૂતકાળ કેટલો મીઠો હતો!

અને તેણે એકવાર માથું ઊંચું કરી ફરી એકવાર પૂછી લેવા, મથી જોવા ઇચ્છયું. પણ વૃથા. ફરી એનું માથું ગાઢ મૂકતામાં નીચું ઢળી પડયું.

રેવા પતાવી રહી હતી—'ચાલો.' બસ એટલું બોલી પોટકું ઉપાડયું.

'ભલે જાવ...' શંકરના હોઠમાંથી એટલા જ સ્પષ્ટ શબ્દો સર્યા. તેની દાઢી નીચે છુપાયેલા હોઠ પહેલી જ વાર આટલા દેખાયા.

રેવાની હિંમત એની ભણી જોવાની ન ચાલી, કેશવ અને પૂનમ ભણી જોતી તે નીકળી ચાલી.

કેશવની સ્થિતિ ય ઓછી કફોડી ન હતી. એક ગુનેગારને દેહાંત દંડની સજા થયા પછી, એના બચાવનો નિષ્ફળ પ્રયત્ન કરી લીધા પછી એનો વકીલ છેલ્લી ઘડીએ એને મળવા જાય એ છેલ્લી મુલાકાતથી જુદા પડતાં શું કહેવું તેની તેને સૂઝ ન પડે—એવી આની દશા હતી. તે પણ મૂંગો મૂંગો બહાર નીકળી પડયો. પૂનમના ગાલ આંસુથી ભીંજાઇ રહ્યા હતા.

કોઈ કંઈ બોલ્યું નહિ. બંને પ્રણયીઓ દાદર ઊતરી રહ્યાં છે.

છુપાઇને બધું જોનાર અને જાણનાર પ્રેક્ષકોનો પાર નથી. ભાગ્યે જ કોઇની આંખમાં ઘૃણા નથી, કોઇની જીભ ઉપર તિરસ્કાર નથી. અપમાન અને ગાળથી આબોહવા ભરાઈ રહી છે. સૌ જૂની પૂંજી ઠાલવતાં હોય એમ વેર વાળી રહ્યાં.

એક પૂનમ જ બરાડી બરાડીને બોલી રહી—'તમને કશી સમજ નથી. રેવા ખરેખાત પેલાને જ પોતાના ધણી તરીકે માનતી હતી. એનો કશો વાંક નથી.'

ઘર છોડી શૂન્યતા ભણી જઈ રહેલાં પ્રણયીઓ પૂંઠે છોકરાંની લંગાર કાદવ અને ઢેખાળા ઉડાવતી જઈ રહી હતી તે પાછી વળી. કેશવ ને રેવા કશું જોતાં ન હતાં, કશું બોલતાં ન હતાં.

પૂનમ પણ ધીરે પગલે પાછળ જઈ રહી હતી. ખાંચા આગળ પહોંચતાં રેવા ઊભી રહી ગઈ અને પૂનમને સંબોધી બોલી: 'બેન ! પેલા એમની ખબર કાઢજે...જા, પાછી જા.'

પૂનમે શંકરને વીલો ન મૂકવાનો નિશ્ચય કરી જ લીધો હતો. એણે તરત જ સ્વસ્થતાપૂર્વક સ્વચ્છ ઘંટડી સમા સૂરે જવાબ વાળ્યો: 'આવજે બેન, સુખી થજે.'

શહેર અને પરાંની વચ્ચે પથરાયેલા વિશાળ વનપ્રદેશ ઉપર બંને પ્રણયીઓ આવી પહોંચ્યાં. તાજી લીલી હરિયાળી એમના પગને આલિંગવા તલસતી હોય એવી ઉત્સુક હતી.

વરસો પહેલાં જેલજીવન દરમિયાન મેદાનમાં સૂતાં સૂતાં કેશવે રેવાનું જે ભૂમિ ઉપર દર્શન કર્યું હતું ત્યાં તેઓ આવી પહોંચ્યાં. પૂર્ણિમા નીતરી રહી હતી.

કશાં વેણ નથી; કશો વિચાર નથી. અગાધ અનંતતામાં ધીમાં પગલાં ભરાઇ રહ્યાં છે. મૃત્યુ પણ તેમને અળગાં કરવાની હિંમત ભાગ્યે જ કરશે.

## સંપૂર્ણ.

# વીંખાયેલો માળો

શ્રી. રવીન્દ્રનાથ ટાગોર
અનુ. શ્રી. ભોગીલાલ ગાંધી

...રી જિલ્લા પુસ્તકાલય

## [ ૧ ]

ભૂપતિને કામધંધો કરવાની કંઈ જરૂર નહોતી. એની પાસે દોલત પૂરતી હતી. અને પ્રદેશ ગરમ રહ્યો. પણ દૈવવશાત્ તે કામગરા માણસ તરીકે જન્મ્યો હતો. એટલે તો તેણે એક અંગ્રેજી અખબાર શરૂ કર્યું હતું. એ દિવસથી સમયની દીર્ઘતાને વિષે તેને ફરિયાદ કરવાની રહી નહોતી.

નાનપણથી જ તેને અંગ્રેજીમાં લખવાનો અને ભાષણ કરવાનો શોખ હતો. કશું પ્રયોજન ન હોવા છતાં તે અંગ્રેજી અખબારમાં લેખો લખતો, અને કંઈ કહેવાનું ન હોય તો ય સભા સ્થળે બે અક્ષર બોલવાનું તે કદીય ચૂકતો નહિ. તેના જેવા ધનિકને પોતાની મંડળીમાં સામેલ કરવા માટે રાષ્ટ્રીય કાર્યકર્તાઓ બેસુમાર સ્તુતિપ્રશંસા કરતા ત્યારે તો પોતાની અંગ્રેજી ભાષા ઉપરની શક્તિ વિષેનો ભૂપતિનો વિશ્વાસ સારી પેઠે વધી જતો.

આખરે તેમના વકીલ–સાળા ઉમાપતિએ વકીલાતના ધંધામાં નિરાશ થતાં, બનેવીને કહ્યું, 'ભૂપતિ! તમે એકાદ અંગ્રેજી અખબાર કાઢો, તમારી અસાધારણ......" ઈત્યાદિ.

ભૂપતિ ઉત્સાહમાં આવી ગયો. બીજાનાં છાપાંઓમાં લખવામાં કંઈ ગૌરવ નથી. પોતાના જ પત્રમાં સ્વતંત્ર કલમને પૂરેપૂરો વેગ આપી શકાય. સાળાને સાથીદાર બનાવી તદ્દન નાની ઉંમરે ભૂપતિ સંપાદકની ગાદી પર વિરાજ્યો.

નાનપણમાં તંત્રીપદનો નશો ખૂબ જોર પકડે છે. ભૂપતિને ચઢાવનાર લોકો પણ ઘણા હતા.

આમ ભૂપતિ જે દિવસોમાં છાપામાં ડુબકી મારી ગયો હતો તે દિવસોમાં જ તેની બાળવધૂ ચારુલતા ધીરેધીરે યૌવનમાં પગલાં માંડી રહી હતી. છાપાના સંપાદક મહાશયને જબરજસ્ત વાતની બરાબર ખબર પડી નહિ. હિંદી સરકારની સરહદ પરત્વેની નીતિ ધીમેધીમે સંયમનાં બંધનોને તોડીફોડીને આગળ વધી રહી છે, એ જ તેમના ધ્યાનનો મુખ્ય વિષય હતો.

આ ધનસંપન્ન ગૃહમાં ચારુલતાને કંઈ કામ નહોતું. ફળ રૂપે નહિ પરિણમનાર ફૂલની જેમ સંપૂર્ણ અહેતુકતામાં ખીલવાનું જ તેના લાંબા, નિષ્ક્રિય રાતદિવસનું એકમાત્ર કાર્ય હતું. તેને કોઇ કશી અછત નહોતી.

આવો સુયોગ મળતાં પત્ની સ્વામીની સાથે કેવળ ઘેલાં જ કાઢે છે. દામ્પત્યલીલાની આખરી કક્ષા, સંસારની સમસ્ત સરહદોનું ઉલ્લંઘન કરીને સમય-અસમય, તથા વિધિ-નિષેધની પેલે પાર જઇ પહોંચે છે. પણ ચારુલતાને એવો સુયોગ નહોતો.. અખબારનાં આવરણને ભેદીને સ્વામી ઉપર અધિકાર પામવાનો સુયોગ તેને માટે અસાધારણ બન્યો હતો.

યુવાન પત્ની તરફ તેનું ધ્યાન ખેંચી જ્યારે એક આત્મીય સ્વજને તેને ઠપકો આપ્યો, ત્યારે ભૂપતિ એકાએક ભાનમાં આવી બોલ્યો, "ખરે જ, ચારુને કોઇક સખીની જરૂર છે, એને બિચારીને આખો દિવસ કંઈ કરવાનું જ હોતું નથી."

તેણે પોતાના સાળા ઉમાપતિને કહ્યું, "તમારી પત્નીને અમારે ત્યાં જ રાખો ને? સરખેસરખી ઉંમરની કોઈ સ્ત્રી પાસે છે નહિ એટલે ચારુને સાચે જ બહુ સુનુંસુનું લાગે છે."

કોઇ બેનપણી નથી એટલા જ કારણસર ચારુ બહુ ઉદાસ રહે છે, એવું માનીને સંપાદક મહાશયે સાળાની પત્ની મંદાકિનીને ઘેર આણી, અને પોતે નિશ્ચિંત બન્યો.

જે સમયે પતિ-પત્ની પ્રણય-ઉન્મેશના પ્રથમ પ્રકાશમાં એક-

બીજા આગળ અનન્ય ભક્તિપૂર્વક ચિરનૂતન સ્વરૂપે વ્યક્ત થાય છે. દામ્પત્યનો એ સુવર્ણ અર્ચિત પ્રાતઃકાળ અજાગૃત સ્થિતિમાં ક્યારે વીતી ગયો તેની આ બેમાંથી કોઇ ને ય ખબર પડી નહિ. નવીનતાનો સ્વાદ પામ્યા વિના જ બંને એક બીજા આગળ પુરાતને પરિચિત બની ગયાં !

લખવા વાંચવાનો ચારુલતાને સ્વાભાવિક શોખ હોવાથી તેને દિવસો બહુ ભારે લાગતા નહિ. તેણે પોતે જ પ્રયત્ન કરીને પોતાના અભ્યાસનો બંદોબસ્ત કરી લીધો હતો. ભૂપતિનો ફોઇઆત ભાઈ અમલ જુનિયર બી. એ. માં ભણતો હતો. ચારુલતા તેની પાસે અભ્યાસ કરતી. પણ તેની પાસેથી આટલી મદદ લેવા માટે અમલની અનેક ધૂનો તેને સહી લેવી પડતી. તેનું હોટલ ખર્ચ, અંગ્રેજી સાહિત્યનાં પુસ્તકો ખરીદવાનું ખર્ચ ચારુએ જ વેઠવું પડતું. વચમાં વચમાં અમલ મિત્રોને જમવા માટે નોતરી આવતો ત્યારે એ યજ્ઞનો ભાર ગુરુદક્ષિણા રૂપે ગણી ચારુલતા પોતે જ ઉપાડી લેતી. ભૂપતિ ચારુલતા ઉપર કશો અધિકાર ભોગવતો નહિ. જ્યારે થોડુંએક ભણાવનાર આ ફોઇઆત ભાઈ અમલના અધિકારનો પાર નહોતો. આને કારણે તો કેટલીક વાર ચારુલતા કૃત્રિમ કોપ અને ઝગડો પણ કરતી. પરંતુ તેમ છતાં આ એક માણસનું ગમે તે કામ લઇને આવવું અને સ્નેહનો ઉપદ્રવ સહન કરવો. તે એને માટે બિલકુલ આવશ્યક બની ગયું હતું.

એક દિવસ અમલે કહ્યું, " બૌઠાન,* અમારી કોલેજના રાજવાડીના જમાઇ બાબુ અંતઃપુરની નારીઓએ ખાસ હાથે વણેલા કારપેટના જોડા પહેરીને આવે છે. મારાથી એ સહેવાતું નથી. એક જોડી કારપેટના જોડા મારે જોઈએ. નહિ તો કેમેય આ પગનું રક્ષણ થાય એમ નથી."

ચારુ—હાસ્તો ભાઈ, હું બેઠી તારાં જૂતાં સીવ્યા કરું

*ભાભી

કેમ? પૈસા આપું છું. બજારમાંથી ખરીદી કરી લેજે; જા.

અમલ—ના, એ ના ચાલે.

ચારુને જોડા સીવતાં આવડતા નહોતા. અમલની પાસે એ વાત કબૂલવાની પણ એની ઇચ્છા નહોતી. અમલને તો જોઈએ જ છે! સંસારમાં આ એક માત્ર મોંએ ચઢી માગનારની માગણી પુરી કર્યાં વિના ચાલે એમ નથી–અમલ કોલેજમાં જતો એ વખતે છૂપી રીતે, મહા મહેનતે કારપેટ સીવવાનું શીખવા લાગી. અને અમલ પોતે જ તેના જૂતાની લત સાવ ભૂલી ગયો હતો, એવે સમયે એક દિવસ સાંજે ચારુએ તેને બોલાવ્યો.

ઉનાળાનો દિવસ હતો. અગાસીમાં આસન પાથરીને અમલને માટે જમવાની તૈયારી થઈ રહી હતી. ધૂળ પડવાને ભયે પિત્તળના ઢાંકણા વડે થાળી ઢાંકી રાખી હતી. અમલ કોલેજનાં કપડાં બદલી, મોઢું ધોઈ, ટીકઠાક બની આવી પહોંચ્યો.

અમલે આસન પર બેસી, ઢાંકણું ઉઘાડ્યું. જોયું તો થાળીમાં નવા તૈયાર કરેલા એક જોડી પશમના જોડા મૂકેલા હતા, ચારુલતા મોટેથી હસી પડી.

જોડા મળતાં અમલની આશા ઔર વધી પડી. હવે તો ગલપટો જોઇએ. રેશમી રૂમાલ ઉપર ફૂલની કિનાર કરી આપવી પડશે. તેના બહારના ખંડમાં બેસવાની મોટી ખુરશીમાં તેલના ડાઘ પડ્યા હતા, તેને ઢાંકી દેવા માટે એક કવર બનાવવાનું હતું!

દરેક વખત ચારુલતા મુશ્કેલી જાહેર કરી કજીઆ કરતી અને દરેક વખત પાછી પોતે જ અત્યંત પ્રેમ અને મમતાપૂર્વક કોડીલા અમલના કોડ પૂરા કરતી. અમલ કદીક કદીક પૂછતોઃ "ઔઠાન, ક્યાં લગી કર્યું?"

ચારુલતા જૂઠું બોલતી, 'હજી તો શરૂ ય નથી કર્યું' અથવા તો કદીક વળી જવાબ આપતી, 'એ તો મારા ધ્યાનમાં જ ન હતું.'

પણ અમલ એમ છોડી દે એવો ન હતો. રોજ રોજ યાદ આપે

અને હઠ કરી માગે. એક બંદીની જેમ અમલ કરી કરગર્યા જ કરે અને થોડી ધીંગામસ્તી કરે એટલા સારુ તો ચારુ બેપરવાઈ વ્યક્ત કરી વિરોધનું વાતાવરણ જમાવતી; અને પછી એક દિવસ એકાએક અમલની યાચના પૂર્ણ કરી દઈ કૌતુક જોઈ રહેતી.

ધનિકના કુટુંબમાં ચારુને બીજુ તો કંઈ કરવાનું હતું નહિ—કેવળ અમલ જ તેની પાસે કામ કરાવ્યા વિના રહેતો નહિ. આ બધાં નાનાં નાનાં શોખનાં કામોમાં જ તેના હૃદયની તૃપ્તિ અને ચરિતાર્થતા તે અનુભવતી.

ભૂપતિના અંતઃપુરમાં જે એક ટુકડો જમીન હતી તેને બાગ કહું તો અતિશયોક્તિ ગણાશે. એ 'બાગ'ની મુખ્ય વનસ્પતિ હતી એક વિલાયતી આમળાનું ઝાડ.

આ જમીનના ટુકડાની ઉન્નતિ કેવી રીતે કરવી તેને માટે ચારુ અને અમલની એક કમિટી બેઠી હતી. બન્નેએ મળીને કંઈ કેટલા દિવસ બેસીને ચિત્ર કાઢીને પ્લાન તૈયાર કરીને મહા ઉત્સાહપૂર્વક આ જમીન ઉપર એક બાગની કલ્પના તૈયાર કરી રાખી હતી.

અમલ બોલ્યો, "બૌઠાન, આપણા આ બગીચામાં સવારે સવારે રાજકન્યાની જેમ તમારે પોતાને હાથે વૃક્ષોને પાણી સીંચવું પડશે."

ચારુએ કહ્યું. "અને આ પશ્ચિમના ખૂણામાં એક છાપરી તૈયાર કરાવી લેવી પડશે, એમાં હરણનું બચ્ચું રહેશે."

અમલે કહ્યું: "અને એક નાનકડી તળાવડી યે બનાવવી પડશે, જેમાં હંસ ચરશે."

ચારુ આ સૂચનાથી ઉત્સાહિત બની બોલી, "અને એમાં નીલ-પદ્મ ઊગાડીશું; મને તો ઘણા વખતથી નીલપદ્મ જોવાની ઈચ્છા છે.",

અમલે કહ્યું: "એ તળાવડી ઉપર એક સેતુ બાંધવો પડશે અને ઘાટ ઉપર એક નાનકડી સુંદર હોડકી રહેશે."

ચારુ બોલી, "ઘાટ તો બિલકુલ સફેદ આરસનો જ હોવો

જોઈશે. "

અમલે પેનસિલ-કાગળ લઈ લીટી દોરી કંપાસ હાથમાં લઈ ભારે આડંબરપૂર્વક બાગનો નકશો તૈયાર કર્યો.

બન્ને જણ મળીને રોજરોજ નવી નવી કલ્પના કરતાં અને તે મુજબ ફેરફાર કરતાં. એમ કરતાં કરતાં પચીસેક નવા નકશા તૈયાર થઈ ગયા!

નકશા તૈયાર થઈ જતાં કેટલું ખરચ આવશે તેનો એસ્ટીમેટ કાઢવામાં બંને પડયાં. પહેલાં એવો ખ્યાલ હતો-ચારુ પોતાના માસિક હપ્તામાંથી ધીમે ધીમે બાગનું ખર્ચ કાઢી આપશે. ભૂપતિ તો ઘરમાં શું થાય છે. એની કશી દરકાર રાખતો જ ન હતો. બગીચો તૈયાર થઈ જતાં એક દિવસ એને ત્યાં લઈ જઈ આશ્ચર્યમાં ડૂબાડી દેવાશે. એને થશે, અલ્લાદીનના દીવાની મદદથી જાપાનથી એકાદ આખો બગીચો ઊંચકીને અહીં આણવામાં આવ્યો છે!

પરંતુ એસ્ટીમેટ ગમે તેટલો ઓછો કરવા છતાં ય ચારુની આવકમાંથી પતે એમ ન હતો. અમલ ફરી નકશો ફેરવવા બેઠો, બોલ્યો, "તો પછી બૌઠાન, આ તલાવડીને જવા દઈએ."

ચારુ બોલી, "ના, ના, તલાવડી ન હોય તો ના ચાલે. એમાં તો મારાં નીલપદ્મ ઊગશે."

અમલ બોલ્યો, "તમારા હરણની છાપરીમાં નળિયાંનું છાપરું નહિ હોય અને સાદેસાદુ ઘાસનું હશે તો ય ચાલશે."

ચારુ એકદમ ગુસ્સે થઈ બોલી, "તો પછી મારે એવી છાપરીની જરૂર નથી-એ રહેવા દો."

મૉરેશિયસથી લવીંગ કર્ણાટકનું ચંદન અને સિંહલદેશથી ઇલાયચીનો ચારો મંગાવવાનો પ્રસ્તાવ હતો. અમલે તેને બદલે માણિકતલ્લાથી સામાન્ય દેશી અને વિલાયતી વેલા-વૃક્ષ મંગાવવાનું સૂચન કરતાં જ ચારુ મોં ચઢાવી બેઠી. બોલી, "તો પછી મારે બાગની જ જરૂર નથી."

એસ્ટીમેટ ઘટાડવાનો આ કંઈ રસ્તો ન હતો. એસ્ટીમેટ

સાથે સાથે કલ્પનાને હીન કરવી એ તો ચારુને માટે અશક્ય હતું. અને એથી અમલ જે કંઈ બોલતો તે તેને રુચિકર થતું નહિ.

અમલ બોલ્યો, "તો પછી બૉટાન, તમે દાદા પાસે બાગની વાત મૂકો. જરૂર એ પૈસા આપશે."

ચારુએ કહ્યું, "ના, એમને કહી દઈએ તો પછી મજા શી રહે? આપણે બે જણે જ બગીચો તો તૈયાર કરવો છે. તેઓ તો સાહેબલોકને ઑર્ડર આપીને ઇડેન ગાર્ડન સુદ્ધાં તૈયાર કરાવી શકે; પણ એમાં આપણા પ્લાનનું શું?" ૧૬૮૨૭

આમળાના ઝાડની છાયામાં બેસી ચારુ અને અમલ અસાધ્ય કલ્પનાનું સુખ નિરાંતે લઈ રહ્યાં હતાં. ચારુની ભાભી મન્દાએ મેડી-એથી બૂમ મારી કહ્યું: "આટલે વખતે બાગમાં બેસી તું કરે છે શું?"

ચારુએ કહ્યું. "પાકાં આમળાં ખોળું છું."

લોભી મંદાએ કહ્યું, "મળે તો થોડાં મારે માટે લાવજે."

ચારુ હસી. અમલ હસ્યો. તેમના સંકલ્પનો મુખ્ય ભાવ અને તેનું ગૌરવ એ હતું કે, આ વાત તેમની બેની જ વચ્ચે રહે. ત્રીજું કોઈ ન જાણે. મન્દામાં બીજા ગમે તે ગુણ હોય. કલ્પના જેવી કોઇ વસ્તુ જ એનામાં ન હતી. તે આ વાતનો રસગ્રહણ કરે જ શી રીતે? એથી તો તે આ બે સભ્યોની કમિટીથી તદ્દન વર્જિત હતી.

અસાધ્ય બગીચાનો અંદાજ તો ઘટ્યો નહિ. કલ્પનાએ પણ કેમે કરી જરા ય હાર કબૂલી નહિ. એટલે આમળાવૃક્ષની કમિટિ એમ ને એમ થોડાં દિવસ લંબાઈ. બાગમાં કયાં તલાવડી થશે, કયાં હરણની છાપરી થવાની, કયાં પથ્થરની વેદી ઊભી કરવી, અમલે એ બધે ઠેકાણે નિશાનીઓ કરી દીધી.

તેમના આ સંકલ્પિત બાગમાં આમળાના વૃક્ષની ચારે બાજુ કેવી રીતે ચણતર કરવું, એની નિશાની અમલ એક નાની કોદાળી લઈને કરી રહ્યો હતો. એ વખતે ચારુ ઝાડની છાયામાં જ બેઠી બેઠી બોલી, "અમલ જો તું લેખક હોત તો ઘણું સારું થાત."

અમલે પૂછ્યું, "શું કામ સારું થાત ?"

ચારુ—"તો આપણા આ બાગનું વર્ણન તારી પાસે લખાવત. આ તલાવડી. આ હરણની છાપરી. આ આમળાનું વૃક્ષ...બધું એમાં આવત. આપણા બે જણ સિવાય કોઈ એમાં કશું સમજત જ નહિ ! ભારે મજા આવત ! અમલ, તું એક વાર લખવાનો પ્રયત્ન કરી જો. જરૂર તને આવડશે."

અમલ બોલ્યો, "વારુ, જો લખી શકું તો શું આપશે ?"

ચારુએ પૂછ્યું. "બોલ, તારે શું જોઈએ ?"

અમલ બોલ્યો, "મારી મચ્છરદાનીની ઝૂલ ઉપર હું મારે હાથે એક લતા દોરી આપીશ, તે તમારે પૂરેપૂરી રેશમથી ભરી આપવી પડશે,"

ચારુ બોલી, "તમારે તો બધું જ છેકતું જોઈએ ! મચ્છરદાનીની ઝૂલને ય વળી શણગાર !"

મચ્છરદાની જેવી વસ્તુને તદ્દન બદરૂપ જેલના જેવી રાખવાની વાત ઉપર અમલ કંઈ કંઈ બોલી ગયો. તેણે કહ્યું, "સંસારમાં પંદર આની લોકોને સૌન્દર્યનું કશું ભાન હોતું નથી; કદરૂપતા તેમની આગળ જરા ય દુઃખકર નથી હોતી. એ જ એનું પ્રમાણ છે."

ચારુએ એ વાત એ ક્ષણે તો મનમાં મનમાં સ્વીકારી લીધી અને અમારી બે જણની ગુપ્ત કમિટી એ પંદર આની લોકોમાં નથી આવી જતી, એમ માની તે ખુશી થઈ.

તે બોલી, "વારુ, હું મચ્છરદાનીની ઝૂલ ગૂંથી આપીશ. તું લખતો ખરો."

અમલ રહસ્યમય ભાવે બોલ્યો, "તમે શું એમ માનો છો કે હું લખી શકતો નથી ?"

ચારુ અતિશય ઉત્તેજનામાં આવી બોલી, "તો જરૂર, તેં કંઈ લખ્યું જ હોવું જોઈએ; લાવ બતાવ મને."

અમલ—"આજે નહિ, બૌઠાન."

ચારુ—"ના, આજે જ બતાવવું પડશે. મારા સમ. જા, તારું લખેલું લઈ આવ"

ચારુને પોતાનું લખાણ બતાવવામાં અમલને આજ લગી સંકોચ થયો હતો. રખેને તેને ન ગમે! એ સંકોચ તે કેમે કર્યો દૂર કરી શકતો ન હતો.

આજે તે નોટ લઈ આવી, જરા ખાંસી ખાઈ ચહેરા ઉપર જરા લાલાશ ધારણ કરી વાંચવા લાગ્યો. ચારુ વૃક્ષના થડને ટેકીને ઘાસ ઉપર પગ લંબાવીને સાંભળતી હતી.

નિબંધનો વિષય હતો : 'મારી નોટબૂક.' અમલે લખ્યું હતું—'હે મારી શુભ નોટબૂક! મારી કલ્પના હજી લગી તને સ્પર્શી ન હતી. સૂતિકાગૃહમાં પ્રવેશ કરવા પહેલાંના બાળકની જેમ તું રહસ્યમય છે. એક દિવસે તારા છેલ્લા પાનાની લીટી ઉપર ઉપસંહાર લખીશ; પણ એ દિવસ આજે ક્યાંથી? તારા આ શુભ શિશુપત્ર સમૂહો એક દિવસે સદાને માટે કાલિમાથી અંકિત બની ગયા હશે. એ સમાપ્તિની કથા આજે તો સ્વપ્નમાં ય કલ્પી શકતો નથી.' વગેરે વગેરે ઘણું લખ્યું હતું.

ચારુ ઝાડ નીચે બેસી સ્તબ્ધ બની સાંભળી રહી હતી. વાચન પૂરું થતાં થોડીવાર મૂંગી રહીને બોલી, "તને તે કંઈ લખતાં ન આવડે?"

તે દિવસે વૃક્ષ નીચે બેસી અમલે સાહિત્યના માદક રસનું પ્રથમ વાર પાનું કર્યું. સાકી નવી હતી, રસના પણ નવી હતી અને બપોરનો તડકો રહસ્યમય બની પથરાઈ રહ્યો હતો.

ચારુ બોલી, "અમલ, થોડાંક આમળાં વીણાને જવું પડશે; નહિ તો મંદાને શો જવાબ આપીશ?"

મૂઢ મંદાને તેમની વાંચવાની અને ચર્ચાની વાત કહેવાની ઇચ્છા જ થાય એમ ન હતી, એટલે આમળાં વીણીને જ ગયે છૂટકો!

# (૨)

બગીચાનો સંકલ્પ તેમના બીજા અનેક સંકલ્પોની જેમ સીમા-હીન કલ્પનાક્ષેત્રમાં કયારે ગુમાઇ ગયો તેની ખબર ન તો અમલને કે ન તો ચારુને પડી.

હવે તો અમલનું લેખન જ તેમની ચર્ચાનો અને ડાહી વાતોનો મુખ્ય વિષય બની ગયો. અમલ આવીને કહેતો, "બૌઠાન, એક અદ્‌ભુત કલ્પના મારા મગજમાં આવી છે."

ચારુ ઉત્સાહિત થઈ બોલતી, "ચાલ, આપણા દક્ષિણના વરંડામાં જઈએ. અહીં હમણાં તો મંદા પાન બનાવવા આવશે."

ચારુ કાશ્મીરી વરંડામાં એક જૂની નેતરની ખુરસીમાં આવી બેસતી અને અમલ રેલીંગના ઊંચા સળિયા ઉપર બેસી પગ લટકતા મૂકતો.

અમલના લેખનનો વિષય કંઇ છેક સહેલાઇથી જાણી જવાય એવો ન હતો. એ શોધી કાઢવો બહુ મુશ્કેલ હતો. ગોળા વાળીને એ જે રીતે બોલતો હતો એ રીતે તો સ્પષ્ટ સમજવું ય કોઇના ગજામાં ન હતું. અમલ પોતે જ વારંવાર બોલતો, "બૌઠાન, તમને બરાબર સમજાવી જ શકતો નથી."

ચારુ કહેતી. "ના; હું ઘણું તો સમજી ગઈ છું. તું આટલું તો લખી નાખ, મોડું ન કર."

એ થોડુંક સમજવું, થોડુંક ન સમજવું ! ઘણી વસ્તુની તો કલ્પના કરી લઈ, અમલના વ્યક્ત કરવાના આવેગથી ઉત્તેજિત બની જઇ, ચારુ મનમાં એવું જ કંઇ નિર્માણ કરી લેતી કે એમાંથી એને સુખ મળતું અને તે આતુર અધીર બની ઊઠતી.

ચારુ એ જ સાંજે પૂછતી, "એટલામાં તે શું લખાય ?"
અમલ જવાબ આપતો, "એટલામાં તે શું લખાય ?"

સરકારી જિલ્લા પુસ્તકાલય

ચારુ બીજે દિવસે સવારે કજિયો કરતી હોય એવા સ્વરે પૂછતી "કેમ, તેં હજી લખ્યું નથી?"

અમલ જવાબ આપતો, "બેસો, જરા વિચાર કરી લઉં."

ચારુ ગુસ્સો કરી બોલતી. "તો જા—"

સાંજે એ જ ક્રોધ ગાઢો રંગ પકડતાં ચારુ જ્યારે વાત બંધ કરવા મથતી, ત્યારે અમલ રૂમાલ બહાર કાઢવાના બહાને લખેલા કાગળ ખીસામાંથી જરાક જ બહાર કાઢતો.

તરત જ ચારુનું મૌન ઊડી જતું. તે બોલી ઊઠતી, "એ, તેં તો લખ્યું છે ને! પાછો મને છેતરે છે? બતાવ."

અમલ બોલતો. "હજુ પૂરું થયું નથી. હજી થોડુંક લખીને વંચાવીશ."

ચારુ—"ના, હમણાં જ સંભળાવવું પડશે."

અમલ પોતે જ એ વખતે સંભળાવવા માટે તલપાપડ તો હોય જ, પણ ચારુને થોડી વાર ટટળાવ્યા વિના તે સંભળાવતો નહિ. ત્યાર બાદ અમલ કાગળ હાથમાં રાખી પહેલાં તો પાનાં ગોઠવતો અને પછી પેનસિલ વડે એકાદ બે ઠેકાણે જરા સુધારતો હોય એમ કરતો રહેતો. એ બધો વખત ચારુનું દિલ પુલકિત, કૌતુહલપૂર્ણ જલભરપૂર મેઘની જેમ પેલા પત્રસમૂહો ભણી ઝૂકી પડતું.

અમલ બે ચાર પેરેગ્રાફ-જ્યારે અને જે કાંઈ લખે કે તરત જ—તેણે ચારુને સંભળાવવા પડતા. બાકીનો અણલખાયેલો ભાગ ચર્ચા અને કલ્પનામાં બંનેની વચ્ચે સર્જાતો રહેતો.

આટલા દિવસ તો બંને જણાં આકાશકુસુમ વીણવામાં જ નિમગ્ન હતાં. હવે વાક્યકુસુમના વીણામણમાં પડ્યાં હોઈ બંને જણાં બીજું બધું ભૂલી ગયાં હતાં.

એક દિવસ બપોરે અમલ કૉલેજમાંથી પાછો ફરતાં તેનું ખીસું ખૂબ ભરેલું હોય એમ લાગ્યું. અમલ ઘરમાં દાખલ થયો ત્યારે તેના ભરેલા ખીસા ભણી ચારુની દૃષ્ટિ અંતઃપુરના ઝરૂખામાં રહ્યા રહ્યા પડી.

અમલ રોજ તો કૉલેજથી આવતાં વેંત અંદરના ખંડમાં દાખલ થવામાં વાર લગાડતો નહિ. આજે તે તેના ભરેલા ખીસા સાથે બહારના જ ખંડમાં રહ્યો. અંદર આવ્યો નહિ.

ચારુએ અંતઃપુરના વરંડાને છેડે આવી અનેક વાર તાળી વગાડી, પણ કોઈએ સાંભળ્યું જ નહિ! ચારુ જરા ગુસ્સે થઇ મન્મથ દત્તની એક ચોપડી હાથમાં લઇ વરંડામાં આવી વાંચવાનો પ્રયત્ન કરવા લાગી.

મન્મથ દત્ત નવો જ લેખક હતો. તેની લખવાની ઢબ અમલને ઘણી મળતી હતી. એટલે તો અમલ કદી તેની પ્રશંસા કરતો નહિ, કદીક કદીક ચારુ પાસે તેના પુસ્તકનું વિકૃત વાંચન કરી તેની મશ્કરી ઉડાવતો. ચારુ અમલ પાસેથી એ ચોપડી પડાવી લઈ અવજ્ઞાપૂર્વક દૂર ફેંકી દેતી.

આજે અમલનો પદરવ ચારુને કાને પડતાં જ તે મન્મથદત્તનું 'કલકંઠ' નામનું પુસ્તક મોં સામે ધરી અત્યંત એકાગ્ર ભાવે વાંચવા લાગી ગઈ.

અમલ અંદર દાખલ થયો. ચારુએ ધ્યાન જ આપ્યું નહિ. અમલે પૂછ્યું, "બૌઠાન, શું વંચાય છે?"

ચારુ બોલી, "ઉફ્! હેરાન ન કરો. મને વાંચવા દો."

પીઠ પાછળ ઊભીને અમલ વ્યગંપૂર્ણ સ્વરે વાંચવા લાગ્યો— "હું તૃણ છું. શુદ્ધ તૃણ છું; ભાઈ રકતામ્બર રાજવેશધારી અશોક! હું તૃણમાત્ર છું. મારે ફૂલ નથી, મારે છાયા નથી, મારું મસ્તક હું આકાશ ભણી ઊંચુ કરી શકતો નથી. વસંતની કોકિલ મારે આશ્રયે રહીને કૂહુ સ્વરે જગતને મત્ત બનાવતી નથી. તો પણ ભાઈ અશોક, તમારી એ પુષ્પભરપૂર ઉચ્ચ શાખા ઉપર બેસી તમે મારી ઉપેક્ષા કરશો મા. તમારે પગ તળે પડેલું હું તૃણ છું, તો ય મારો તુચ્છકાર

કરશો મા."

અમલે આટલું અંદરથી વાંચ્યું અને પછી મશ્કરી કરતો હોય એમ પોતે આગળ ગોઠવીને બોલ્યો, "હું કેળાંની લૂમ છું, કાચાં કેળાંની લૂમ છું. ભાઈ કોળા ! ભાઈ, ઘરના છાપરાના વિહારી કોળા ! હું સાચે જ બિલકુલ જ કાચાં કેળાની લૂમ છું."

ચારુ રમુજને કારણે ગુસ્સો તો કરી શકી નહિ. હસી ઊઠી ચોપડી ફેંકી દઇ બોલી, "તું તો ભારે દુષ્ટ છે. પોતાના સિવાયનું કોઇનું લખેલું જ તને પસંદ આવતું નથી !"

અમલ બોલ્યો, "તમારી તો જબરી ઉદારતા છે. તમે તો તણખલું ય ગળીને પેટમાં ઉતારવા માગો છો ?"

ચારુ—"વારુ, મહાશય, મશ્કરી ના કરો. ખીસામાં શું છે ? બહાર કાઢો જોઉં."

અમલ—"શું હશે ધારો તો ? "

ઘણો વખત સુધી ચારુને ખીજવીને અમલે ખીસામાંથી 'સરોરુહ' નામનું પ્રખ્યાત માસિક બહાર કાઢ્યું.

ચારુએ જોયું તો એ માસિકમાં અમલનો પેલો 'નોટબૂક' નામનો જ નિબંધ પ્રસિદ્ધ થયો હતો.

ચારુ એ જોઇ મૂંગી રહી. અમલે તો માન્યું હતું કે તેથી ઔઠાન ખૂબ જ ખુશી થઈ જશે. પરંતુ એવું કંઈ ચિહ્ન ન જણાતાં તે બોલ્યો. "સરોરુહમાં જેવો તેવો લેખ કંઇ છપાતો નથી !" અમલે બીજું પણ ઘણું બોલી નાંખ્યું. ખરી રીતે તો, ચાલ્યાં જાય એવું જે કાંઇ લખાણ હાથમાં આવતાં સંપાદક છોડે એમ ન હતા. તેમ છતાં અમલે એમ સમજાવી દીધું કે, સંપાદક ભારે સખત માણસ છે. સો નિબંધમાંથી એકાદ જ પસંદ કરે!"

આ સાંભળી ચારુ ખુશ થવાનો પ્રયત્ન કરવા લાગી, પણ ખુશ થઇ શકી નહિ. શાથી તેને મનમાં આઘાત થતો હતો તે શોધી કાઢવા તેણે પ્રયત્ન કર્યો. પણ કશું સંગત કારણ હાથ આવ્યું નહિ.

અમલનું લખાણ એટલે અમલ અને ચારુ બંનેની જ સંપત્તિ. અમલ લેખક અને ચારુ પાઠક. આ એકાંતિકતા જ તેનો મુખ્ય રસ હતો. આ લખાણ બધાં વાંચશે અને અનેક એની પ્રસંસા કરશે. એથી ચારુને શાથી જે આટલી વ્યથા થઈ રહી હતી. તે પોતે જ બરાબર સમજી શકી નહિ.

પરંતુ લેખકની આકાંક્ષા કંઇ એક જ પાઠકથી બહુ દિવસ તૃપ્ત થતી નથી. અમલે તેનું લખાણ છાપાવવાનો આરંભ કર્યો, પ્રશંસા પણ પામ્યો.

વચમાં વચમાં પ્રશંસકોના પત્રો પણ આવવા લાગ્યા. અમલ એ પત્રો બૌઠાનને બતાવતો. ચારુ એથી આનંદ પણ પામતી, દુ:ખી પણ થતી. હવે અમલને લેખનમાં પ્રવૃત્ત કરવા માટે એક માત્ર તેનો જ ઉત્સાહ અને ઉત્તેજના પ્રયોજનીય રહ્યાં ન હતાં.

અમલ ઉપર વચમાં વચમાં નામઠામ વિનાની કોક રમણીનો પત્ર પણ આવવા લાગ્યો. એના ઉપર ચારુ અમલની મશ્કરી પણ કરતી, પરંતુ એથી એને પોતાને ય સુખ થતું નહિ.

એકાએક તેમની કમિટીનાં બંધબારણાં ખોલી નાંખીને બંગાળનો વાંચકસમૂહ તેમની બંનેની વચ્ચે આવી ઉભો હતો !

*

ભૂપતિ એક રજાના દિવસે કહેવા લાગ્યો, "જો તો ચારુ, આપણો અમલ આટલું બધું સારું લખી શકતો હશે, એની તો મને જરાય ખબર ન હતી!"

ભૂપતિએ કરેલી આ પ્રશંસાથી ચારુ આનંદ પામી. અમલ ભૂપતિનો આશ્રિત હતો, પરંતુ બીજા આશ્રિતોમાં ને અમલમાં ઘણો બધો ફેર છે. એ વાત તેના સ્વામી જાણતા હતા એ જાણી ચારુને જાણે ગર્વ થયો. એનો ભાવ એ હતો કે, હું અમલ ઉપર આટલો બધો સ્નેહ આટલા દિવસથી શું કામ રાખું છું એ

વાત તમને આટલે દહાડે સમજાઈ—મને તો ઘણા દિવસ પહેલાંથી અમલની આ શક્તિ દેખાઈ ગઈ હતી, કે અમલ કોઇની અવજ્ઞાને યોગ્ય નથી.

ચારુએ પૂછ્યું : "તમે એનું લખેલું વાંચ્યું છે ?"

ભૂપતિએ કહ્યું : "હા—ના. બરાબર ધ્યાન દઇને નહિ. વખત નથી મળતો, પણ અમારો નિશિકાંત વાંચીને ખૂબ પ્રશંસા કરતો હતો. એ પોતેય બંગાળી ઘણું સારું લખે છે."

ભૂપતિના દિલમાં અમલને સાટે સન્માન જાગે એ જ ચારુની આંતરિક ઇચ્છા હતી.

## ( ૩ )

ઉમાપદ ભૂપતિને છાપાના ગ્રાહકોને ચાર પાંચ જાતની ભેટ આપવાની વાત સમજાવી રહ્યો હતો. આવી ભેટ આપવામાં નુકસાન થવાને બદલે કેવી રીતે લાભ થાય, એ વાત ભૂપતિ કેમે સમજી શકતો ન હતો.

ચારુ એક વાર ખંડમાં દાખલ થતાં જ ઉમાપદને જોઇ પાછી ચાલી ગઇ. થોડી વારે ફરી કરીને પાછી આવી જોયું તો બન્ને જણ હિસાબ ગણવામાં નિમગ્ન હતા.

ઉમાપદ ચારુની અસ્વસ્થતા જોઇ કંઇક બહાનું કાઢી બહાર ગયો. ભૂપતિ હિસાબ સાથે માથું ફોડવા લાગ્યો.

ચારુ અંદર આવી બોલી, "હજી જાણે તમારું કામ પૂરું થયું નથી! આ કાગળિયામાં રાત-દહાડો કેવી રીતે વીતે છે એનો જ હું વિચાર કરું છું."

ભૂપતિ હિસાબ ખસેડી દઈ જરાક હસ્યો. મનમાં મનમાં વિચાર કરવા લાગ્યો—'ખરેખર, ચારુ તરફ બિલકુલ ધ્યાન આપવાનો મને વખત જ મળતો નથી! ભારે અન્યાય! એ બિચારીની

પાસે તો સમય વીતાવવા માટે કંઈ નથી.'

ભૂપતિ સ્નેહભરપૂર સ્વરે બોલ્યો, "આજે કંઈ તમારૂં વાંચવાનું ચાલતું નથી! માસ્તર ભાગી ગયો કે શું? તારી નિશાળમાં તો ઊલટો જ નિયમ લાગે છે, વિદ્યાર્થિની બગલમાં ચોપડી મારી તૈયાર, પણ માસ્તર જ ભાગેડુ! આજકાલ અમલ તને પહેલાંની જેમ નિયમિત ભણાવતો હોય એમ લાગતું નથી."

ચારૂ બોલી, "ભણાવવામાં અમલનો વખત બગાડવો શું ઠીક છે? અમલને તે તમે કોઈ સામાન્ય પ્રાઈવેટ ટ્યુટર સમજ્યા?"

ભૂપતિએ ચારૂને કમરેથી પકડી પોતાની પાસે ખેંચી અને પૂછ્યું, "આ તે કંઈ સામાન્ય પ્રાઇવેટ ટ્યુશન જેવું છે? તારા જેવી બૌઢાનને ભણાવવા માટે તો......

ચારૂ—બસ, બસ, હવે વધારે બોલો ના. સ્વામી થઈને જો તમે ન સંભાળો તો બીજું કોણ શું કરવાનું હતું?

ભૂપતિ જરા આઘાત પામી બોલ્યો, "વારૂ કાલથી હું તને ભણાવીશ. તારી ચોપડી લાવ જોઉં. તું શું ભણે છે એ તો જોઇ લઉં."

ચારૂ—"ખૂબ બધું ભણાઇ ગયું છે. તમારે હવે ભણાવવાની ય જરૂર નહિ પડે, આ અત્યારની જેમ છાપાના હિસાબો જ કરશો કે પછી બીજે ક્યાંક ધ્યાન આપશો, બોલો?"

ભૂપતિ બોલ્યો, "તું જ્યાં મારૂં મન લઇ જવા માગતી હશે ત્યાં એ જશે, બોલ."

ચારૂ—"વારુ તો લો. અમલનું આ વાંચી જાવ, કેવું અદ્દ્ભુત છે? સંપાદકે અમલને લખ્યું છે કે એ વાંચીને તો નવગોપાલબાબુએ તેને બંગાળના રસ્કીનની ઉપમા આપી છે."

આ સાંભળી ભૂપતિએ જરા સંકોચપૂર્વક એ કાગળો હાથમાં લીધા, ઉઘાડીને જોયું તો લેખનું નામ 'આષાઢનો ચંદ્ર' હતું. ગયા બે અઠવાડિયાં થયાં ભૂપતિ મધ્યસ્થ સરકારના બજેટની સમાલોચના

કરવામાં મોટા મોટા આંકડા જ ઉકેલ્યા કરતો હતો. એ બધા આંકડા બહુપદ કીટની જેમ તેના માથામાં વિવિધ સ્વરૂપે ઘૂમી રહ્યા હતા. એવે વખતે એકાએક બંગાળી ભાષામાં 'આષાઢનો ચંદ્ર' વાંચી જવા જેટલી તૈયારી તેના મનની ન હતી. અને એ નિબંધ યે કંઇક છેક નાનો ન હતો.

લેખ આવી રીતે શરૂ થતો હતો—"આજે શું કામ આષાઢનો ચંદ્ર આખી રાત વાદળામાં આમ છુપાઈ છુપાઇને ફરી રહ્યો છે? જાણે સ્વર્ગમાંથી તે કાંઇક ચોરી કરીને આવ્યો લાગે છે, જાણે તેના કલંકને આવરવાનું કોઇ સ્થાન નથી! ફાગણમાં જ્યારે આકાશને ખૂણેખાંચરે યે મૂઠીભર મેઘ ન હતો, ત્યારે તો જગતની આંખોની સામે તે નિર્લજ્જની જેમ ઉન્મુક્ત આકાશમાં પોતાને જાહેર કરી રહ્યો હતો. અને આજે એનું એ ઢગલા હાસ્ય, શિશુના સ્વપ્નની જેમ, પ્રિયાની સ્મૃતિની જેમ, સુરેશ્વરી શચીની અલકગૂંથી મુક્તાની માલાની જેમ—'

ભૂપતિએ માથું હલાવી કહ્યું, "લખે છે તો સારું પણ મને શું—હું તે કંઇ આ બધી કવિતા સમજું છું?"

ચારુએ સંકોચાઈને ભૂપતિના હાથમાંથી કાગળો પાછા લેતાં કહ્યું, "તો તમે સમજો છો શું?"

ભૂપતિએ કહ્યું, "હું તો દુનિયાદારીનો આદમી, હું તો માણસને ઓળખું."

ચારુએ પૂછ્યું, "માણસની વાત સાહિત્યમાં ના લખાય શું?"

ભૂપતિએ કહ્યું, "લખે તો ખોટું લખે. એ ઉપરાંત માણસ જ્યારે સશરીર અસ્તિત્વ ધરાવતો હોય ત્યારે બનાવટી વાર્તામાં એને વણવાની શી જરૂર?"

એમ બોલી તેણે ચારુલતાની હડપચી પકડી કહ્યું, "જો ને, આ હું તને ઓળખું છું—પણ એને માટે શું મેઘનાદ વધ. કવિ-કંકણ ચંડી પહેલેથી છેલ્લે સુધી વાંચી જવાની કંઇ જરૂર છે?"

ભૂપતિ પોતે કાવ્ય નથી સમજી શકતો એમ કહી ગર્વ લેતો. તો પણ અમલના લેખો સારી પેઠે વાંચ્યા ન હોવા છતાં પણ તેના પ્રત્યે ભૂપતિને એક પ્રકારની શ્રદ્ધા હતી. ભૂપતિને એમ થતું કે આમાં કહેવા જેવી વાત કશી નથી છતાં આટઆટલું નકામુ બનાવી કાઢી લખવાનું તો માથું કૂટી મરી જાઉં તો ય મારાથી થઈ ન શકે. અમલના પેટમાં આટલી બધી શક્તિ હતી, એ તો કોણ જાણતુ હતું?

ભૂપતિ પોતાની રસજ્ઞતાનો અસ્વીકાર કરતો. પરંતુ સાહિત્ય પ્રતિ તેની કૃપણુતા ન હતી. કોઇ ગરીબ લેખક એણે વળગતો તો તે તેની ચોપડી છપાવવા જેટલું ખરચ પણ આપતોઃ સાથે સાથે, ખાસ કરીને એટલું કહી દેતો કે, મને અર્પણ ન કરતા.' બંગાળનાં નાનાં મોટાં બધાં સાપ્તાહિક અને માસિકપત્રો, જાણીતાં, અજાણ્યાં, વાંચવા જેવાં નહિ વાંચવા જેવાં બધાં તે ખરીદતો. એ કહેતો, 'એક તો વાંચતો નથી. એમાં વળી જો ખરીદું નહિ તો એવું પાપ થાય, જેને માટે પ્રાયશ્ચિત પણ ન હોઈ શકે?' અને તે પોતે વાંચતો નહિ એટલે તો તેને ઊતરતી કક્ષાના પુસ્તક પ્રત્યે પણ લેશમાત્ર ઘૃણા ન હતી. એથી તો એની બંગાળી લાયબ્રેરી સંપૂર્ણ હતી.

અમલ ભૂપતિને અંગ્રેજી પ્રૂફ સુધારી આપવામાં મદદ કરતો. કોઇ એક જણુનો ન ઊકલે તેવા અક્ષરો વાળો લેખ બતાવવા માટે તે એક થોકડી કાગળો લઈ અંદર દાખલ થયો.

ભૂપતિ હસીને બોલ્યો, "અમલ, તું તારે આષાઢના ચંદ્ર અને ભાદ્રના પાકા તાલ ઉપર તારી ઇચ્છામાં આવે એટલું લખ. એમાં મને જરાય વાંધો નથી, હું કોઈની ય સ્વાધીનતા ઉપર હાથ નાંખવા ઇચ્છતો નથી. પરંતુ મારી સ્વાધિનતા ઉપર યે શું કામ હસ્તક્ષેપ? આ તારી બૌઠાન બધું વંચાવ્યા વિના મને છોડતી નથી. આ તે એનો કેવો અત્યાચાર?"

અમલ હસીને બોલ્યો, "એમ કે બૌઠાન? પણ, મારા લેખો

લઈ તમે દાદા ઉપર જુલમ કરવાનો રસ્તો કાઢ્યો છે, એની ખબર પડતાં હું લખવાનું સાવ બંધ કરી દઈશ જો."

સાહિત્યરસથી વિમુખ એવા ભૂપતિ પાસે તેના અત્યંત દર્દભરપૂર લખાણો લાવીને લેખોનું અપમાન કરવામાં આવ્યું હતું એમ વિચારી અમલ મનમાં તો ચારુ ઉપર ચીડાયો હતો અને ચારુ પણ એ જ વખતે એ સમજી જઈને વેદના પામી હતી. વાત પલટવા માટે તેણે ભૂપતિને કહ્યું, "તમારા ભાઈનાં હવે લગન કરો. પછી લેખનો ઉપદ્રવ સહન કરવો નહિ પડે."

ભૂપતિ બોલો, "આજકાલના છોકરા કંઈ અમારા જેવા મોટ નથી હોતા. એમના લખાણમાં જેટલું કવિત્વ હોય છે, એટલું શાણપણ એમના વર્તનમાં હોય છે. તું પોતે તો તારા દિયરને લગન કરવા માટે રાજી કરી શકી નહિ?"

ચારુના ગયા પછી ભૂપતિએ અમલને કહ્યું, "અમલ, મારે તો આ કાગળોના ગંજમાં રહેવું પડે છે. ચારુ બિચારી એકલી પડે છે. એને કંઇ કામ હોતું નથી. વચ્ચે વચ્ચે મારા આ લખવાના ખંડમાં ડોકિયું કરી ચાલી જાય છે, શું કરવું બોલ? તું અમલ, જો એને કંઈ વાંચવા કરવામાં રોકી રાખે તો સારું થાય. કદીક કદીક ચારુને જો તું અંગ્રેજી કાવ્યોમાંથી ભાષાંતર કરીને સંભળાવે તો ય એને ફાયદો થશે. અને એને સારું યે લાગશે. ચારુને સાહિત્યમાં બહુ રસરુચિ છે."

અમલે કહ્યું, "એ તો છે જ. બૌઠાન જો હજી થોડું વધારે વાંચવા કરવાનું કરે તો મારી ખાત્રી છે કે તેઓ પોતે જ સારું લખતાં થઈ જશે."

ભૂપતિએ હસીને કહ્યું "એવી બધી તો કંઈ આશા રાખતો નથી. પણ ચારુ બંગાળીમાં શું સારું ને શું ઊતરતું એ મારા કરતાં ઘણું વધારે જાણે છે."

અમલ—"એમની કલ્પનાશક્તિ ખૂબ જ છે. સ્ત્રીઓમાં એટલી દેખાતી નથી."

ભૂપતિ—"પુરુષોમાંય ઓછી દેખા દે છે. એનો તો હું સાક્ષી છું. વારુ, તું જો તારી બૌઠાનને સારું લખતી બનાવી શકે તો હું તને ઇનામ આપીશ."

અમલ—"શું આપશો, કહો જોઉં ?"

ભૂપતિ—"તારી બૌઠાકુરનની જોડી ખોળી લાવીશ તારે માટે."

અમલ—"અને પછી મારે એને લઈને વાંચવું પડશે ! આખી જિંદગી કોકને કોકને તૈયાર કરવામાં જ મારે વીતાવવાની ?"

બંને ભાઈઓ આજકાલના જુવાનો હતા. કોઈ વાત એમને મોઢે ખંચકાતી ન હતી.

## (૪)

**વા**ચકસમૂહમાં હવે અમલ સન્માન પામી ચૂકયો છે. પહેલાં તો એ નિશાળના વિદ્યાર્થીની જેમ રહેતો. હવે તો જાણે સમાજના માનદ મહાશયની જેમ તેની ગણના થાય છે. કદીક કદીક તે સભામાં સાહિત્યપ્રબંધ વાંચતો, તંત્રીઓના દૂતો એને આંગણે આવી બેસી રહેતા, તેને આમંત્રણો આપી જમાડતા, જુદી જુદી સભાઓના સભ્ય અને સભાપતિ થવા માટે તેની પાસે વિનંતીઓ આવતી. ભૂપતિના ઘરમાં તમામ દાસદાસી તથા આત્મીય સ્વજનની આંખે ય તેની પ્રતિષ્ઠા વધી ગઈ છે.

મંદાકિની આજ લગી તો તેને ખાસ કંઈ મહત્વના માણસ તરીકે ગણતી ન હતી. અમલ અને ચારુના હાસ્યાલાપોને તે છોકરમત ગણી, તેની ઉપેક્ષા કરી પાન બનાવતી ઘરના કામકાજમાં ગૂંથાઈ રહેતી. પોતાને તે એ લોકો કરતાં ઊંચી અને દુનિયાદારીની વાતમાં પોતા વિના ન ચાલે એવું માનતી.

અમલ બેસુમાર પાન ખાતો. મંદા ઉપર પાન તૈયાર કરવાનો ભાર હોઈ તે પાનના આ અયોગ્ય વ્યયને કારણે નાખુશ થતી. ચારુને હથિયાર બનાવી મંદાનો પાનનો બધો ભંડાર લૂંટી લાવવામાં અમલને એક પ્રકારનો આનંદ આવતો. પરંતુ આ શોખીલાં બે ચોરોની ચૌર્યકર્મની ગમ્મત મંદાને આનંદ આપી શકતી નહિ.

ખરી વાત તો—એક આશ્રિત બીજા એક આશ્રિતને પ્રસન્ન નેત્રે જોઇ શકતું નથી. અમલને માટે મંદાને જે કાંઇ વધારે ગૃહકર્મ કરવું પડતું, તેટલા પૂરતું કેમ જાણે તેને અપમાન જેવુ લાગતું. ચારુ અમલ માટે પક્ષપાત રાખતી હતી. એટલે તો મોં ખોલીને તે કંઇ બોલી શકતી ય નહિ. પરંતુ અમલને ઉતારી પાડવાનો પ્રયત્ન તે હમેશાં કરતી રહેતી. પ્રસંગ આવતાં દાસદાસીઓ પાસે ય છાનીમાની અમલ ઉપર ટાણાં મારવાનું ચૂકતી નહિ. દાસદાસીઓ પણ એમાં સૂર પૂરાવતાં.

પરંતુ અમલનો જ્યારે અભ્યુત્થાન થયો ત્યારે મંદા ચોંકી ઊઠી. પેલો અમલ રહ્યો નથી, હવે તો એની સંકોચશીલ નમ્રતા બિલકુલ ચાલી ગઇ છે. બીજાની અવજ્ઞા કરવા સુદ્ધાંનો અધિકાર હવે એના હાથમાં છે. સંસારમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી જે પુરુષ નિઃસંશયપણે, અકુંઠિતભાવે પોતાનો પ્રચાર કરી શકે છે, જે માણસે એક પ્રકારનો નિશ્ચિત અધિકાર પ્રાપ્ત કર્યો છે, તે સમર્થ પુરુષ—સહેજે નારીની દૃષ્ટિનું આકર્ષણ કરી જ શકે છે.

મંદાએ જ્યારે જોયું કે અમલ ચારે બાજુથી માન પામે છે ત્યારે તેણે ય અમલના ઉચ્ચ મસ્તક ભણી મોં ઊંચું કરી જોયું.

અમલના તરુણ મુખ ઉપરની ગર્વોજ્જવલ દીપ્તિએ મંદાની આંખમાં મોહના અંજન આંજ્યાં. તેણે જાણે અમલને નવે જ સ્વરૂપે જોયો.

હવે તો પાનની ચોરી કરવાની જરૂર રહી નહિ. અમલની ખ્યાતિ વધતાં ચારુને આ જ એક નુકસાન થયું. તેને હથિયાર બના-

વવામાં જે કૌતુક હતું તે હવે તૂટી ગયું. પાન હવે તો અમલની પાસે પોતે આવી પડતું. કશો અભાવ રહેતો નહિ.

તે ઉપરાંત તેઓ બંને જણ ભેગાં થઈને મંદાકિનીને કુશળતાપૂર્વક દૂર રાખી જે આનંદ મેળવતાં તે ય હવે ખલાસ થવાની તૈયારીઓ થઈ રહી છે. મંદાને દૂર રાખવી મુશ્કેલ બન્યું. અમલ એમ માને કે ચારૂ જ તેની એક માત્ર મિત્ર અને કદરદાન છે એ વાત મંદાથી સહેવાતી નહિ. પહેલાંની બધી અવજ્ઞાનો તે વ્યાજ સાથે બદલો લેવા તૈયાર થઈ હતી. એથી કરીને અમલ અને ચારૂ ભેગાં થતાં જ મંદા કોઈ ને કોઈ બહાને વચમાં આવી પોતાની છાયા પાથરી 'ગ્રહણ' કરી મૂકતી. એથી તો, મંદાના આ પરિવર્તનની મશ્કરી, તેની ગેરહાજરીમાં કરવાનો અવસર જ ચારૂને માટે મુશ્કેલ બની ગયો.

મંદાનો આ અણઆમંત્ર્યો પ્રવેશ ચારુને જેટલો કંટાળાભર્યો લાગતો તેટલો અમલને લાગતો ન હતો. એ કહેવાની જરૂર જ નથી. પહેલાંની વિમુખ રમણીનું ચિત્ત હવે ધીમે ધીમે અમલ પ્રતિ ફરી રહ્યું છે એથી ચારુ એક પ્રકારની વ્યગ્રતા અનુભવતી.

પરંતુ, ચારુ જ્યારે દૂરથી મંદાને જોઈ તીવ્ર મૃદુ સ્વરે બોલતી, "આ આવી"—ત્યારે અમલ બોલી ઊઠતો, "વાહરે રે ! ઈર્ષ્યા આવતી લાગે છે !"

દુનિયાના તમામ માણસો પ્રત્યે અસહિષ્ણુતા વ્યક્ત કરવાનો અમલનો દસ્તુર પડી ગયો હતો, તે એ કેવી રીતે એકાએક છોડી દઈ શકે ? આખરે, મંદાકિની છેક પાસે આવતાં અમલ જાણે મહાપ્રયત્ને સૌજન્ય બતાવતો, બોલતો, "ઠીક તો મંદા બૌઠાન, આજે તમારા પાનના દાબડા ઉપર ધાડ પડવાનાં કાંઈ લક્ષણ દેખાયાં ?"

મંદા—"જ્યારે જોઇએ ત્યારે મળે, પછી ભાઈ, શું કામ ચોરી કરવી પડે ?"

અમલ—"જોઈએ ને મળે એના કરતાં પેલામાં મઝા વધારે."

મંદા—"તમે શું વાંચતા હતાં, વાંચો ને ભાઈ, અટકી શું કામ ગયા ? મને સાંભળવું બહુ ગમે છે."

આજ પહેલાં તો વાંચવા કે સાંભળવામાં ખ્યાતિ પ્રાપ્ત કરવાનો લેશ માત્ર પ્રયત્ન મંદાએ કર્યો હોય એમ જાણમાં નથી. પરંતુ कालोहि बलवत्तरः !

ચારુની જરાય ઈચ્છા ન હતી કે અરસિક મંદાની આગળ અમલ વાંચે. અમલની ઈચ્છા હતી કે મંદા પણ તેનું લખેલું સાંભળે.

ચારુ—"અમલે 'કમલાકાન્તના દફતર*'ની સમાલોચના લખી છે, એ તે તને—"

મંદા—"છો અમે મૂરખ રહ્યાં. પણ સાંભળ્યા પછી ય કંઈ સમજતાં નહિ હોઈએ ?"

એ વખતે પાછલા એક દિવસની વાત અમલને યાદ આવી. ચારુ અને મંદા પત્તાં રમતાં હતાં. તે તેનો લેખ હાથમાં લઈને રમત પાસે આવ્યો. ચારુને સંભળાવવા તે અધીરો હતો, પણ રમત પૂરી થતી ન હતી એ જોઈ તે અકળાયો. આખરે બોલી ઊઠયો, "તો તમે રમો. બૌઠાન, હું અખિલબાબુને આ વંચાવી આવું !"

ચારુએ અમલની શાલ ખેંચીને કહ્યું, "વાહ ! બેસો ને, જાઓ છો કયાં ?" એમ બોલી મોટેથી હસી પડી એણે રમવાનું બંધ કર્યું.

મંદા બોલી "હવે તમારું વાંચવાનું ચાલશે, નહિ ? તો હું જાઉં."

ચારુએ સભ્યતા બતાવી કહ્યું, "કેમ, તમે ય સાંભળો ને ભાઈ !"

મંદા—"ના ભાઈ, મારાથી તો તમારું આ ધૂળરાખ કશું સમજાતું નથી. મને તો ઊંઘ આવે છે."

એમ બોલી તે અકાલે રમત ભંગ કરવા માટે બંને ઉપર અત્યંત ખિજાઈને ચાલી ગઈ.

એ જ મંદા આજે કમલાકાન્તની સમાલોચના સાંભળવા ઉત્સુક

---

x બંકિમચંદ્રની એક કૃતિ

છે! અમલે કહ્યું, "તો તો ઘણું સારું, મંદા બૌઠાન, તમે સાંભળશો એ તો મારાં ભારે સદ્ભાગ્ય!" એમ બોલી પાનું ફેરવી પહેલેથી વાંચવાની તેણે શરૂઆત કરી. લેખની શરૂઆતમાં જ જે રસ ભર્યો હતો તે છોડી આગળ વાંચવાની તેને ઇચ્છા ન થઈ.

ચારુ એકદમ બોલી ઉઠી, "ઠાકુરપો, તમે કહ્યું હતું કે જાહ્નવી લાયબ્રેરીમાંથી જૂનાં માસિક પત્રો આણી આપીશ!"

અમલ—"આજે નહિ."

ચારુ—"આજે જ તો! વાહ, ભૂલી ગયા?"

અમલ—"ભૂલું શાનો? તમે જ કહ્યું હતું ને—"

ચારુ—"વારુ, તો ના લાવતા. તમે વાંચો—હું જાઉં, પરેશને લાયબ્રેરીમાં મોકલીશ."

એમ બોલી ચારુ ચાલી ગઇ.

અમલના મનમાં વિપદની આશંકા આવી. મંદા મનમાં મનમાં બધું સમજી ગઈ. તેનું મન તરત જ ચારુ પ્રત્યે ઝેરથી ભરાઇ ગયું. ચારુના ચાલ્યા જતાં અમલ ઊઠવું કે નહિ એની ગડભાંગમાં હતો ત્યારે મંદાએ હસીને કહ્યું, "જાઓ ભાઇ, મનાવો એને—ચારુ ગુસ્સે થઇ છે. મને સંભળાવવા જતાં ઊલટા મુસ્કેલીમાં પડશો!"

આ પછી તો અમલને માટે ઊઠવું છેક જ મુસ્કેલ બની ગયું. અમલ ચારુ ઉપર ચીડ ઠાલવતો બોલ્યો, "શું કામ? મુસ્કેલી શાની?" —એણ બોલી તેણે લેખનાં પાનાં ઉઘાડી વાંચવાની શરૂઆત કરી.

મંદા બંને હાથે તેના લેખને ઢાંકી દઈ બોલી, "જરૂર નથી, ભાઈ, વાંચશો નહિ"

એમ બોલી જાણે આંસુ ખાળવા માટે તે ત્યાંથી બીજે ચાલી ગઈ.

## (૫)

**ચા**રુ બહાર ગઇ હતી, મંદા ઘરમાં બેસી વાળ ગૂંથતી હતી. "બૌઠાન" બોલતો અમલ ઘરમાં દાખલ થયો. મંદા ચોક્કસ જાણતી હતી કે ચારુના બહાર ગયાની ખબર અમલને હતી જ. એથી

તેણે હસીને કહ્યું, "અહા! અમલબાબુ, શોધવા કોને નીકળ્યા ને મળ્યું કોણ? એવું જ તમારું નસીબ છે ને!"

અમલે જવાબ આપ્યો, ડાબા હાથનું ય ઘાસ એ, અને જમણા હાથનું ય એ—ગધેડાને તો બંને સરખાં." એમ બોલી તે ત્યાં જ બેસી પડયો.

અમલ—"મંદા બૌદાન, તમારા દેશની વાત તો કરો. હું સાંભળું"

લેખો લખવા માટે અમલ સૌની બધી વાતો કુતૂહલપૂર્વક સાંભળતો. એ કારણે તો તે હવે મંદાની પહેલાંની જેમ ઉપેક્ષા કરતો નહિ. મંદાનું માનસ, મંદાનો ઇતિહાસ હવે તો તેની આગળ ઉત્સુકતા જન્માવતો હતો. કયાં એની જન્મભૂમિ, એનું ગામ કેવુંક છે, બાળપણ કેવી રીતે વીતાવ્યું. લગ્ન થયાં કયારે, વગેરે વાતોને શોધી શોધીને પૂછવા લાગ્યો. મંદાના જીવનવૃત્તાંત સંબંધી આટલું કુતૂહલ કોઇએ કદી વ્યક્ત કર્યું ન હતું. મંદા આનંદમાં આવી પોતાની વાત બોલ્યે જતી હતી. વચમાં વચમાં બોલતી: "શું બોલું છું? કંઈ ઠેકાણું નથી."

અમલ ઉત્સાહ આપતો બોલતો, "ના ના, મને તો સારું લાગે છે. બોલ્યે જાઓ."

મંદાના બાપને એક કાણો ગુમાસ્તો હતો. તે તેની બીજી સ્ત્રી સાથે કજિયો કરી કોક કોક દિવસ ગુસ્સામાં ને ગુસ્સામાં અનશન વ્રત લેતો. પણ ભૂખનો અગ્નિ પ્રજ્વળતાં મંદાને ત્યાં તે કેવી રીતે છૂપો આવતો અને ખાઈ જતો, પણ દૈવયોગે કેવી રીતે તેની સ્ત્રી આગળ જ પકડાઈ ગયો હતો, એ વાત જ્યારે ચાલતી હતી એવે વખતે ચારુ અંદર દાખલ થઈ.

વાતનો તાંતણો તૂટી ગયો. ચારુ આવતાં જ એકાએક સભા તૂટી પડી. ચારુએ સાફ સાફ જોયું પણ ખરું.

અમલે પૂછયું, "બૌદાન, આટલાં વહેલાં પાછાં આવ્યાં કંઇ?"

[library stamp]

ચારુએ કહ્યું, "એમ જ લાગે છે. ખૂબ વહેલી પાછી આવી પહોંચી–" એમ બોલી તે જતી રહેવા લાગી.

અમલે કહ્યું, "કેટલું સારું થયું ? હું તો વિચારતો જ હતો, કોણ જાણે ક્યારે પાછાં ફરશો ? મન્મથ દત્તની 'સંધ્યાનું પંખી' નામની નવી ચોપડી તમને વાંચી સંભળાવીશ એમ ધારી લાવ્યો છું."

ચારુ––"હમણાં રહેવા દો. મારે કામ છે."

અમલ––"કામ હોય તો મને ફરમાવો, હું કરી દઉં છું."

ચારુ જાણતી હતી કે ચોપડી ખરીદી લાવી અમલ તેને સંભળાવવા આવશે. ચારુ ઈર્ષ્યા જન્માવવા ખાતર મન્મથનાં ખૂબ વખાણ કરશે, અને અમલ એ જ પુસ્તકને વિકૃત રીતે વાંચી તેની મશ્કરી કર્યા કરશે. આ બધી કલ્પના કરીને જ જ્યાં ગઈ હતી ત્યાંથી સામાન્ય અનુનય વિનયનું ઉલ્લંઘન કરીને 'ઠીક નથી' નું બહાનું કાઢી અધીરાઈપૂર્વક ઘેર ચાલી આવી હતી. હવે એને થયા કરતું હતું કે ત્યાં રહી હોત તો સારું થાત; ચાલી આવી તે અયોગ્ય થયું.

મંદા ય કંઇ ઓછી છે? અમલ સાથે એકલી એક ખંડમાં બેસી દાંત કાઢી કાઢી હસે છે! લોક જુએ તો શું કહે? પણ મંદાને એટલા સારુ ઠપકો આપવો ય ચારુ માટે મુશ્કેલ વાત હતી. કેમકે મંદા જો તેનું જ દૃષ્ટાંત આપી બેસે તો શો જવાબ દેવો ? પણ એની વાત ક્યાં, ને આની વાત ક્યાં? એ તો અમલને નવું લખવામાં ઉત્સાહ આપતી, અમલ સાથે સાહિત્યાલોચના કરતી, પણ મંદાને તો કંઇ એવું કારણ નથી. મંદા તો જરૂર એક સરળ યુવકને મોહપાશમાં ફસાવવાની જ જાળ પાથરી રહી હતી! આ ભયંકર વિપદમાંથી બિચારા અમલને બચાવવાનું તેનું કર્તવ્ય હતું. અમલને આ માયાવિનીની મતલબ કેવી રીતે સમજાવવી ? અને સમજાવવા જતાં તેની પ્રલોભનવૃત્તિ ઓછી થવાને બદલે એથી ઊલટું જ થાય તો ?

બિચારા દાદા તેના સ્વામીના છાપામાં રાતદિવસ મજૂરી કરી

---

* ચારુનો ભાઈ ઉમાપતિ—મંદાનો પતિ

[stamp]

કરી મરે છે, અને મંદા તો કોણ જાણે ક્યાંક ખૂણે બેસી અમલને ભોળવવા માટે મથી રહી છે. દાદા તો નિરાંત રાખી બેઠા છે. મંદા ઉપર એમનો અગાધ વિશ્વાસ છે. આ બધું સગી આંખે જોઈ ચારુ કેવી રીતે સ્વસ્થ રહી શકે? ભયંકર અન્યાય!

પણ પહેલાં તો અમલ સારો હતો. જે દિવસથી લેખન શરૂ કર્યું અને કીર્તિ પ્રાપ્ત કરી ત્યારથી બધો અનર્થ દેખાવા લાગ્યો છે. પણ ચારુ પોતે જ તો તેના આ લેખનના મૂળમાં હતી? કઈ કુક્ષણે તેણે અમલને ઉત્સાહ આપ્યો હતો? હવે શું પહેલાંની જેમ અમલ ઉપર તેનું ચાલવાનું છે? હવે તો અમલે પાંચ આદમીના આદરનો સ્વાદ ચાખ્યો છે. હવે એક ચારુને બાદ કરવામાં એને કંઈ બહુ નુકશાન થવાનું નથી.

ચારુએ સ્પષ્ટ જોયું કે પોતાના હાથમાંથી નીકળી પાંચ જણાના હાથમાં જઈ પડવામાં અમલને માથે ઢગલાબંધ આપત્તિ જોખાઈ રહેલી છે. અમલ હવે ચારુને પોતાની સરખે સરખી તરીકે ગણતો ન હતો; ચારુને તે છોડી ગયો છે. હવે તો એ લેખક હતો, અને ચારુ વાંચક! આનો પ્રતિકાર કરવો જ પડશે.

આહા! સરલ અમલ, માયાવિની મંદા, બિચારા દાદા!

## (૬)

એ દિવસે અષાઢના નવા મેઘથી આકાશ આચ્છાદિત હતું. ઘરમાં અંધકાર જામ્યો છે. ચારુ તેની ઉઘાડી બારી પાસે બિલકુલ ધ્યાનમગ્ન બની કંઈક લખી રહી છે.

અમલ કયારે ચૂપચાપ પાછળ આવી ઊભો એની ચારુને ખબરે પડી નહિ. વાદળના સ્નિગ્ધ પ્રકાશમાં ચારુ લખ્યે ગઈ, અમલ વાંચતો રહ્યો. પાસે જ અમલના બેએક છપાયેલા લેખો ઉઘાડા પડયા છે. ચારુની પાસે એ જ એક લેખનનો આદર્શ છે.

"ગમે તે કરો તો ય તમે લખી શકવાનાં નથી." એકાએક

અમલનો કંઠ સાંભળી ચારુ અત્યંત ચમકી ઊઠી. એકદમ નોટ સંતાડી દઈ બોલી, "તમે બહુ ખોટું કર્યું છે."

ચારુ—"લપાઈછુપાઈને શું કામ વાંચતા હતા ?"

અમલ—"ખુલ્લી રીતે વાંચવા નથી પામતો, એથી."

ચારુ એનું લખેલું ફાડી નાખવા જતી હતી, અમલે એકદમ તેના હાથમાંથી નોટ પડાવી દીધી. ચારુએ કહ્યું, "તમે જો વાંચશો તો તમારી સાથે જીવનભર અણબનાવ થશે."

અમલ—"તમે જો વાંચતો અટકાવશો તો તમારી સાથે જન્મભરનો અણબનાવ થશે."

ચારુ—"મારા સમ ઠાકુરપો, વાંચશો નહિ"

આખરે તો ચારુને જ હાર માનવી પડી. કેમકે અમલને પોતાનું લખેલું બતાવવા માટે તો તેનું મન તડફડ કરી રહ્યું હતું. તેમ છતાં, દેખાડવાને વખતે એને આટલી બધી શરમ આવશે, એવો તો તેને ખ્યાલે ન હતો. અમલ જ્યારે પુષ્કળ સમજાવટ પછી વાંચવા લાગ્યો ત્યારે શરમના માર્યા ચારુના હાથપગ બરફના જેવા ઠંડા પડી ગયા. તે બોલી, "હું પાન લઈ આવું." એમ બોલી તે પાસેના ખંડમાં જલદી જલદી ચાલી ગઈ.

અમલે વાંચવાનું પૂરું કરી ચારુ પાસે જઈ કહ્યું, "અદ્ભુત લખ્યું છે."

ચારુ પાનમાં કાથો નાખવો ભૂલી ગઈ. તે બોલી, "જાઓ, એમ મશ્કરી ન કરો. લાવો, મારી નોટ લાવો."

અમલે કહ્યું, "નોટ હમણાં નહિ મળે. આની કોપી કરી લઈ છાપામાં મોકલી આપીશ."

ચારુ—"હાસ્તો ! છાપામાં ન મોકલશો ! એ નહિ બને."

ચારુ ભારે ધાંધલ કરવા લાગી. અમલે પણ વાત છોડી નહિ. તે જ્યારે વારંવાર સમ ખાઈ કહેવા લાગ્યો: "છપાવવા જેવું લખાયું

છે. ત્યારે ચારુ જાણે બિલકુલ હતાશ બની બોલી, "તમને તો પહોંચી વળવાની શકયતા જ નથી. તમે તો જે હાથમાં પકડયું તે છોડશો જ નહિ !"

સાંભળી ચારુ પાન બનાવવાનું છોડી વેગપૂર્વક ઊભી થઈ ગઈ. નોટ પડાવી લેવાનો પ્રયત્ન કરતી બોલી, "ના. એમને નથી સંભળાવવાનું. એમને જો આની વાત કરશો તો હું કદી એક અક્ષર પણ નહિ લખું."

અમલ–"બૌઠાન, તમે તદ્દન ખોટું સમજો છો. દાદા મોઢે ગમે તે કહેતા હોય પણ તમારું લખેલું જોઇને ખુશી ખુશી થઇ જશે."

ચારુ—"છો થતા. મારે એવી ખુશીની જરૂર નથી."

ચારુ પ્રતિજ્ઞા લઇને બેઠી હતી કે એવું તો લખીશ કે, અમલ આશ્ચર્યચકિત થઈ જાય. મંદા અને એની વચ્ચે બેસુમાર ભેદ છે. એ વાત સાબિત કર્યા વિના રહેશે નહિ. થોડા દિવસથી લખી લખીને તે ફાડી નાખતી હતી. જેવી લખવા બેસે કે તરત જ અમલના જેવું જ બિલકુલ લખાઈ જાય ! મેળવી જોતાં જણાય કે કેટલોક ભાગ તો અમલના લખાણમાંથી ઉતાર્યો હોય એવો જ નીકળે ! અને એટલોજ ભાગ સારો હોય, બાકીનું બધું જેવુંતેવું. એ જોઇને અમલ જરૂર મનમાં મનમાં હસશે, એવી કલ્પના કરીને તો ચારુએ એ બધું લખાણ કટકે કટકા કરીને ફાડી નાખી *પુકુરમાં ફેંકી દીધું હતું. રખે ને એમાંનો એકે ટુકડો પાછો અમલના હાથમાં દૈવયોગે જઈ ચઢે !

પહેલાં એણે લખ્યું હતું. 'શ્રાવણનો મેઘ.' એને તો લાગ્યું હતું કે ભાવાશ્રુજલથી અભિસિંચિત આ લેખન તદ્દન નવા જ પ્રકારનું છે. પણ એકાએક ભાન આવતાં સમજાયું કે અમલના 'આષાઢનો ચંદ્ર'ની આછી પાતળી છાયા જેવું જ તે હતું. અમલે લખ્યું હતું, 'ભાઈ ચંદ્ર, તું મેઘની અંદર ચોરની જેમ સંતાતો ફરે છે શું કામ ?' ચારુએ લખ્યું હતું, 'સખી કાદમ્બિની, એકાએક કયાંથી નીકળી

---

* ઘર પાસેની નાની તલાવડી.

આવી તારા નીલ અંચલની અંદર ચંદ્રને ચોરી જઈ પલાયન કરી રહી છો ?—વગેરે.

કેમે કરતાં અમલનું અનુકરણ દૂર ન કરી શકતાં આખરે ચારુએ વિષય જ આખો ફેરવ્યો. ચંદ્ર, મેઘ, શેફાલી, 'બઉ-કથા-કો' એ બધા વિષયો છોડીને એણે 'કાલીતલા' કરીને લેખ લખ્યો. તેના ગામમાં અંધારાપુકુરની ધારે કાલીનું મંદિર આવેલું હતું. એ મંદિરે તો તેના બાલ્યકાળમાં કલ્પના, ભય, ઔત્સુક્ય જન્માવ્યાં હતાં. એને વિષેની એની સ્મૃતિ વિશેષ પ્રકારની હતી. એ જાગ્રત દેવીના માહાત્મ્ય સંબંધી ગામમાં પ્રાચીન કથા ચિરપ્રચલિત હતી. આ બધુ લઈને તેણે એક લેખ લખી નાખ્યો. એની શરૂઆતમાં અમલના લેખની શૈલીની છાયા પડી હોઈ તે કાવ્યાડમ્બર પૂર્ણ બન્યો હતો. પણ જરાક આગળ લખતાં જ તેના લખાણમાં સ્વાભાવિક સરળતા અને* પલ્લીગ્રામની ભાષા-ભંગી, આભાસ ખીલી ઊઠયાં.

આ લેખ અમલે છીનવી લઈ વાંચ્યો. તેને લાગ્યું કે શરૂઆતમાં સારો રસ જળવાઈ રહ્યો હતો, પરંતુ છેવટ સુધી કવિત્વ સચવાયું ન હતું. ગમે તે હો, પણ પ્રથમ વારની લેખિકાની માટે તો તે પ્રથમ પ્રયાસ પ્રશંસનીય હતો.

ચારુ બોલી, "ઠાકુરદા, ચાલો આપણે એક માસિક કાઢીએ. બોલો, શું કહો છો ?"

અમલ—"પણ રૂપાનાં ચકરડાંનો ઢગલો ન હોય ત્યાં સુધી માસિક શી રીતે ચાલે ?"

ચારુ—"આપણા આ માસિકમાં કશું ખર્ચ નથી. છાપી નહિ શકાય તો હાથે લખીને કાઢશું. એમાં તમારા ને મારા વિના કોઈનું લખાણ નહિ આપીએ અને કોઈને વાંચવા ય આપણે આપવું નહિ ! માત્ર બે જ નકલ કાઢશું—એક તમારે માટે, એક મારે માટે."

થોડા દિવસ પહેલાં આવો પ્રસ્તાવ આવ્યો હોત તો અમલ

---

* ગામડાની

મસ્ત બની ઊઠત. પરંતુ હવે ગુપ્તતાનો એનો ઉત્સાહ ચાલ્યો ગયો છે. હને બીજાઓને લક્ષમાં રાખીને લખ્યા વિના તેને સુખ મળતું નથી. તો પણ પાછલા દિવસનો ડોળ કાયમ રાખવા માટે તેણે ઉત્સાહ દર્શાવ્યો. તે બોલ્યો, "એ તો ભારે મજાનું થશે."

ચારુ બોલી, "પણ પ્રતિજ્ઞા કરવી પડશે કે આપણા માસિક સિવાય બીજે કયાંય તમારાથી લખી નહિ શકાય."

અમલ—"તો તો સંપાદકો મારી જ નાખશે."

ચારુ—"અને આપણા હાથમાં કેમ જાણે સામું મારવાનું હથિયાર નહિ હોય?"

આમ વાત ચાલી.

બે તંત્રીઓ, બે લેખકો અને બે વાચકો!—એમની કમિટી બેઠી. અમલ બોલ્યો, "માસિકનું નામ પાડશું 'ચારુપાઠ.'"

ચારુ બોલી, "ના, ના, એનું નામ 'અમલા'"

આ નવી વ્યવસ્થામાં ચારુ વચલા કેટલાક દિવસનું દુઃખ ભૂલી ગઈ. તેમના આ માસિકમાં મંદાને પ્રવેશવાનો કોઈ માર્ગ ન હતો એટલું જ નહિ પણ બહારના લોકોના પ્રવેશનું દ્વાર પણ વસાઈ ગયું હતું!

## [૭]

ભૂપતિએ એક દિવસ આવીને કહ્યું, "ચારુ, તું લેખિકા બની જઈશ એવી કોઇ કલ્પનાય પહેલાં તો ન હતી!"

ચારુ ચમકી પડી ઊભી થઈ બોલી "હું લેખિકા? કોણે કહ્યું તમને? બિલકુલ ખોટી વાત."

ભૂપતિ--"મુદ્દામાલ સહિત ગિરફતાર! સાબિતી હાથમાં છે. એમ બોલી ભૂપતિએ સરોરુહનો એક અંક બહાર કાઢયો. ચારુએ જોયું તો, જે બધું લખાણ તે તેની ગુપ્ત સંપત્તિ માનીને પોતાના હસ્તલિખિત માસિકમાં સંગ્રહી રહી હતી તે બધું જ લેખક-લેખિકાના નામ સાથે સરોરુહમાં પ્રસિદ્ધ થઇ ચૂકયું હતું!

કોકે જાણે તેના પાળેલા, મહાઆદરપૂર્વક પોષેલા પંખીઓને પીંજરામાંથી ઉડાડી મૂક્યાં ન હોય એવું એને લાગ્યું. ભૂપતિની પાસે પકડાઇ જવાની શરમ વીસરી જઈને વિશ્વાસઘાતી અમલ ઉપર તેના મનમાં ભારે રોષ પ્રકટ્યો.

"અને આ તો જો, જોઉં." કહી ભૂપતિએ વિશ્વબંધુ છાપું ઉઘાડી તેની સામે ધર્યું. એમાં 'આધુનિક બંગાળી સાહિત્યનું વલણ' નામક નિંબધ પ્રસિદ્ધ થયેલો હતો.

ચારુએ હાથ વડે એ હડસેલી દેતાં કહ્યું, " આ વાંચીને હું શું કરું ?" એ વખતે અમલ ઉપરની રીસને કારણે તે બીજા કશામાં ધ્યાન પરોવી શકતી ન હતી.

ભૂપતિએ મોટેથી કહ્યું, "એક વાર વાંચી તો જો. "

ચારુ ઉપર ઉપરથી આંખ ફેરવી ગઈ. કેટલાક આધુનિક લેખકોના ભાવાડંબરપૂર્ણ ગદ્યની સખત ટીકા કરતો એક કાતિલ નિબંધ લખેલો હતો. તેમાં અમલ મન્મથ દત્તનાં લખાણોની સમાલોચને ભારે ઠેકડી કરી હતી, અને તેની જ સાથે એક નવીન લેખિકા શ્રીમતી ચારુબાલાની ભાષાની અકૃત્રિમ સરલતા, અનાયાસ રસસભરતા અને ચિત્રાલેખનની નિપૂણતાની સરખામણી કરી ભારે પ્રશંસા કરી હતી. વળી લખ્યું હતું કે, આવી શૈલીનું અનુકરણ કરી સફળતા પ્રાપ્ત કરવામાં જ અમલ વગેરેનો ઉદ્ધાર રહેલો છે; નહિ તો એ લોકો બિલકુલ નિષ્ફળ જવાના છે, એ વિષે કશો સંશય નથી!

ભૂપતિએ હસીને કહ્યું, " આનું જ નામ ગુરુ કરતાં ચેલો સવાયો !"

ચારુ તેની આ પ્રશંસાથી આનંદ પામી રહી હતી. તેમ છતાં વચમાં વચમાં દુઃખી પણ થવા લાગી. તેનું મન કેમે કર્યું ખુશ થઇ શક્યું નહિ. પ્રશંસાનું લોભનીય સુધાપાત્ર હોઠસુધી આવતાં જ તે પાછું ઠેલવા લાગી! તેને લાગ્યું કે, તેનું લખાણ પ્રસિદ્ધ કરીને

અમલે તેને એકદમ ચોંકાવવાનો સંકલ્પ કર્યો હતો.

આખરે, છપાઈ ગયા પછી એણે એવું નક્કી કર્યું હોવું જોઇએ કે, કોઇ એક પત્રમાં પ્રશંસાપૂર્ણ સમાલોચના પ્રસિદ્ધ થતાં, બંને એક સામટાં બતાવીને ચારુની રોષશાંતિ અને તેના ઉત્સાહનું રક્ષણ કરી શકાશે. પણ જ્યારે પ્રશંસા પણ પ્રસિદ્ધ થઈ ચૂકી ત્યારે અમલ શું કામ મમતાપૂર્વક તેને બતાવવા આવ્યો નહિ? કેમકે આ સમાલોચનાથી અમલ આઘાત પામ્યો હતો, અને ચારુને બતાવવા ઇચ્છતો ન હતો; અને એટલા જ માટે તેણે આ પાત્ર આખું સંતાડી રાખ્યું હતું.

ચારુએ આરામને ખાતર અત્યંત ગુપ્ત રીતે જે એક ક્ષુદ્ર સાહિત્યનો માળો બાંધ્યો હતો, તેના ઉપર એકાએક પ્રશંસા રૂપી પત્થરનો વરસાદ વરસતાં એક મોટી શિલાએ તેને હલાવી નાખવાનો પ્રયત્ન કર્યો હતો, ચારુને એ બિલકુલ જ ગમ્યું નહિ.

ભૂપતિ ચાલ્યો જતાં ચારુ તેના સૂવાના ખંડના ખાટલામાં જ મૂંગી મૂંગી બેસી રહી. સામે સરોરુહ અને વિશ્વબંધુ ઉઘાડાં પડેલાં હતાં.

હાથમાં નોટ લઈ અમલ ચારુને ચકિત કરી નાખવા માટે નીરવ પગલે અંદર આવ્યો. પાસે આવી જોયું તો વિશ્વબંધુની સમાલોચના કાઢીને ચારુ નિમગ્ન ચિત્તે બેઠી છે!

ફરી નીરવ પદે અમલ બહાર ચાલ્યો ગયો. "મારી ટીકા અને ચારુના લખાણની પ્રશંસા કરેલી હોઈ આનંદમાં ને આનંદમાં ચારુ ચૈતન્ય ગુમાવી બેઠી છે." એમ માની ક્ષણવાર તેનું આખું ચિત્ત જાણે કડવું બની ગયું. ચારુ મૂર્ખ માણસની સમાલોચના વાંચી પોતાને ગુરુ કરતાં સવાઈ ગણી બેઠી છે, એમ ચોક્કસ માની લઈ અમલ ચારુ ઉપર ખૂબ ચીડાયો. ચારુને માટે તો એ પત્રને ફાડી ટુકડે ટુકડા કરી અગ્નિમાં હોમી દેવાનું જ યોગ્ય હતું!

ચારુ ઉપર ગુસ્સે થઇ અમલ મંદાના ખંડના બારણા પાસે આવી બોલ્યો, "બૌઠાન!"

મંદા—"આવો, ભાઈ આવો. માગ્યા વિના આજે તો દર્શન થયાં! આજે મારું સદ્ભાગ્ય!"

અમલ—"મેં થોડુંક નવું લખ્યું છે, સાંભળશો?"

મંદા—"કંઈ કેટલાક દિવસ થયાં સંભાળાવીશ સંભળાવીશ કહી આશા આપી રાખી છે પણ સંભળાવતા તો છો નહિ! કંઇ જરૂર નથી ભાઈ, વળી કોણ કઈ દિશામાં મોં ચઢાવીને બેસશે ને તમે વિપદમાં પડશો......મારે તો શું?"

અમલ જરા તીવ્ર સ્વરે બોલ્યો, "મોં ચઢાવી કોણ બેસશે? શું કામ મોં ચઢાવે? ઠીક. એ તો જોયું જશે. તમે હમણાં સાંભળો તો ખરાં!"

મંદા જાણે ખૂબ મમતાપૂર્વક એકદમ તૈયાર બની બેઠી. અમલે મોટો અવાજ કાઢી સમારંભમાં વાંચતો હોય તેમ વાંચવા માંડ્યું.

અમલનું આ લખાણ મંદાને માટે તદ્દન પરદેશી જ હતું. એને તેમાં ક્યાંય કશી સમજ પડતી ન હતી. એથી આખા મોં ઉપર આનંદપૂર્ણ હાસ્ય લાવી અતિશય આતુરતાપૂર્વક તે સાંભળવા લાગી. ઉત્સાહમાં અમલનો કંઠ ઉત્તરોત્તર ઊંચો જવા લાગ્યો.

તે વાંચતો હતો· "અભિમન્યુ જેમ· ગર્ભવાસમાં કેવળ વ્યૂહ-પ્રવેશ કરતાં શીખ્યો હતો, વ્યૂહમાંથી બહાર નીકળવાનું શીખ્યો ન હતો. નદીનો સ્રોત એ જ રીતે ગિરિગુફાના પાષાણ જઠરમાં રહીને કેવળ સામે જ ચાલવાનું શીખ્યો હતો, પાછળ ફરવાનું નહિ, હાય નદીના સ્રોત! હાય યૌવન, હાય કાલ, હાય સંસાર, તમે કેવળ આગળ જ જઈ શકો છો, જે રસ્તે સ્મૃતિના સુવર્ણમંડિત પથ્થરોને છોડીને આવ્યાં છો, એ માર્ગે ફરી કદી પાછા જતાં નથી! માણસનું મન જ કેવળ પાછળ જાય છે, અનંત જગત-સંસાર તે ભણી દૃષ્ટિ પણ કરતો નથી!"

એવે વખતે મંદાના બારણા આગળ એક છાયા પડી. તે છાયા મંદા જોઈ શકી. પણ જાણે દેખી જ ન હોય એમ ડોળ કરી અનિમેષ દ્રષ્ટિએ અમલના મુખ ભણી જોઈ રહી–એકાગ્રમનસ્ક બની સાંભળી રહી.

છાયા એ વખતે તો સરકી ગઈ.

ચારુ રાહ જોઈ રહી હતી. અમલ આવતાં જ તેની સામે વિશ્વબંધુ પત્રનો યથોચિત તિરસ્કાર કરશે અને પ્રતિજ્ઞાભંગ કરી તેનું લખાણ માસિકમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે તે માટે અમલને તે લેવડાવશે.

અમલનો આવવાનો સમય વીતી જવા આવ્યો. તો ય તે દેખાયો નહિ. ચારૂએ એક લખાણ તૈયાર કરી રાખ્યું હતું. અમલને સંભળાવવાની ઈચ્છા હતી; એ ય હજી એમને એમ પડયું છે !

એવામાં કયાંકથી અમલનો કંઠસ્વર સંભળાયો. અને એ ય મંદાના ખંડમાં! શરવિદ્ધની જેમ તે ઊભી થઈ ગઈ, અમલ જે લેખ મંદાને સંભળાવતો હતો તે તો હજી તેણે સાંભળ્યો ન હતો ! અમલ વાંચતો હતો–' માણસનું મન જ કેવળ પાછળ જાય છે. અનંત જગત-સંસાર તે ભણી દ્રષ્ટિ પણ કરતો નથી!'

ચારુ જેટલી ચૂપચાપ આવી હતી તેટલી ચૂપચાપ ચાલી જઈ શકી નહિ. આજે જ ઉપરાઉપરી બે ત્રણ આઘાતોએ તેને બિલકુલ ધૈર્યચ્યુત બનાવી દીધી હતી. મંદા એક અક્ષર પણ સમજતી નથી અને અમલ બિલકુલ મૂઢની જેમ તેને વાંચી સંભળાવી તૃપ્તિ મેળવી રહ્યો છે. એ વાત ચિત્કાર કરીને બોલી નાખવાની તેને ઈચ્છા થઇ. આવી. પરંતુ બોલ્યા વિના પદશબ્દ વડે ક્રોધ વ્યક્ત કરતી તે ચાલી ગઇ. શયનગૃહમાં પ્રવેશ કરીને ચારુએ અવાજ કરીને બારણું બંધ કર્યું"

અમલે ક્ષણ વાર વાંચવાનું રોકયું. મંદાએ હસીને ચારૂના આગમનનો ઈશારો કર્યો. અમલ મનમાં મનમાં બોલ્યો, ભૌઠાનનું એ તે કેવું દૌરાત્મ્ય! એમણે તે શું એમ નક્કી કરી રાખ્યું હતું કે હું

એમનો ગુલામ છું ? એમના સિવાય બીજા કોઈને વાંચી પણ ન સંભળાવી શકું ? આ તો ભયંકર જુલમ કહેવાય. એમ વિચારી તે વળી વધારે મોટેથી મંદાને વાંચી સંભળાવવા લાગ્યો.

વાંચવાનું પૂરું થતાં ચારુના ખંડની સામે થઈ તે બહાર ચાલ્યો ગયો. એક વાર નજર કરી તો બારણાં બંધ હતાં.

ચારુ પગના અવાજ ઉપરથી સમજી કે અમલ તેના ખંડની પાસે થઈને જ જઈ રહ્યો હતો. ક્રોધ અને ક્ષોભને કારણે તેની આંખમાં આંસુ ન આવ્યાં. તેણે પોતાની નવી લખેલી નોટ બહાર કાઢી તેનું પાને પાનું ટુકડે ટુકડા કરી નાખી ઢગલો કર્યો. હાય ! કેવી કુક્ષણે એ બધા લેખનનો આરંભ થયો હતો !

## (૮)

સાંધ્યા સમયે વરંડાના ટબમાંથી જૂઈની સુગંધ આવતી હતી. વિખરાયેલા વાદળામાંથી સ્નિગ્ધ આકાશમાં તારા દેખાતા હતા. આજે ચારુએ અંબોડો વાળ્યો નથી. કપડાં બદલ્યાં નથી. બારી પાસે અંધારામાં બેસી રહી છે. હળવા વાયુમાં ધીમે ધીમે તેના ખુલ્લા વાળ ઊડી રહ્યા છે, અને તેની આંખમાંથી શાથી ઝરઝર આંસુ વહી રહ્યાં છે, તે તે પોતે ય સમજી શકતી નથી.

એવે સમયે ભૂપતિ અંદર દાખલ થયો. તેનું મોં અતિશય મ્લાન અને હૃદયભારથી લદાએલું હતું. ભૂપતિનો આવવાનો સમય આ ન હતો. છાપાં માટે લખી કરીને પ્રુફ વગેરે જોઈને અંતઃપુરમાં આવતાં મોટે ભાગે એને મોડું થતું. આજે સંધ્યા પછી તરત જ જાણે કોઈક સાંત્વનની આશામાં ચારુ પાસે આવ્યો હતો.

ખંડમાં દીવો બળતો ન હતો. ઉઘાડી બારીના ક્ષીણ પ્રકાશમાં ભૂપતિ ચારુને બારી પાસે અસ્પષ્ટ જોઈ શકયો. ધીમે ધીમે પાછળ આવી તે ઊભો રહ્યો. પગનો અવાજ સાંભળવા છતાં ય ચારુએ મોં ન ફેરવ્યું. મૂર્તિની જેમ જડસડ બની બેસી રહી.

ભૂપતિએ જરા આશ્ચર્ય પામી પુછ્યું, "ચારુ !"

ભૂપતિના અવાજથી આશ્ચર્ય પામી તે એકદમ ઊભી થઈ ગઈ. ભૂપતિ આવ્યો હતો એવો એને ખ્યાલ ન હતો. ભૂપતિએ ચારુના માથાના વાળમાં આંગળી ફેરવતાં ફેરવતાં સ્નેહાર્દ્ર કંઠે પૂછ્યું, "કેમ અંધારામાં એકલી બેસી રહી છે, ચારુ? મંદા ક્યાં ગઈ?"

ચારુએ જે આશા રાખી હતી એમાંનું કશું જ આજે ન બનવા પામ્યું. તેણે નિશ્ચય કર્યો હતો કે અમલ આવતાં તે તેની પાસે ક્ષમા માગશે—એને માટે તૈયાર બનીને તે અમલની રાહ પણ જોઈ રહી હતી. એવામાં ભૂપતિના અણધાર્યા કંઠસ્વરથી તે એકદમ પોતાનું આત્મસંવરણ કરી શકી નહિ. એકાએક તે રડી પડી.

ભૂપતિ વ્યગ્ર બની, વ્યથિત બની પૂછવા લાગ્યો, "ચારુ! શું થયું છે, ચારુ?"

શું થયું છે એ કહેવું મુશ્કેલ હતું. એવુ પણ શું હતું? ખાસ તો કંઇ થયું નથી. અમલે પોતાનું નવું લખાણ પહેલાં તેને સંભળાવવાને બદલે મંદાને સંભળાવ્યું હતું, એના ઉપર તે ભૂપતિ આગળ શી ફરિયાદ કરે? સાંભળતાં ભૂપતિને હસવું નહિ આવે? આ તુચ્છ બનાવમાં ફરિયાદનો મુખ્ય વિષય તો બીજે જ ક્યાંક છુપાઈ રહેલો છે એ શોધી કાઢવું ચારુને માટે અશક્ય હતું. અકારણ તે શું કામ આટલી બધી દુ:ખી થાય છે, તેય તે પૂરેપૂરી ન સમજી શકવાને કારણે તેની વ્યથા વળી ઔર વધવા લાગી.

ભૂપતિ—"બોલ ને ચારુ, તને શું થયું છે? મેં શું તારા ઉપર કંઈ અન્યાય કર્યો છે? તું તો જાણે છે, કામની ઝંઝટમાં હું કેટલો બધો રોકાયેલો રહું છું; જો તારા મન ઉપર એથી કંઈ લાગી આવ્યું હોય તો મેં જાણી જોઈને નથી કર્યું."

ભૂપતિ એવા વિષય વિષે પ્રશ્ન કરતો હતો કે જેનો તલમાત્ર જવાબ આપવાનો ન હતો. એથી તો ચારુ અંદર અંદર ખૂબ અધીર બની ઊઠી. એને થયું કે ભૂપતિ હમણાં તેને છૂટી મૂકી જાય તો સારું.

કશો જવાબ ન મળતાં ભૂપતિએ બીજી વાર ફરીથી સ્નેહરિક્ત

સ્વરે કહ્યું, "હું હંમેશાં તો તારી પાસે આવી શકતો નથી, ચારુ; પણ હવે હું એ ભૂલ નહિ કરૂં. હવેથી રાતદા'ડો છાપું લઇને નહિ બેસું-તું જેટલો વખત મને ઇચ્છિશે એટલો વખત હું તારી પાસે હોઇશ."

ચારુ અધીરાઈપૂર્વક બોલી, "એવું કશું નથી"

ભૂપતિએ પૂછ્યું, "તો શાને માટે?" એમ બોલી ખાટલા ઉપર બેઠો.

ચારુ કંટાળો વ્યક્ત કર્યા વિના રહી ન શકી. તે બોલી, "એ વાત છોડો. રાતે કહીશ."

ભૂપતિ ક્ષણ વાર સ્તબ્ધ રહી બોલ્યો. "વારૂ, હમણાં જવા દે." એમ બોલી આસ્તે આસ્તે તે બહાર ચાલ્યો ગયો. એને પોતાને જ વાત કરવાની હતી, તે તો કરી જ ન શકયો!

ભૂપતિ એક પ્રકારનો ક્ષોભ પામી ગયો હતો, એ ચારુના ધ્યાન બહાર ન હતું. મનમાં તો થયું કે એક વાર જઇને પાછા બોલાવું. પણ બોલાવીને કહીશ યે શું? પશ્ચાત્તાપથી તે બળવા લાગી. પણ કશો રસ્તો ય સૂઝયો નહિ.

રાત પડી. ચારુએ આજે વિશેષ મમતાપૂર્વક ભૂપતિનું રાતનું જમણ તૈયાર કર્યું અને જાતે હાથમાં પંખો લઇ બેસી રહી.

એવે વખતે મંદા મોટેથી બૂમ મારી રહી હતી—'વ્રજ! વ્રજ!' વ્રજે સામો જવાબ આપતાં તેણે પૂછ્યું કે અમલબાબુનું જમવાનું પત્યું હતું કે નહિ? વ્રજે જવાબ આપ્યો, 'પતી ગયું છે.' મંદા બોલી, 'ખાવાનું તો પતી ગયું પણ હજી પાન લઇને ગયો નથી કે?" —મંદા વ્રજ ઉપર ભારે તિરસ્કાર કરવા લાગી.

એવે વખતે ભૂપતિ અંતઃપુરમાં આવી જમવા માટે બેઠા. ચારુ પંખો નાખવા લાગી.

ચારુએ આજે પ્રતિજ્ઞા કરી હતી કે પોતે ભૂપતિ સાથે પ્રફુલ્લ સ્નિગ્ધભાવે વાત કરશે. વાત કેવી રીતે થશે વગેરે વિચારી તૈયારી

કરીને બેઠી હતી. પરંતુ મંદાના કંઠસ્વરે તેની બધી તૈયારીના ચૂરા કરી નાખ્યા. આહાર સમયે તે ભૂપતિ સાથે બિલકુલ જ વાત કરી શકી નહિ. ભૂપતિ પણ અતિશય વિચારમગ્ન અન્યમનસ્ક હતો. તેણે બરાબર ખાધું પણ નહિ. ચારુએ વચમાં એકાદ વાર પૂછ્યું, "કંઈ ખાતા નથી, બરાબર ?"

ભૂપતિએ સામો જવાબ આપ્યો: "ક્યાં? ઓછું તો નથી ખાધું?"

શયનગૃહમાં ભેગાં થતાં ભૂપતિએ પૂછ્યું, "રાતે તેં શું કહેવાનું ધાર્યું હતું ?"

ચારુ બોલી, "જુઓ, થોડા દિવસ થયા મંદાનું વર્તન મને સારું લાગતું નથી. એને અહીં રાખવાની હવે મારી હિંમત નથી."

ભૂપતિ—"કેમ, શું કર્યું છે?"

ચારુ—"અમલ સાથે એ એવી રીતે વર્તે છે કે જોતાં શરમ જ આવે."

ભૂપતિ હસી પડી બોલ્યો, "અરે, તું તો પાગલ બની ગઈ લાગે છે! અમલ તો બાળક છે! ગઈ કાલનું છોકરું—"

ચારુ—"તમે તો ઘરની કશી ખબર રાખતા નથી. કેવળ બહારની ખબરો જ ભેગી કરો છો. ગમે તે હોય, હું તો બિચારા દાદાનો વિચાર કરી મરું છું. એમણે ક્યારે ખાધું, ક્યારે ન ખાધું, મંદા એની કશી ખબરે ય રાખતી નથી. એમ છતાં અમલનાં પાનમાં ચૂનો ન હોય તો ચાકરબાકર સાથે કજિયો કરી કંઇનું કંઈ કરી મૂકે છે!"

ભૂપતિ—"તમે સ્ત્રીઓ તો જબરી શંકાખોર હો છો, એટલું કહેવું પડશે."

ચારુ ક્રોધ કરી બોલી, "ભલે અમે શંકાખોર! પણ ઘરમાં આ બધું ઘેલાપણું હું ચાલવા દેવાની નથી, એ કહી રાખું છું."

ચારુની તમામ પાયા વિનાની આશંકા ઉપર ભૂપતિને મનમાં મનમાં હસવું આવ્યું. સાથે સાથે તે આનંદ પણ પામ્યો. ઘર જેને કારણે પવિત્ર રહે છે, તે દામ્પત્યધર્મમાં અનુમાનજન્ય કાલ્પનિક કલંક

પણ લેશમાત્ર પ્રવેશ ન પામે એને માટે સાધ્વી સ્ત્રીએ જે પારાવાર સાવધાનતા રાખવી જોઈએ, તેમાં એક પ્રકારનું માધુર્ય અને મહત્ત્વ રહેલું છે.

ભૂપતિએ પ્રેમ અને ભક્તિપૂર્વક ચારુના લલાટ ઉપર ચુંબન કરી કહ્યું, "એને માટે આટલી બધી ધાંધલ કરવાની જરૂર નથી. ઉમાપદ માયમનસિંગમાં પ્રેક્ટીસ કરવા જાય છે. મંદાને પણ સાથે લઇ જશે."

આખરે પોતાની દુશ્ચિંત અને બધી અરૂચિકર ચર્ચા દૂર કરવા માટે ભૂપતિએ ટેબલ ઉપરથી એક નોટ હાથમાં લેતાં કહ્યું, "તારું લખેલું તો મને સંભળાવ ચારુ!"

ચારુએ નોટ પડાવી લેતાં કહ્યું, "એ તમને નહિ ગમે. તમે મશ્કરી કરશો."

ભૂપતિને આ શબ્દોથી દુઃખ થયું. પણ તે છુપાવી દઈ હસીને બોલ્યો, "વારૂ, હું મશ્કરી નહિ કરૂં. એવો તો સૂનમૂન થઈ સાંભળીશ કે તને એમ જ લાગે કે જાણે હું ઊંઘી ગયો છું!"

પરંતુ ભૂપતિને એ અધિકાર પ્રાપ્ત ન થયો. જોતજોતામાં નોટ અનેક આવરણઆચ્છાદનોમાં ક્યાંક અદૃશ્ય થઈ ગઈ!

## (૯)

**બધી** વાત ભૂપતિ ચારુને કહી શકે એમ ન હતું. ઉમાપદ ભૂપતિના છાપાનો મેનેજર હતો. લવાજમ ઉઘરાવવું, છાપખાનાનું તથા બજારનું લેણુંદેણું કરવું, નોકરોને પગાર આપવા, વગેરે બધું કામ ઉમાપદ ઉપર જ હતું.

એક દિવસ એકાએક કાગળવાળા તરફથી વકીલની નોટિસ આવતાં ભૂપતિ આશ્ચર્ય પામ્યો. ભૂપતિ પાસે તેના ૨૧૦૦ રૂપિયા બાકી નીકળતા હતા! ભૂપતિએ ઉમાપદને બોલાવી પૂછ્યું, ', આ શું છે? આ પૈસા તો મેં તમને આપ્યા છે. કાગળવાળાના ચાર–

પાંચસોથી વધુ નીકળતા નથી."

ઉમાપદે કહ્યું. "એ તો એ લોકોની ભૂલ લાગે છે."

પણ વાત વધુ છૂપી રહી નહિ. થોડાક સમય થયાં ઉમાપદ આમ છેતરતો રહ્યો હતો. માત્ર કાગળવાળાના સંબંધમાં જ નહિ, ભૂપતિના નામે ઉમાપદે બજારમાં અનેક દેવાં કર્યાં હતાં. ગામમાં જે ઘર તે ચણાવી રહ્યો હતો, તેનો કેટલોક સરસામાન પણ તેણે ભૂપતિને નામે જ લખાવ્યો હતો અને છાપાના પૈસામાંથી બીજો ઘણો તો ખરીદ્યો હતો.

જ્યારે બધું પુરેપૂરૂ પકડાઇ ગયું, ત્યારે તેણે રૂક્ષ સ્વરે કહ્યું, "હું તો કંઇ દેવાળિઓ થઈ નથી ગયો! નોકરી કરીને ધીમે ધીમે બધું વાળી આપીશ. તમારુ પા પૈસાનું ય દેવું બાકી રહે તો મારું નામ ઉમાપદ નહિ"

તેનું નામ બદલાય કે રહે એ વાતથી ભૂપતિને કંઇ સાંત્વન મળે એમ ન હતું. પૈસાની ખોટ આવી એથી ય તે કંઇ ડઘાઇ જાય એમ ન હતો પરંતુ આ વિશ્વાસઘાતકતાને કારણે તે જાણે ધબ દઇને શૂન્યમાં તૂટી પડયો હોય એમ એને લાગ્યું.

પેલે દિવસે અકાળે અંતઃપુરમાં ગયો હતો. દુનિયામાં એક તો સંપૂર્ણ વિશ્વાસનું સ્થાન છે એનો ક્ષણવાર પણ અનુભવ કરવા માટે તેનું હૃદય આકુળ બની રહ્યું હતું. એ વખતે ચારુ પોતાના દુઃખમાં સંધ્યાદીપ હોલવીને બારીની પાસે અંધારામાં બેસી રહી હતી!

ઉમાપદે બીજે જ દિવસે માયમનસિંગ જવાની તૈયારી કરી જવા ઇચ્છતો હતો. ભૂપતિએ ઘૃણાપૂર્વક ઉમાપદ સાથે કશી વાત કરી નહિ. ભૂપતિની એ મૌનાવસ્થાને ઉમાપદે સૌભાગ્ય માની લીધું.

અમલે આવીને પૂછયું, "મંદા બૌઠાન, આ શું? સરસામાન બાંધવા માંડયો કંઈ?"

મંદા—"તે ભાઇ, જવું તો પડે જ ને! સદાય કંઈ રહેવાય છે?"

અમલ—"ક્યાં જાવ છો?"

મંદા—"દેશમાં."

અમલ—"શાથી? અહીં અગવડ શી પડી?"

મંદા—"અગવડ તો મારે શી હોય? તમો પાંચ જણની સાથે હતી. સુખી જ હતી પણ બીજાને અગવડ થાય એનું શું?"—એમ બોલી તેણે ચારુના ખંડ તરફ નેત્રથી કટાક્ષ કર્યો.

અમલ ગંભીર બની જઈ મૂંગો રહ્યો. મંદા બોલી: "છિ: છિ કેવું શરમભર્યું! *બાબુએ તો શું શું માન્યું હશે!"

અમલે એ સંબંધી વધુ વાતચીત ન કરી. એણે એટલું નક્કી માન્યું કે ચારુએ તેમને વિષે દાદા આગળ એવું કંઈક કહ્યું હશે જે બોલવા જેવું નહિ હોય.

અમલ ઘરમાંથી બહાર નીકળી રસ્તા ઉપર ફરવા લાગ્યો. એને તો થઇ આવ્યું કે, આ ઘેર કદી પાછો ન આવું. દાદા જો બૌઠાનની વાત માની લઈને તેને અપરાધી માની બેઠા હોય, તો મંદા જે માર્ગે ગઈ છે; તે જ માર્ગે તેણે જવું રહ્યું. મંદાને વિદાય, ;એનો અર્થ અમલ પર દેશવટાનો હુકમ!–માત્ર મોંએ ચઢીને કહ્યો નહિ, એટલું જ! તો પછી કર્તવ્ય સાવ સ્પષ્ટ છે–એક ક્ષણ પણ અહીં રહેવું હરામ છે.

પણ દાદા તેને વિષે મનમાં મનમાં ય અયોગ્ય ધારણા રાખે, પોષે એય ન પાલવી શકે. આટલા દિવસ લગી તેમણે અખંડ વિશ્વાસપૂર્વક તેને આ ઘરમાં સ્થાન આપ્યું હતું, એ વિશ્વાસ ઉપર અમલ કદી પણ ઘા કરે એમ નથી, એ વાત દાદાને સમજાવ્યા વિના તે કેવી રીતે જઇ યે શકે?

---

*શેઠ–ભુપતિએ.

ભૂપતિ એ વખતે આત્મીય સંબંધની કૃતઘ્નતા, લેણદારોની દોડાદોડ, આડાઅવળા હિસાબો અને ખાલી તિજોરી લઇને માથે હાથ દઈ ચિંતામાં બેઠો હતો. તેના આ શુષ્ક મનોદુઃખનું કોઈ સાથી નહોતું! ચિત્તવેદના અને દેવું માથે લઈ એકલો ઊભો યુદ્ધ કરવા માટે ભૂપતિ તૈયાર થઇ રહ્યો હતો.

એવે સમયે અમલ ઝંઝાવાતની જેમ ખંડમાં દાખલ થયો. ભૂપતિએ પોતાની અગાધ ચિંતામાંથી એકદમ ચોંકી ઊઠી જોયું. બોલ્યો, "શી ખબર છે, અમલ?"

એકાએક એને એમ જ લાગી ગયું હતું કે અમલ કંઇક વધારે અશુભ સમાચાર લઈને આવ્યો હતો.

અમલે પૂછ્યુ, "દાદા, મારી ઉપર શું તમારે કંઈ સંદેહ લાવવાનું કારણ મળ્યું છે?"

ભૂપતિએ આશ્ચર્ય પામી કહ્યું, "તારા ઉપર સંદેહ?" અને મનમાં મનમાં વિચાર કર્યો-દુનિયા જે રીતે જોઉં છું તે મુજબ તો કોક દહાડો અમલ ઉપર યે સંદેહ કરવાનું થાય તો આશ્ચર્ય નહિ."

અમલ—"બૌઠાને શું મારા ચરિત્ર સંબંધી તમારી પાસે દોષારોપણ કર્યું છે?"

ભૂપતિએ વિચાર્યું : "ઉહ! એ જ વાત! ઠીક થયું. પ્રેમનો ગર્વ!" એણે તો એમ માની લીધું હતું કે એક સર્વનાશની ઉપર વળી બીજો તેથી મોટો સર્વનાશ બનવા પામ્યો હતો. ગમે તેમ પણ, ભારે સંકટને સમયે પણ આ બધી તુચ્છ વાતો પણ સાંભળવી પડે છે. દુનિયા એક બાજુથી વાંસનો પૂલ હલાવે છે ને બીજી બાજુથી, એ જ પૂલ ઉપરથી ઘાસભાજીના ભારા સામે પાર લઈ જવાની પેરવી કરવાનું ચૂકતી પણ નથી!

બીજો કોઈ સમય હોત તો ભૂપતિ અમલની મશ્કરી કરી ઉડાવત; પરંતુ આજે તેની એ પ્રફુલ્લતા ચાલી ગઈ હતી. તે બોલ્યો, "ગાંડો થયો છે કે શું?"

અમલે વળી પ્રશ્ન કર્યો, "બૌઠાને કંઈ કહ્યું નથી?"

ભૂપતિ—"તારા ઉપર પ્રેમ રાખે છે એ કારણે કંઈ બોલી હોય તો એથી ગુસ્સે થવાનું કંઈ કારણ નથી."

અમલ—"નોકરીધંધા માટે મારે ક્યાંક બીજે જવું ઠીક છે."

ભૂપતિ ધમકાવતો હોય તેમ બોલ્યો: "અમલ, તું કેવી છોકરમત કરી રહ્યો છે? તને કંઈ ભાન નથી. હમણાં તો ભણવા-કરવાનું કર. નોકરી પછી થશે."

અમલ વિચારમગ્ન મુખે ચાલ્યો ગયો.

ભૂપતિ તેના છાપાના ગ્રાહકોના લવાજમની યાદી લઈ ત્રણ વરસનો જમાખર્ચનો હિસાબ મેળવવા લાગી ગયો.

## (૧૦)

અમલે નક્કી કર્યું કે બૌઠાન સાથે મુકાબલો કરવો જ પડશે. આ વાતની ચોખવટ કર્યા વિના ચાલશે નહિ. બૌઠાનને તે કેવી કેવી સંભળાવશે તેનો વિચાર મનમાં કરી લઈ તેનું ફરી ફરી રટણ કરવા લાગ્યો.

મંદાના ચાલ્યા જતાં ચારુએ સંકલ્પ કર્યો કે તે પોતે જાતે અમલને બોલાવીને પોતાનો બધો રોષ ધોઈ નાખશે, પણ કંઈ લખવાનું બહાનું કાઢીને જ બોલાવવો જોઈએ! અમલના જ એક લેખનું અનુકરણ કરી તેણે "અમાવાસ્યાનો પ્રકાશ" નામક નિબંધ લખ્યો હતો. ચારૂ એટલું તો સમજી ગઈ હતી કે અમલને તેનું (ચારુનું) તદ્દન સ્વતંત્ર ઢબનું લખાણ ગમતું નથી.

પૂર્ણિમા તેનું તમામ તેજ બહાર વ્યક્ત કરી નાંખે છે એટલા માટે ચારુએ તેના આ નવા નિબંધમાં પૂર્ણિમાની ભારે ટીકા કરી તેને શરમમાં નાખી દીધી હતી. એણે લખ્યું હતું—

"અમાવાસ્યાના અતલસ્પર્શ અંધકારમાં સોળે કલાવાન ચંદ્રનું

સમસ્ત તેજ અંદર ને અંદર જમા થઈ રહે છે, તેનું એક કિરણ પણ નકામું જતું નથી. એથી તો પૂર્ણિમાની ઉજ્જવલતા કરતાં અમાવસ્યાની કાલિમા વધારે પૂર્ણ છે—" વગેરે.

અમલ પોતાનું સમસ્ત લેખન સૌની આગળ વ્યક્ત કરતો હતો; જ્યારે ચારુ એમ નહોતી કરતી—પૂર્ણિમા અમાવાસ્યાની આ સરખામણીમાં શું એ જ વસ્તુનો આભાસ હશે ?

બીજી બાજુ, આ કુંટુંબની ત્રીજી વ્યક્તિ ભૂપતિ એકાદ દેવાની તાકીદ આવી પડતાં તેમાંથી છૂટવા માટે તેના પરમ મિત્ર મતિલાલની પાસે ગયો હતો.

મતિલાલની મુશ્કેલીના દિવસમાં ભૂપતિએ તેને કંઈ કેટલાક હજાર રૂપિયા ઉછીના આપ્યા હતાં. આજે તે અતિશય સકોચાતો પૈસા માગવા ગયો હતો. મતિલાલ સ્નાન કરી ઉઘાડે શરીરે પંખો ખાતો બેઠો હતો, અને એક લાકડાની પેટી ઉપર કાગળ રાખી તેની ઉપર અત્યંત નાના અક્ષરે સહસ્ર દુર્ગા નામ લખી રહ્યો હતો. ભૂપતિને જોઈ અત્યંત મૈત્રીના ભાવે બોલ્યો, " આવો, આવો. આજકાલ તો તમે કંઈ નજરે જ પડતા નથી ? "

જવાબમાં મતિલાલે પૈસાની વાત સાંભળી આકાશપાતાળ ખૂંદતો હોય એમ, વિચાર કરી કહ્યું, " કયા પૈસાની વાત કરો છો ? આજકાલ તમારી પાસેથી કંઈ લીધું છે શું ? "

ભૂપતિએ સાલ તારીખ યાદ આપતાં મતિલાલ બોલ્યા, " ઓહ ! એ તો કયારના પાછા વળાઇ ગયા છે ! "

ભૂપતિની આંખે તેની ચારે બાજુનું દૃશ્ય બિલકુલ બદલાઈ ગયેલું દેખાયું. દુનિયા ઉપરથી-જ્યાંથી પડદો ખસી ગયો હતો એ ભાગ ભણી દૃષ્ટિ પડતાં ભૂપતિનું શરીર ભયનું માર્યું કંટકિત બની ગયું. એકાએક પૂર આવતાં ભયભીત માનવી સૌથી ઊંચી જગા દેખે ત્યાં ચઢી જાય છે તેવી જ રીતે શંકા અને ભયનો માર્યો ભૂપતિ બાહ્ય સંસારમાંથી ભાગી છૂટી વેગપૂર્વક અંતઃપુરમાં પ્રવેશ્યો. મનમાં

મનમાં તે બોલ્યો, "બીજું ગમે તે હો, ચારુ તો મને દગો નહિ જ દે!"

ચારુ એ વખતે ખાટ ઉપર બેસી ખોળામાં તકિયો લઈ અને તકિયા ઉપર નોટ મૂકી નીચી વળીને એક મને કંઈક લખી રહી હતી. ભૂપતિ જ્યારે તેની તદ્દન નજીક આવીને ઊભો હતો ત્યારે જ ચારુને ખબર પડી, અને ઝટપટ તેણે તેની નોટ પગ નીચે દબાવી દીધી.

મનમાં જ્યારે વેદના વ્યાપી હોય છે ત્યારે નાનો સરખો આઘાત પણ મોટો થઈ દુભાવે છે. ચારુએ આમ બિલકુલ કારણ વિના તેનું લખવાનું છુપાવી દીધું એથી ભૂપતિને દુઃખ થયું.

ભૂપતિ ધીરેધીરે ખાટ ઉપર ચારુની પાસે બેઠો. ચારુ તેના લખવાનું ઝોકમાં એકાએક અણધારી રૂકાવટ આવી પડતાં અને ભૂપતિથી નોટ છુપાવી દેવાની અકળામણને કારણે એવી તો ભોંઠી પડી ગઈ કે કશું બોલવું, તે તેને બિલકુલ સૂઝ ન પડી.

એ દિવસે ભૂપતિને પોતાને તો કશું આપવાનું કે કહેવાનું હતું જ નહિ. તે તો ખાલી હાથે ચારુ પાસે દાનની આશાએ આવ્યો હતો. ચારુની પાસેથી આ શંકાશીલ માનવીને જરાઅમથી પ્રેમની એ વાતો સાંભળવા મળી હોત તોય તેના ઘવાયેલા દિલમાં ઔષધ મળ્યાની થોડી શાંતિ થાત. પરંતુ હૃદયમાં લક્ષ્મી હોવા છતાં લક્ષ્મી વગરના જેવી આ સ્થિતિ હતી! ચારુને ક્ષણવાર તો તેના પ્રીતિ-ભંડારની ચાવી કેમે કરી શોધી હાથ જ લાગી નહિ! બંનેના આકરા મૌનથી ખંડની નીરવતા અત્યંત ઘેરી બની ગઈ હતી.

થોડીક ક્ષણ બિલકુલ ચૂપચાપ બેસી રહી ભૂપતિ નિશ્વાસ નાખી ખાટ ઉપરથી ઊઠ્યો અને ધીરેધીરે બહાર ચાલી નીકળ્યો.

એ જ વખતે અમલ અત્યંત કટુ શબ્દો મનમાં ઘોળતો ચારુના ખંડ ભણી ઉતાવળો ઉતાવળો આવી રહ્યો હતો. રસ્તામાં ભૂપતિનું અત્યંત શુષ્ક વિવર્ણ મુખ જોઇ અમલ ઉદ્વિગ્ન બની અટકી પડ્યો. "બોલ્યો, દાદા! તમને ઠીક નથી, કંઈ?"

અમલનો સ્નિગ્ધ સ્વર સાંભળતાં જ એકાએક ભૂપતિનું સમસ્ત

હૃદય તેનું અશ્રુપૂર લઈ છાતીમાં વહી રહ્યું. થોડી વાર તો તે કંઈ બોલી જ ન શક્યો. પ્રયત્નપૂર્વક આત્મસંવરણ કરી ભૂપતિએ આર્દ્ર સ્વરે કહ્યું, "કંઈ જ થયું નથી, અમલ હમણાં હમણાં છાપામાં તારૂં કાંઇ પ્રસિદ્ધ થયું છે કે નહિ?"

અમલ જે બધી કટુવાણી ભેગી કરી લાવ્યો હતો તે કયાં ગઈ? ઉતાવળો ઉતાવળો ચારુના ખંડમાં આવી પૂછવા લાગ્યો, "બૌઠાન, દાદાને શું થયું છે, કહો જોઉં?"

ચારુ બોલી, "ખાસ કંઇ ખબર ન પડી. મને લાગે છે બીજા છાપાવાળાઓએ એમના છાપાની કંઇ ટીકા કરી હશે."

અમલે માથું ધુણાવ્યું.

બોલાવ્યા વિના જ અમલ આવ્યો અને બિલકુલ સહજભાવે વાત કરવા લાગ્યો એ જોઈ ચારુ અત્યંત આરામ પામી. એકાએક લખવાની વાત તેણે કાઢી.—"આજે હું 'અમાવાસ્યાનો પ્રકાશ' નામે એક લેખ લખતી હતી એવામાં કયાંકથી એ આવ્યા ને એમણે જોઈ પણ લીધું!" ચારુને ખાતરી હતી કે તેનું એ નવું લખાણ જોવા માટે અમલ આગ્રહ કરશે જ એટલે તો તેણે નોટ આમતેમ આઘી પાછી કરી; પણ અમલ તીવ્ર દૃષ્ટિપૂર્વક ચારુ ભણી થોડી વાર જોઇ જ રહ્યો—શું વિચારતો હતો તે કંઇ સમજાયું નહિ.

પણ એકાએક ચોંકી ઊભો થઈ ગયો.—પર્વત ઉપર ચાલતાં ચાલતાં, વાદળાંનું ધુમ્મસ દૂર થતાં પથિક એકાએક ચોંકી પડી જુએ કે તે હજાર હાથ ઊંડી ખીણ ભણી પગલાં ભરી રહ્યો છે, બરાબર એમ જ અમલ કંઈ પણ બોલ્યા કર્યા વિના ખંડમાંથી બહાર ચાલી નીકળ્યો.

ચારુ અમલના આ અભૂતપૂર્વ વર્તનનું રહસ્ય બિલકુલ જ સમજી ન શકી.

# [ ૧૧ ]

બીજે દિવસે વળી પાછો ભૂપતિ અસમયે શયનખંડમાં આવ્યો. ચારુને બોલાવી કહ્યું, "ચારુ! અમલના વિવાહ માટે સારું માગું આવ્યું છે."

ચારુ અન્યમનસ્ક હતી. તે બોલી, "શું સારું આવ્યું છે?"

ભૂપતિ—"વિવાહનું માગું."

ચારુ—"કેમ? હું પસંદ ન પડી?"

ભૂપતિ મોટેથી હસી પડી બોલ્યો, "તું પસંદ પડી કે નહિ એ વાત હજી અમલને પૂછી નથી. જો પડી હશે તો ય મારો ય થોડો સરખો તો હક્ક છે, એ તો કંઈ એમ ને એમ જવા દેવાય છે?"

ચારુ—"આહ! શું બોલો છો? કંઈ સમજાતું નથી. તમે હમણાં તો કહ્યું કે તમારા વિવાહનું માગું આવ્યુ છે!" ચારુનું મોં લાલ થઈ ગયું.

ભૂપતિ—"તો હું શું દોડતો તને ખબર આપવા આવત? બક્ષિસ પામવાની તો કંઈ આશા ન હતી!"

ચારુ—"અમલના વિવાહનું માગું આવ્યું છે? ઠીક થયું, હવે મોડું શું કામ કરવું?"

ભૂપતિ—"વર્ધમાનના વકીલ રઘુનાથ બાબુ તેમની છોકરી સાથે નક્કી કરી અમલને વિલાયત મોકલવા ઇચ્છે છે."

ચારુએ વિસ્મય પામી પૂછ્યું, "વિલાયત?"

ભૂપતિ—"હા, વિલાયત."

ચારુ—"અમલ વિલાયત જશે? બહુ જ મજાની વાત. ઘણું સારું થયું. સારું જ થયું તમે એક વાર એને વાત તો કરો."

ભૂપતિ—"હું કહું એ પહેલાં તું તેને એક વાર બોલાવીને સમજાવીને વાત કરે એ ઠીક નથી?"

ચારુ—"મેં તો ત્રણ હજાર વાર વાત કરી છે. એ મારુ. તો માનતો નથી. હું એને નહિ કહી શકું."

ભૂપતિ—"તને શું લાગે છે, એ લગ્ન નથી કરવા ઇચ્છતો?"

ચારુ—"મેં તો કેટલીય વાર પ્રયત્ન કરી જોયો છે. કેમેયે કબૂલ નથી થતો."

ભૂપતિ—"પણ આ વખતે આનો ઇન્કાર કરે એ સારું નથી. મારે ઘણું દેવું થઈ ગયું છે. અમલને હું આમ ને આમ તો બહુ વખત આશ્રય નહિ આપી શકું."

ભૂપતિએ અમલને બોલાવરાવ્યો. અમલના આવતાં કહ્યું, "વર્ધમાનના વકીલ રઘુનાથબાબુની પુત્રી સાથે તારા વિવાહનું માગું આવ્યું છે. એમની ઇચ્છા છે કે વિવાહ કરી તને વિલાયત ભણવા મોકલવો. તારી શી મરજી છે?"

અમલે કહ્યું, "તમારી જો અનુમતિ હોય તો મારી કશી અસંમતિ નથી."

અમલના શબ્દો સાંભળી બંને જણ આશ્ચર્ય પામ્યાં. પૂછતાંવેંત એ કબૂલ થઈ જશે, એવું તો એકેયે માન્યું ન હતું.

ચારુએ તીવ્ર કંઠે મશ્કરી કરતાં કહ્યું, "દાદાની મરજી હોય એટલે ભાઈસાહેબ કબૂલ! કેમ મારી વાત તો કંઈ હિસાબમાં નહિ! દાદા ઉપરની ભક્તિ આટલા દહાડા ક્યાં ગઈ હતી, ઠાકુરપો?"

અમલે કશો જવાબ આપ્યો નહિ. કેવળ હસવાનો પ્રયત્ન કર્યો.

અમલને નિરુત્તર જોઈ જાણે તેને ચેતવવા માગતી હોય એમ બેવડા ઊંચા અવાજે બોલી, "એના કરતાં એમ શું કામ નથી કહેતા કે પોતાનું જ મન છે! આટલા દહાડા ઢોંગ કરવાની શી જરૂર હતી કે લગ્ન કરવા નથી ઇચ્છતો! પેટમાં ભૂખ ને મોઢે શરમ!"

ભૂપતિ હસીને બોલ્યો, "આટલા દહાડા અમલ તારે ખાતર જ ભૂખને મારી રહ્યો હતો. રખે ને ખાવાની વાત સાંભળી તને

ઇર્ષ્યા આવે !"

ચારુ આ શબ્દો સાંભળી લાલ લાલ બની જઈ મોટેમોટેથી અવાજ કરતી બોલી, "ઈર્ષ્યા ? હાસ્તો બીજું શું ! મને તો કદી ય ઇર્ષ્યા નથી આવી. તમે આવી રીતનું બોલો એ તો ભારે અન્યાય કહેવાય."

ભૂપતિ—"આ તો જુઓ ! પોતાની સ્ત્રીની મશ્કરી પણ ન થઈ શકે !"

ચારુ—"ના, એવી મશ્કરી મને ગમતી નથી."

ભૂપતિ—"વારુ, ભારે અપરાધ કર્યો. માફ કરો. ગમે તેમ વિવાહની વાત તો પાકી થઈ ને ?"

અમલ બોલ્યો, "હા."

ચારુ—"છોકરી સારી છે કે ખોટી એય એક વાર જોઈ આવવા જેટલી ધીરજ રહી નહિ ? તમારી છેક આવી દશા થઈ ગઈ છે, એ તો કદી દેખાવા દીધી નથી !"

ભૂપતિ—"છોકરી જોવા મન હોય તો એનો બંદોબસ્ત કરું. મેં ખબર કઢાવી છે કે છોકરી સુંદર છે."

અમલ—"ના, જોવાની કંઈ જરૂર નથી."

ચારુ—"એની વાત સાંભળો છો શું કામ ? એમ તે કંઈ બને ? કન્યા જોયા વિના તે કંઈ વિવાહ થાય ? એ જોવા ન ઇચ્છે તો આપણે તો જોઈ લેવી રહી."

અમલ—"ના, દાદા, એને માટે નકામું મોડું કરવાની જરૂર નથી."

ચારુ—"જરૂર નથી ?–વાહ રે ! મોડું થતાં હૃદય ચીરાઈ જવાનું હશે, કેમ ? એમ હોય તો અબઘડી જ માથે પાઘડી મૂકી ચાલી નીકળો. રખે ને તમારી ધનદોલત કોઈક ઉપાડી જાય !"

ચારુ ગમે તેવા કટાક્ષો કરવા છતાં અમલને ચલિત કરી શકી નહિ.

ચારુ—"વિલાયત જવા તમારૂં દિલ દોડતું લાગે છે! કેમ, અહીં તમને કોઈ મારતું હતું કે પકડી બાધતું હતું? હેટ–કોટ પહેરી ઠાઠમાઠ ન કરો તો અહીંનાં છોકરાંના મન જીતાય નહિ! ઠાકુરપો, વિલાયતથી પાછા આવ્યા પછી અમારા જેવાં કાળાં આદમીને ઓળખી તો શકશો ને?"

અમલ બોલ્યો, "એવું હોય તો પછી વિલાયત જવું જ શું કરવા?"

ભૂપતિ હસીને બોલ્યો, "કાળું રૂપ ભૂલવા માટે તો સાત સમુદ્ર પાર કરવામાં આવે છે! પણ ભય શો છે, ચારુ? આપણે તો છીએ જ. કાળાના ભક્તોની ખોટ નહિ પડે."

ભૂપતિએ ખુશ થઈ તે જ વખતે વર્ધમાનને પત્ર લખી નાખ્યો. લગ્નનો દિવસ નક્કી પણ થઈ ગયો.

## [૧૨]

**આ** દરમિયાન છાપું બંધ કરવું પડ્યું હતું. ભૂપતિ હવે ખર્ચને પહોંચી વળી શકયો નહિ. જનસાધારણ નામની જે એક વિશાળ નિર્મળ વસ્તુની સાધનામાં ભૂપતિ આટલી જિંદગી રાતદિવસ એકાગ્ર મને ચોંટી રહ્યો હતો, તેનો તેને ત્યાગ કરવો પડયો. ભૂપતિના જીવનની સમસ્ત પ્રવૃત્તિ જે સુપરિચિત માર્ગે છેલ્લા બાર વરસથી અખંડ રીતે નિર્ગમન કરી રહી હતી તે એકાએક એક જગાએ જાણે પાણીમાં આવી પડી! આને માટે ભૂપતિ બિલકુલ તૈયાર ન હતો. એકાએક મુશ્કેલીમાં આવી પડેલા તેના આટલા દિવસના ઉદ્યમીપણાને તે હવે કયાં લઈ જઈ શકે? એ તો જાણે ઉપવાસી અનાથ બાળકોની જેમ ભૂપતિના મુખ ભણી જોઈ રહ્યાં હતાં. ભૂપતિએ એમને પોતાના અન્તઃપુરમાં કરૂણામયી સુશ્રુષાપરાયણી નારીની પાસે આણી રજુ કર્યાં.

એ વખતે નારી શી વિચારમાં હતી.

એ મનમાં મનમાં બોલતી હતી, 'આ તે કેવું આશ્ચર્ય ! અમલ પરણે એ તો ઘણી સારી વાત. પણ આટલે દિવસે અમને છોડીને પારકે ઘેર પરણીને વિલાયત ચાલ્યો જશે, છતાં એના મનમાં તો એક વાર પણ, લેશમાત્ર પણ દ્વિધા–દુઃખ જન્મ્યાં નહિ ! આટલા દિવસ એને અમે આટઆટલી મમતાપૂર્વક રાખ્યો, અને તેમ છતાં, વિદાયનો અવસર મળતાં જ કમર બાંધી કેવો તૈયાર બની ગયો ! કેમ જાણે આટલા દિવસ એનો જ સુયોગ શોધતો ન હોય ! અને એમ છતાં, મોઢે તો કેટલી મીઠાશ ! કેટલો પ્રેમ ! ખરેખર, માણસને ઓળખવું મુશ્કેલ છે. કોણ જાણતું હશે કે જે આદમી આટઆટલું લખી શકે તેનું હૃદય આટલું તુચ્છ હશે !'

પોતાની હૃદયની વિશાળતા સાથે સરખાવીને ચારૂ અમલના શૂન્ય હૃદયની અત્યંત અવજ્ઞા કરવા ખૂબ મથી, પરંતુ કરી શકી નહિ. ઊંડે ઊંડે કોઈ એક ચોક્કસ વેદનાનો ઉદ્વેગ તપ્ત શૂળની જેમ તેના અભિમાનને ધક્કા મારી રહ્યો હતો.

અમલ આજે નહિ તો કાલે જશે જ; તો પણ આ થોડા દિવસથી એ દેખાતો નથી ! અમારી વચ્ચે પરસ્પર જે મતભેદ જન્મ્યો છે એ મિટાવી લેવા માટે સમય પણ ન મળ્યો !—ચારુ દર ક્ષણે એમ વિચારતી કે અમલ પોતે જ આવશે. તેમનું આટલા દિવસનું સહજીવન આમ સહેજે ભાંગીને ચૂરા નહિ થાય. પરંતુ અમલ તો ન જ આવ્યો !

આખરે જ્યારે અમલને ઉપડવાનો દિવસ છેક નજીક આવી પહોંચ્યો ત્યારે ચારૂએ પોતે જ અમલને બોલાવરાવ્યો.

અમલે કહાવ્યું, "થોડી વારમાં આવું છું."

ચારુ તેની પેલી વરંડાની ખુરશીમાં જઈ બેઠી. સવારથી વાદળાંનાં ગોટા જામી ગયા હતા. ચારુ તેના છૂટા વાળનો જેમ–તેમ ચોટલો વાળી એક પંખો હાથમાં લઈને થાકેલા દેહને ધીમો ધીમો

પવન નાખતી બેઠી હતી.

ખૂબ વાર લાગી. ધીમે ધીમે તેનો પંખો બંધ પડી ગયો. ક્રોધ, દુ:ખ અધીરાઇ તેની છાતીમાં ઉભરાવા લાગ્યાં. મનમાં બોલી, "છો ન આવતો અમલ, એથી શું થવાનું હતું?"–પણ તેમ છતાં પદશબ્દ સાંભળતાં જ તેનું મન બારણા ભણી દોડી પહોંચતું.

દૂરના ટાવરમાં અગિયારના ટકોરા થયા. નાહી પરવારી હવે તો ભૂપતિ જમવા આવશે. હજી અર્ધો કલાક છે. હજી એટલામાં અમલ આવે તો! ગમે તેમ કરીને તેમનો આટલા દિવસનો આ મૂક ઝઘડો આજે તો પતાવવો જ પડશે. અમલને આમ ને આમ વિદાય આપ્યે નહિ ચાલે. આ સમયવયસ્ક દિયેર-ભોજાઈ વચ્ચે જે ચિરંતન મધુર સંબંધ છે, તેને—અનેક પ્રકારના ઝઘડા, અતિ સ્નેહનું દૌરાત્મ્ય, અનેક વિશ્રબ્ધ સુખાલોચનામાં અટવાયેલી એક ચિરછાયામયી લતાને–અમલ આજે ધૂળ ભેગી કરીને અત્યંત લાંબા સમય માટે અતિ દૂર ચાલ્યો જઈ શકાશે શું? એને જરાય પશ્ચાતાપે ય નહિ થાય? એ લતાને શું તે આખરી જલસિંચને ય નહિ કરતો જાય–દિલના અનેક દિયેર–ભોજાઈના સંબંધમાં આખરી આંસુ વડે?

અરધો કલાક પણ લગભગ પસાર થઇ ગયો. અવ્યવસ્થિત ચોટલો છોડી નાખી થોડાક વાળની લટ આંગળીમાં લઈ ચારુ ઉકેલવા લાગી. આંસુ હવે ખાળી શકાતાં ન હતાં.

નોકરે આવીને કહ્યું, "મા ઠાકુરન, બાબુને માટે લીલું નાળિયેર જોઈએ છે."

ચારુએ છેડેથી ભંડારની ચાવી કાઢી ઝનન્ કરી નોકરના પગ આગળ નાખી. નોકર આશ્ચર્ય પામી ચાવી લઇ ચાલતો થયો.

ચારુની છાતીમાંથી કંઈ એક જાણે તેના કંઠ સુધી આવવા મથી રહ્યું હતું.

ભૂપતિ તેના રોજના સમયે સાનંદ ચહેરે જમવા માટે આવ્યો. ચારુએ પંખો હાથમાં લઈ જમવાને સ્થાને આવતાં જોયું તો અમલ

ભૂપતિની સાથે આવ્યો હતો. ચારુએ એના ભણી નજર સુદ્ધાં ન કરી.

અમલે પૂછ્યું, "બૌઠાન, મને બોલાવતાં હતાં?"

ચારુએ કહ્યું, "ના, હવે જરૂર નથી."

અમલ—"તો હું જાઉં, હજી તો મારે ઘણું ઠીક કરવાનું પડ્યું છે."

ચારુએ સળગતી આંખોએ અમલ ભણી જોયું, અને બોલી, "જાઓ."

અમલ ચારુ સામે એક વાર દૃષ્ટિ કરી ચાલતો થયો.

જમી રહી ભૂપતિ થોડી વાર ચારુ પાસે બેસતો. આજે લેણદેણના હિસાબને લીધે ભૂપતિ ખૂબ ઉતાવળમાં હતો. આજે અંતઃપુરમાં બહુ વાર બેસી નહિ શકાય; એથી તેણે ગ્લાનિપૂર્વક કહ્યું, "આજે હું બેસી નહિ શકું. આજે ધાંધલ છે."

ચારુએ જવાબ આપ્યો, "તે જાઓ ને!"

ભૂપતિને લાગ્યું કે ચારુ રીસાઈ છે, તે બોલ્યો, "એનો અર્થ એ નથી કે હમણાં જ જવું પડશે, એમ તો થોડી વાર રહીને જવાનું છે." એમ બોલી તે બેઠો.

તેણે જોયું તો ચારુ હજી ચિંતામગ્ન છે. ભૂપતિ અનુતપ્ત હૃદયે ઘણો સમય બેસી રહ્યો. પરંતુ કેમે કર્યો કંઈ વાત કાઢી શક્યો નહિ. બહુ વાર લગી વાત કરવાનો વૃથા પ્રયત્ન કરી આખરે તે બોલ્યો, "અમલ તો કાલે જાય છે. થોડા દિવસ તને ખૂબ સૂનું લાગશે."

ચારુ તેનો કશો જવાબ ન આપતાં, જાણે કંઈક લાવવા માટે પાસેના ખંડમાં ચાલી ગઈ. ભૂપતિ થોડી વાર રાહ જોઈ બહાર ચાલ્યો ગયો.

ચારુને આજે અમલનાં મોં સામે જોતાં જણાયું હતું કે અમલ આ થોડા દિવસમાં દુબળો પડી ગયો હતો. તેના મોં ઉપર તારુણ્યની પેલી સ્ફુર્તિ બિલકુલ જ નથી! આથી ચારુને સુખે ય થયું. વેદના યે થઈ. આ વિયોગ અમલને દુઃખ દઈ રહ્યો છે એ વિષે ચારુને સંશય રહ્યો નહિ. તો પછી અમલનું આવું વર્તન શાથી? શાથી તે

દૂરદૂર ભાગતો ફરે છે? વિદાય સમયને શાથી તે ઇચ્છાપૂર્વક કટુ બનાવી રહ્યો છે?

બિછાનામાં પડી આમ વિચારતાં વિચારતાં તે એકાએક ચોંકી ઊભી થઈ ગઈ. એકાએક મંદાની વાત એને યાદ આવી. તો જરૂર અમલ મંદાને જ ચાહતો હશે! મંદા ચાલી ગઈ તે કારણે જ અમલ આમ—છિઃ અમલનું મન શું એવું હોઇ શકે? આટલું ક્ષુદ્ર! આટલું કલુષિત? પરણેલી સ્ત્રી પાછળ તેનું મન ગયું હશે? અસમ્ભવ.

ચારુએ આ શંકાને મૂળથી દૂર કરવા પ્રયત્ન કર્યો પણ તે સામે ડંખ મારી રહી!

એમ ને એમ વિદાય વેળા પણ આવી પહોંચી. વાદળ વિખરાયાં નહિ. અમલે આવીને ધ્રૂજતે કંઠે કહ્યું, "બૌઠાન, મારે જવાનો સમય થયો છે. તમે આજથી દાદાની સંભાળ રાખજો. તેમની બહુ દુઃખી સ્થિતિ છે. તમારા સિવાય તેમને સાંત્વનાનું કોઈ સ્થાન નથી."

ભૂપતિનું ઉદાસ મુખ જોઈને, તપાસ કરીને અમલે તેની (ભૂપતિની) ખરાબ અવસ્થાની વાત જાણી લીધી હતી. ભૂપતિ કેવી રીતે મૂંગો મૂંગો પોતાની દુર્દશાની સાથે એકલોએકલો ઝૂમી રહ્યા છે, કોઈની પાસેથી મદદ વા સાંત્વના પામતો નથી, અને તેમ છતાં પોતાના આશ્રિતપાલિત આત્મીય સ્વજનને આ પ્રલયસંકટમાં સંડોવતો પણ નથી. એનો વિચાર કરી મૂંગો રહ્યો. ત્યારબાદ તેણે ચારુનો વિચાર કર્યો: 'ચૂલામાં જાય એ 'અષાઢનો ચંદ્ર' અને 'અમાસનો પ્રકાશ.' હું બેરીસ્ટર થઈ આવી જો દાદાને મદદ કરી શકું તો જ હું માણસ.'

*

ગઈ આખી રાત જાગીને ચારુએ વિચારી રાખ્યું હતું કે અમલને વિદાય આપતાં શું બોલીશ. આનંદ, ગર્વ અને પ્રફુલ્લ ઉદાસીનતા દ્વારા ઘસી ઘસીને શબ્દોને તેણે મનમાં મનમાં ઉજ્જવલ અને

અણીદાર બનાવી રાખ્યા હતા. પરંતુ વિદાયની વેળાએ તો એકે શબ્દ મોંમાંથી નીકળ્યો નહિ! તે કેવળ બોલી, "કાગળ તો લખશો ને, અમલ?"

અમલે ભોંયે માથું અડાડી પ્રણામ કર્યા. ચારુએ દોડી શયનગૃહમાં જઈ બારણાં બંધ કરી દીધાં.

## (૧૩)

ભૂપતિ વર્ધમાન જઈ અમલના લગ્ન પતાવીને તેને વિલાયત રવાના કરી ઘેર પાછો ફર્યો.

અનેક બાજુથી આઘાત પામ્યાથી વિશ્વાસપરાયણ ભૂપતિના મનમાં બાહ્ય સંસાર પ્રત્યે એક પ્રકારની ઉદાસીનતા આવી હતી. સભાસમિતિમાં મળવું કરવું કશું તેને સારું લાગતું નહિ. એને થતું હતું કે આ બધામાં મેં મારી જાતને જ ફસાવી છે. જીવનનો સુખસમય વૃથા વહી ગયો અને સર્વોત્તમ અંશ કચરાની ટોપલીમાં નાખી બેઠો!

ભૂપતિ પોતાના મનને કહેતો, 'ભલે બંધ થયું. છાપું બંધ થયું તે ઠીક થયું. છૂટયો!' સાંજને સમયે અંધકારનો સૂત્રપાત થતાં જ પંખીઓ જેમ પોતપોતાને માળે પાછાં આવે છે, તે જ રીતે ભૂપતિ તેના લાંબા સમયના વ્યવસાયક્ષેત્રનો ત્યાગ કરીને અંતઃપુરમાં ચારુ પાસે આવી બેઠો. મનમાં મનમાં તેણે નક્કી કર્યું, 'બસ હવે અહીંથી ક્યાંય નથી જવું. અહીં જ આપણે તો રહેવાના! છાપાનું જહાજ બનાવીને આખો દિવસ રમતો હતો, એ તો હવે ડૂબી ગયું. ચાલો હવે ઘેર જ.'

મને લાગે છે કે ભૂપતિમાં એક સામાન્ય સંસ્કાર હતો કે સ્ત્રી ઉપર કોઈનો પણ અધિકાર ન હોઈ શકે. સ્ત્રી ધ્રુવતારાની જેમ પોતાનો પ્રકાશ પોતે જ ઝળહળાવે છે. પવનમાં તે બૂઝાઈ જતો નથી. તેલની ગરજ એને રહેતી નથી. એટલે જ, બહાર જ્યારે ભાગ-

ફોડ શરૂ થઈ ગઈ હતી તે વખતે અંતઃપુરની કોઇક કમાનમાં તડ પડી છે કે કેમ તેની એક વાર તપાસ કરી જોવા જેટલું ય ભૂપતિના મનને સૂઝ્યું નહિ.

* *

ભૂપતિ સંધ્યા સમયે વર્ધમાનથી પાછો ફર્યો. જલદી જલદી હાથ મોં ધોઈ તેણે વહેલું વહેલું જમી લીધું. અમલનાં લગ્ન તથા વિલાયત-ગમનનું વિગતવાર વર્ણન સાંભળવા માટે સ્વાભાવિક રીતે ચારુ અત્યંત આતુર હશે માની એણે આજે કશામાં વિલંબ ન કર્યો. સૂવાના ખંડમાં જઈને આડો થયો અને હુકાની લાંબી નળી તેણે મોંમાં લીધી. ચારુ ન હતી. મોટે ભાગે કંઇ ઘરકામમાં રોકાયેલી હતી. હુકાની તમાકુ બળી રહેતાં થાકેલા ભૂપતિની આંખ મીંડાઇ રહી હતી. ક્ષણે ક્ષણે ચમકી જાગી ઊઠી વિચારતો હતો કે હજી ચારુ કેમ ન આવી? આખરે ભૂપતિથી ન રહેવાતાં તેણે ચારુને બોલાવવા માણસ મોકલ્યો.

ચારુના આવતાં ભૂપતિએ પૂછ્યું, "કેમ, આજે આટલું મોડું કર્યું?"

ચારુએ એનો જવાબ ન આપતાં કહ્યું, "હા આજે મોડું થઈ ગયું."

ભૂપતિ ચારુના મમતાભર્યા સામા સવાલની અપેક્ષા કરી રહ્યો હતો. ચારુએ તો કંઈ પૂછ્યું નહિ? ભૂપતિ એથી ખિન્ન બન્યો. તો શું ચારુ અમલ ઉપર સ્નેહ રાખતી નથી? જેટલો સમય અમલ હતો તેટલો સમય તો તેની સાથે ચારુએ મોજ કરી હતી. પણ જેવો તે ચાલ્યો ગયો કે તરત જ તેને વિષે બેપરવાઇ!–આ પ્રકારના વિચિત્ર વર્તનથી ભૂપતિના મનને ખટકો લાગ્યો. તે વિચારવા લાગ્યો, "તો શું ચારુના હૃદયમાં ઊંડાણ નથી? એ કેવળ આનંદ કરવાનું જ જાણે છે? સ્નેહ નથી કરી શકતી? સ્ત્રીને માટે આવો નિરાસક્ત ભાવ તો ઠીક ન કહેવાય."

ચારુ અને અમલની મૈત્રીમાં ભૂપતિને આનંદ હતો. આ બંને જણની બાલિશતા, તેમનો ભાવ, તેમની રમત અને વાતચીત ભૂપતિને ખૂબ મિષ્ટ લાગતી. અમલ ઉપર ચારુ જે પ્રેમમમતા બતાવતી તેમાં અમલને ચારુની સુકોમલ સહૃદયતાનો પરિચય થતો અને તે દિલની અંદર રાજી થતો. આજે આશ્ચર્ય પામી તે વિચારવા લાગ્યો, "એ બધું શું કેવળ છીછરું હતું?" ભૂપતિને એકાએક થયું, "ચારુમાં જો 'હૃદય' નહિ હોય તો હું કયાં જઈ આશ્રય પામીશ?"

ધીમે ધીમે ખાતરી કરવા માટે ભૂપતિએ વાત કાઢી, "ચારુ, તારું શરીર કંઈ બગડ્યું છે?"

ચારુએ ટૂંકમાં જવાબ આપ્યો, "ના સારી છું."

ભૂપતિ—અમલનાં લગન પતી ગયાં.

એટલું બોલી ભૂપતિ મૂંગો રહ્યો. ચારુએ એ વાતના સંધાનમાં કંઇક બોલવાનો ઘણો પ્રયત્ન કર્યો પરંતુ બિલકુલ શબ્દ બહાર નીકળ્યો નહિ. તે જડસડ બની બેસી રહી.

ભૂપતિ એના સ્વભાવ મુજબ કશું બહુ ધ્યાન દઇને જોતો ન હતો. પરંતુ અમલનો વિદાયશોક તેને પોતાને પણ લાગ્યો હતો એટલે ચારુની ઉદાસીનતાએ તેને આઘાત કર્યો. તેની ઇચ્છા તો એવી હતી કે પોતાની જેમ જ વ્યથા અનુભવી રહેલી ચારુની સાથે અમલની વાત કરીને તે પોતાનો હૃદયભાર ઓછો કરશે."

ભૂપતિ—"છોકરી જોતાં તો સારી છે. ચારુ ઊંઘે છે?"

ચારુ બોલી, "ના."

ભૂપતિ—"બિચારો અમલ એકલો ચાલ્યો ગયો. જ્યારે એને ડબ્બામાં બેસાડયો ત્યારે તો તે એક બાળકની જેમ રડવા લાગ્યો. એ જોઇને મારા જેવાથીય આંખનાં આંસુ ખાળ્યાં ગયાં નહિ. ડબ્બામાં બે સાહેબ હતા. એમને તો પુરુષને રડતો જોઇ ભારે મઝા પડી."

હોલવી નાખેલા દીવાવાળા શયનખંડમાં ચારુ પહેલાં તો અંધારે અંધારે સૂઈ ગઈ, પણ થોડી જ વારમાં એકાએક બિછાનું છોડી તે બહાર ચાલી ગઈ.

ભૂપતિએ ચકિત બની પૂછ્યું "ચારૂ, ઠીક નથી ?"

કંઈ પણ જવાબ ન મળતાં તે ય ઊભો થયો. પાસેના વરંડામાંથી દબાવેલા રૂદનનો અવાજ સાંભળી કંપતા પગલે જઈને જોયું તો ચારૂ જમીન ઉપર ઊભડક બેસી પડી રુદન ખાળવાનો પ્રયત્ન કરી રહી હતી.

૧૫૮૨૭

આ પ્રકારનો અદમ્ય શોક જોઇ ભૂપતિ આશ્ચર્ય પામ્યો. તેણે વિચાર્યું, 'ખરે જ, શું મેં ચારુને સમજવામાં ભૂલ કરી હતી? ચારૂનો સ્વભાવ એટલો મુલાયમ છે કે મારી આગળ યે હૃદયની કશી વેદના વ્યક્ત કરવા ઇચ્છતી નથી! સ્વભાવ આવો મુલાયમ છે, પ્રેમ એનો ઊંડો છે અને એની વેદના પણ અત્યંત ભારે છે.'

ચારૂનો પ્રેમ સાધારણ સ્ત્રીઓની જેમ બહાર દેખાય તેવો નથી, એ વાત ભૂપતિના મનમાં હવે પાકી થઇ ગઈ. ભૂપતિએ ચારૂના પ્રેમના આવેગને કદી જોયો ન હતો. આજે તે એને વિશિષ્ટ રીતે સમજાયો. તેનું કારણ એ કે ચારૂના દિલના ઊંડાણમાં એ છૂપો છૂપો પથરાઈ રહેલો હતો. ભૂપતિ પોતે પણ બાહ્ય રીતે વ્યક્ત કરવામાં અકુશળ હતો. ચારૂની પ્રકૃતિમાં પણ હૃદયાવેગની ઊંડી આંતરિકતાનો પરિચય પામતાં આજે તેને એક પ્રકારની તૃપ્તિ થઈ.

ભૂપતિ તરત જ ચારૂ પાસે બેસી જઈ, કંઈ પણ બોલ્યા વિના ધીમેધીમે તેના શરીર ઉપર હાથ ફેરવવા લાગ્યો; શી રીતે સાંત્વના આપવી એ ભૂપતિને સમજાયું નહિ. એને એટલી ય ખબર ન હતી કે જ્યારે માનવી અંધારામાં બેસી શોકનું ગળુ ભીંસી દેવા ઇચ્છતું હોય છે ત્યારે તેની પાસે સાક્ષીમાં બેસવું તેને ગમતું હોતું નથી.

## (૪૧)

ભૂપતિએ જ્યારે છાપાની ઝંઝટમાંથી પોતાની જાતને મુક્ત કરાવી હતી ત્યારે પોતાનું ભવિષ્યનું એક ચિત્ર પોતાના જ મનની અંદર તેણે દોરી રાખ્યું હતું; નિશ્ચય કર્યો હતો. "કોઈ પણ પ્રકારની ખોટી આશા કે ધમાલમાં સંડોવાઈશ નહિ. ચારૂની સાથે વાંચ્યા કરીશ, પ્રેમ કરીશ અને રોજનું નાનું મોટું ગૃહકાર્ય-કર્તવ્ય લઈ બેસીશ." વિચાર્યું હતું, જે બધું સુખ સૌ કરતાં સુલભ અને સુંદર છે, ફાવે ત્યારે ભોગવવા યોગ્ય છતાં પવિત્ર છે ને સહજલભ્ય સુખ દ્વારા તેના જીવનના ગૃહખંડના એક ખૂણે સંધ્યાપ્રદીપ પેટાવીને તે નિભૃત શાંતિની સ્થાપના કરશે. હસવું, વાતો કરવી, મશ્કરી કરવી અને પરસ્પરના મનોરંજન સારૂં-રોજની થોડી ઘણી જરૂરિયાતો માટે કંઈ ભારે મહેનતની જરૂર ન પડે, અને તેમ છતાં સુખ તો અપાર પમાય!

આજે અનુભવમાં સમજાયું કે 'સહજ' સુખ 'સહજ' ન હતું, જે ચીજ દામ આપી ખરીદી ન હોય, અને જો તે પોતે જ આપણા હાથ પાસે આવીને ન પડે તો બીજી કોઈ રીતે શોધી શોધીને મરી જવા છતાં પામવાનો ઉપાય નથી.

ભૂપતિ કેમે કર્યો ચારૂની સાથે બરાબર સારી રીતે ગોઠવી શકયો નહિ. એમાં એણે પોતાનો જ દોષ કાઢ્યો. એણે માની લીધું કે બાર વરસ લગી માત્ર છાપું લખીને તેણે સ્ત્રીની સાથે શી રીતે વાતચીત થાય એ વિદ્યા બિલકુલ ગુમાવી દીધી હતી. સંધ્યાદીપ સળગતાં જ તે ઉત્સાહ અને ઉમળકાપૂર્વક ચારૂ પાસે ખંડમાં જતો; એએક શબ્દો ચારૂ બોલતી; પણ પછી શું બોલવું? ભૂપતિને સૂઝતું નહિ. પોતાની આ અશક્તિને કારણે તે પત્ની પાસે શરમાતો. પત્ની સાથે વાતો કરવી, એને એણે ઘણું સહેલું માન્યું હતું, પરંતુ મૂઢ માણસની આગળ એ તો આટલુ બધું ભારે થઈ પડયું હતું! આના

કરતાં તો સભામાં ભાષણ આપવું સહેલું !

જે સંધ્યાસમયને ભૂપતિએ હાસ્ય–કૌતુક–પ્રણય તથા ઉત્સાહ દ્વારા રમણીય બનાવવાની કલ્પના કરી હતી, એ જ સંધ્યાસમય કેવી રીતે ગાળવો એ સવાલ હવે તેને એક સમસ્યા રૂપ લાગવા માંડયો. થોડી વાર પ્રયત્નપૂર્વક મૌન ધારણ કર્યા પછી ભૂપતિ મનમાં વિચારતો કે 'હવે જાઉં,' પણ ઊઠી જતાં ચારુના મનમાં શું થશે એમ વિચારી તે ઊઠી પણ શકતો નહિ. તે પૂછતો, "ચારુ, પાનાં રમીશ?"

ચારુ બીજો કંઇ રસ્તો ન દેખાતાં બોલતી, "ભલે." અને એમ બોલી અનિચ્છા છતાં પાનાં લઇ આવતી. બિલકુલ અનાયાસે હસી પડતી પણ એ રમતમાં કયાંય કશું સુખ ન હતું !

ભૂપતિએ ખૂબ ખૂબ વિચાર કર્યા પછી, એક દિવસ ચારુને પૂછ્યું, "ચારુ, મંદાને બોલાવીએ તો? તું છેક એકલી પડી ગઇ છે."

ચારુ મંદાનું નામ સાંભળતાં જ સળગી ઊઠી. બોલી, "ના, મંદાનું મારે કામ નથી."

ભૂપતિ હસ્યો, અંદરથી રાજી થયો. સાધ્વી સ્ત્રીઓ જ્યાં સતીધર્મનું રજમાત્ર પણ ઉલ્લંઘન જુવે છે ત્યાં તેમની ધીરજ રહેતી નથી !

દ્વેષનો પ્રથમ આઘાત વટાવતાં ચારુને વિચાર આવ્યો કે મંદા હોય તો તે કદાચ ભૂપતિને વધારે આનંદમાં રાખી શકશે. ભૂપતિ તેની પોતાની પાસેથી જે મનનું સુખ વાંચ્છે છે તે તો તે કેમ કરી આપી શકતી નથી એનો અનુભવ કરી ચારુ વ્યથા પામી રહી હતી. ભૂપતિ આખા સંસારનું બીજું બધું છોડી દઇને એકમાત્ર ચારુની પાસેથી તેના જીવનનો સમસ્ત આનંદ પામવા ઇચ્છતો હતો. એક બાજુ એનો આ એકલ પ્રયત્ન અને બીજી બાજુ પોતાની આંતરિક દીનતા જોઈ ચારુ ભયની મારી જીવી રહી હતી. આમ તે કેટલા દિવસ જશે? ભૂપતિ શું કામ કોઈ બીજું અવલંબન શોધતો નથી? કોઈ અખબાર શરુ કરી દે તો?

ભૂપતિના ચિત્તને આનંદ આપવાનો પ્રયત્ન આજ લગી ચારુને કદી કરવો પડ્યો ન હતો. ભૂપતિએ તેની પાસે સેવાની કદી માગણી કરી ન હતી; કોઈ સુખ પણ માગ્યું ન હતું. ચારુને તેને પોતાની પ્રયોજનીય ગણી ન હતી, માની ન હતી. આજે એકાએક તેના જીવનનું સમસ્ત પ્રયોજન ચારુની પાસેથી પામવાની ઇચ્છા તે કરીને બેઠો હતો પણ તેને ક્યાંયથી કશું શોધ્યું જડતું ન હતું. ભૂપતિને શું જોઈએ છે, શું કર્યે તે તૃપ્ત થાય, એની ચારુનેય પૂરી ખબર ન હતી અને હોય તો ય તે ચારુને માટે કાંઇ સહેજે સિદ્ધ કરી શકાય એવી વસ્તુ ન હતી.

ભૂપતિએ ધીમે ધીમે જો આગળ વધવા માંડયું હોય તો ચારુને માટે કદાચ પછી આટલું મુશ્કેલ રહેત નહિ; પરંતુ એકાએક એક રાતે દેવાળિયા બની ખાલી ભિક્ષાપાત્ર લઇને ભૂપતિ પાસે આવી બેસતાં કેમે તેની હિંમત ચાલી નહિ !

ચારુએ કહ્યું, "વારૂ, મંદાને બોલાવરાવો. એ હશે તો તમારી દેખભાળમાં ધ્યાન આપશે."

ભૂપતિએ હસીને કહ્યું, "મારી દેખભાળ ? એવી તો કંઈ જરૂર નથી."

ભૂપતિએ ક્ષુણ્ણ બની વિચાર્યું : 'હું ભારે નીરસ આદમી છું. ચારુને હું કેમ સુખી કરી શકતો નથી.'

આ વિચારી તેણે સાહિત્યમાં ઝંપલાવ્યું. મિત્રો કોઇ ઘેર આવતા તો આશ્ચર્ય પામી જોઈ રહેતા. ભૂપતિ ટેનિસન, બાઇરન, બંકિમ વગેરેનાં થોથાં લઇને બેઠો જ હોય ! ભૂપતિનો આ અકાળે કાવ્યપ્રેમ જોઈ મિત્રો એની મશ્કરી ઉડાવવા લાગ્યા.

ભૂપતિ હસીને કહેતો, "ભાઈ, વાંસને ય ફૂલ આવે છે. પણ ક્યારે આવે છે, એનું કંઈ નક્કી હોતું નથી, એટલું જ."

એક દિવસ સાંજે સૂવાના ખંડમાં મોટો દીવો બાળી ભૂપતિ

સરકારી જિલ્લા પુસ્તકાલય
હિંમતનગર જી. સાબરકાંઠા

પહેલાં તો શરમાતો બેસી રહ્યો, પણ પછી એણે પૂછ્યું, "કંઇક વાંચી સંભળાવું ?"

ચારુએ કહ્યું—"સંભળાવો ને!"

ભૂપતિ—"શું સંભળાવું ?"

ચારૂ—"તમને ગમે તે."

ભૂપતિ ચારૂનો વિશેષ ઉમળકો ન જોઈ ઢીલો પડયો. તેમ છતાં હિંમત કરી બોલ્યો, "ટેનિસનમાંથી થોડોક તરજુમો કરી તને સંભળાવું."

ચારુ બોલી—"ભલે."

બધું મિથ્યા ગયું. સંકોચ અને નિરૂત્સાહને કારણે ભૂપતિનું વાચન ખચકાતું ચાલ્યું, બરાબર બંગાળી શબ્દો જડયા નહિ. ચારૂની શૂન્ય દૃષ્ટિ જોઈ તે સમજી ગયો કે એનું મન એમાં નથી. એ દીવાના અજવાળે ઝગતો નાનો ખંડ અને સાંધ્યા પછીનો એ એકાંત સમય બરાબર ખીલી ઊઠયો નહિ.

ભૂપતિએ બીજી એકેક વાર પ્રયત્ન કરી જોયા બાદ આખરે ચારૂ સાથે સાહિત્યચર્ચા કરવાનો પ્રયત્ન જ જતો કર્યો.

## ( ૧૫ )

જેમ ભારે આઘાત થતાં અંગો જડ બની જાય છે અને પહેલાં તો વેદના જણાતી નથી, તેવી જ રીતે વિયોગની શરૂઆતમાં અમલની ખોટ ચારૂને એટલી બધી જણાઈ નહિ.

પરંતુ ધીમે ધીમે જેમ જેમ દિવસો વીતવા લાગ્યા તેમ તેમ અમલની ખોટને કારણે ચારૂને મન સાંસારિક શૂન્યતા વધતી ગઈ, આ ભયંકર આઘાતથી ચારુ હતબુદ્ધિ બની ગઈ હતી. કુંજવનમાંથી એકાએક ફેંકાઈ જઇ તે કોઈક મરૂભુમિમાં આવી પડી છે–દિવસ

SHRI HIMMAT LIBRARY
No. 915-28
Date

ઉપર દિવસ વહી રહ્યા છે અને મરુભુમિ ધીમે ધીમે વિસ્તાર પામી છે—જે મરુભુમિ વિષે તેણે કદી કશું જાણ્યું કે સાંભળ્યું નથી!

ઊંઘમાંથી ઊઠતાં વેંત એકાએક છાતી• ધડકી ઊઠે—યાદ આવેઃ "અમલ નથી!" સવારે વરંડામાં પાન તૈયાર કરતી હોય ત્યારે-ક્ષણે ક્ષણે કેવળ એટલું જ થયા કરેઃ "અમલ પાછળથી નહિ આવે?" કોઈક વાર તો અન્યમનસ્ક બની કંઈ કેટલાં ય પાન બનાવી રાખે, પણ પછી એકાએક યાદ આવેઃ "એટલા પાન ખાનારું માણસ જ નથી!" જેવી રસોડામાં પગ મૂકે કે તરત જ મનમાં એ વાત યાદ આવેઃ "અમલને તો નાસ્તો આપવાનો હવે છે નહિ!" મનની અસ્વસ્થ દશામાં તે છેક અંતઃપુરમાં પહોંચે ત્યારે ય તેને સ્મરણ થાયઃ "અમલ કૉલેજમાંથી આવવાનો નથી!" કોઈ નવી ચોપડી, નવું લખાણ, નવી ખબર; નવીનવી કૌતુક-કથાઓ—કશું જ નહિ! કોઈને માટે શીવવાનું, લખી આપવાનું, કોઈ સુંદર વસ્તુ ખરીદી લાવવાનું—એય હવે નથી!

પોતાની અસહ્ય વ્યથા અને અસ્વસ્થતા જોઈ ચારુ પોતે આશ્ચર્ય પામતી. મનોવેદનાની આ અખૂટ પીડાને કારણે તેને બીક લાગવા માંડી. પોતે પોતાને પૂછી રહી—"શાથી? આટલું દુઃખ શું કામ થાય? અમલ મારે એવો શો હતો કે એને માટે આટલું દુઃખ ભોગવું? મને શું થયું છે? આટલે દિવસે મને આ શું થયું છે! નોકર ચાકર, રસ્તા ઉપરના મજૂરો પણ નિશ્ચિંત બની જીવે છે. મને શું કામ આમ લાગે છે? ભગવાને મને આ વિપદમાં શું કામ નાખી?"

માત્ર એ પ્રશ્નો જ કરતી અને આશ્ચર્ય પામતી. દુઃખ સમાવવાનું તો તેને કશું સૂઝતું નહિ. અમલના સ્મરણમાં તેનું અંતર અને બાહ્ય એટલું બધું જકડાઈ ગયું હતું કે એમાંથી છટકવાને ક્યાંય સ્થાન ન હતું!

ભૂપતિ ચારુને અમલની સ્મૃતિના હલ્લાથી બચાવવાને બદલે, વિયોગવ્યથિત સ્નેહશીલ આ મૂઢ આદમી અમલની જ યાદ ફરી ફરી તેને કરાવી આપતો !

આખરે ચારુએ બિલકુલ જ હામ છોડી દીધી. પોતાની સાથે લડી લડી તે થાકી ગઈ હતી. હાર કબૂલ કરી પોતાની સ્થિતિને તેણે વિના વિરોધે સ્વીકારી લીધી. અમલની સ્મૃતિને તેણે મમતાપૂર્વક હૃદયમાં પ્રતિષ્ઠિત કરી.

ધીમે ધીમે તો એવું બન્યું કે અમલનું એકાગ્ર ચિત્તે ધ્યાન ધરવામાં તે છૂપો ગર્વ અનુભવવા લાગી. કેમ જાણે એ સ્મૃતિ જ તેના જીવનનું સર્વશ્રેષ્ઠ ગૌરવ ન હોય !

ઘરકામ પછીનો એક ચોક્કસ વખત તેણે મુકરર કર્યો—જ્યારે બારણાં બંધ કરી એકાંતમાં તે અમલની સાથેના તેના પોતાના જીવનની પ્રત્યેક ઘટનાનો રજેરજ વિચાર કરતી બેસતી. ઉબડક પડી ઓશીકા ઉપર મોં નાંખી વારંવાર તે બોલતી, 'અમલ ! અમલ ! અમલ !' સમુદ્રપારથી જાણે સામો જવાબ આવતો 'બૌઠાન ! બૌઠાન !' ચારુ ભીની આંખો બંધ કરી બોલતી, 'અમલ ! તું ગુસ્સો કરી ચાલ્યો ગયો શું કામ ? મેં તો કંઈ દોષ કર્યો નથી. તું જો હસીને વિદાય લઈ ગયો હોત તો મને આટલું દુઃખ ન થાત. અમલ સામે જ બેઠો હોય ને જેમ બોલે તેવી જ રીતે ચારુ બોલતી: 'અમલ ! તને એક દિવસ પણ હું ભૂલી નથી !એક દિવસ તો શું, એક ઘડી પણ નહિ ! મારા જીવનનો શ્રેષ્ઠ અર્ક તેં જ ફુટાવ્યો. મારાજીવનના સર્વોત્તમ નૈવેદ્ય વડે જ તારી પૂજા કરીશ.'

આ પ્રકારે ચારુએ તેના સમસ્ત ઘરકામ, તેનાં સમસ્ત કર્તવ્યની નીચે ભોયરામાં સુરંગ ખોદીને એ જ તેજવિહીન નિસ્તબ્ધ અંધકારમાં અશ્રુમાલાસજ્જિત ગુપ્ત શોકનું એક મંદિર સર્જ્યું હતું. ત્યાં તેનાસ્વામી કે પૃથ્વીના બીજા કોઈનો ય અધિકાર ન હતો. એ

સ્થાન જેમ ગુપ્ત હતું તેવું જ ગહન પણ હતું અને પ્રિય પણ તેવું જ હતું. તેને જ બારણે ચારુ દુનિયાદારીના બધાં આવરણો ફેંકી દઈને પોતાના સાચા આત્મસ્વરૂપે પ્રવેશ કરતી હતી અને ત્યાંથી બહાર નીકળવા વળી પાછળ બુરખો ધારણ કરી લઈ દુનિયાના હાસ્યાલાપ તથા ક્રિયાકર્મોની રંગભૂમિ ઉપર આવીને હાજર થતી.

## (૧૬)

આ રીતે પોતાના મનની સાથે દ્વંદ્વયુદ્ધ કરવાનું છોડી દઈ ચારુએ તેના વિસ્તૃત વિષાદમાં જ એક પ્રકારે શાંતિલાભ કર્યો, અને એકનિષ્ઠ બની તેણે, સ્વામીની ભક્તિ અને સેવા કરવા માંડી. ભૂપતિ જ્યારે ઊંઘી જતો ત્યારે ચારુ તેના પગ ઉપર પોતાનું માથું નાખી પદરજ સીમંત પ્રદેશે ચઢાવતી. સેવા સુશ્રુષામાં, ઘરકામમાં સ્વામીની લેશમાત્ર ઇચ્છા તે અસંપૂર્ણ રાખતી નહિ. આશ્રિત વ્યક્તિ પ્રત્યે સહેજ પણ તોછડાઈ થતાં ભૂપતિ દુખ પામતો. એ વાત જાણતી હોઈ ચારુ તેમના આતિથ્યમાં તલભાર પણ મણા રાખતી નહિ. આ પ્રકારે બધું કામકાજ પતાવી ભૂપતિનો ઉચ્છિષ્ટ પ્રસાદ ખાઈ ચારુ દિવસ વીતાવી રહી હતી.

આ સેવા અને મમતાને કારણે ભગ્નશ્રી ભૂપતિ જાણે નવ-યૌવન પામ્યો. આજ લગી જાણે તેનું લગ્ન જ થયું ન હોય–આજે જ જાણે તેનું નવલગ્ન થયું હોય ! બધીરીતે ફાલીફૂલી રહેલી સંસારની બધી દુશ્ચિતાંને ભૂપતિએ એક બાજુ હડસેલી કાઢી. રોગી માણસ સારું થતાં જેમ તેની ભૂખ એકદમ સળગી ઊઠે, શરીરમાં ઉપભોગ શક્તિ વધી હોવાનો જેમ અનુભવ થાય, તેવી જ રીતે ભૂપતિના મનમાં આટલે વખતે એક અપૂર્વ અને પ્રબળ ભાવનો સંચાર થયો. મિત્રોને, એટલું જ નહિ પણ, ચારુથી ય છુપાવીને તે કવિતા વાંચવા

લાગ્યો. મનમાં કહેવા લાગ્યો, "છાપું છોડ્યા પછી આટલે દિવસે હું મારી પત્નીને સાફ સાફ જોતો થયો છું."

ભૂપતિએ ચારુને કહ્યું, "ચારુ! તેં આજકાલ લખવાનું કેમ સમૂળગું છોડી દીધું છે?"

ચારુએ જવાબ આપ્યો, "પાછી હું લખવાવાળી બહુ ને?"

ભૂપતિ—"સાચું કહું છું. તારા જેવું બંગાળી આજકાલના આટઆટલા લેખકોમાં ક્યાંય જોયું નથી! વિશ્વબંધુમાં જે લખ્યું હતું, બરાબર એવો જ મારો અભિપ્રાય છે."

ચારુ—"લો, રહેવા દો."

"આ જો ને" બોલીને ભૂપતિએ સરોરુહનો એક અંક કાઢી ચારુ અને અમલનાં લખાણની સરખામણી કરવા માંડી. ચારુએ શરમિંદે લાલ મોંએ ભૂપતિના હાથમાંથી અંક પડાવી લઈ પાલવમાં છુપાવી દીધો.

ભૂપતિએ વિચાર્યું, "લખનાર સાથી કોઇ ન હોય તો લખવાનું થતું નથી. રોજ મારે પોતે જ લખવાની ટેવ પાડવી પડશે. તો જ ધીમે ધીમે ચારુમાં પણ લખવાનો ઉત્સાહ રેડી શકાશે."

ભૂપતિ અત્યંત ગુપ્ત રીતે નોટ લઈ લખવા બેસતો. શબ્દકોષ જોઇ ફરી ફરી સુધારી, વારંવાર નકલ કરી તે તેના બેકાર દિવસો વીતાવવા લાગ્યો. એટલી મહેનતે અને મુશીબતે લખવા પામતો હતો કે તે બહુશ્રમલિખિત રચના પ્રત્યે ધીમે ધીમે તેની મમતા અને વિશ્વાસ વધતાં ગયાં.

આખરે એક દિવસે એક જણ પાસે પોતાના લખાણની નકલ કરાવી ભૂપતિએ ચારુને બતાવી કહ્યું: "મારા એક મિત્રે નવેનવું લખવા માંડ્યું છે. મને તો કંઈ સમજ પડતી નથી. તું એક વાર વાંચી જો જોઉં, તને કેવુંક લાગે છે?"

નોટ ચારુના હાથમાં આપી તે બીતો બીતો બહાર ચાલ્યો ગયો. સરળ ભૂપતિની આ બનાવટ ચારુથી અજાણી રહી નહિ.

વાંચ્યું. લખવાની શૈલી અને વિષય જોઈ તેને હસવું આવ્યું. હાય! ચારુ તેના સ્વામીની ભક્તિ કરવા માટે કેટકેટલું મથી રહી છે. શું કામ ભૂપતિ આવી બાલિશતા કરી તેનો પૂજાનો અર્ધ્ય ફેંકી દે છે? ચારુની પાસે વાહવાહ મેળવવા ખાતર તેણે આટલું શું કામ કરવું પડે? ને જો કશું જ ન કરે, ચારુનું મન ખેંચવા માટે જો તે હંમેશાં પ્રયત્ન ના કર્યા કરે તો જ સ્વામીની પૂજા ચારુ સહજ-સાધ્ય કરી શકે. ચારુની એક માત્ર ઇચ્છા હતી—ભૂપતિ કોઇપણ રીતે પોતાને તેના (ચારુ) કરતાં નીચો ન પાડે.

ચારુ નોટ મૂકી દઇ ઓશીકા ઉપર ટેકો દઈ દૂરદૂર જોતી ખૂબ લાંબો વખત સુધી વિચારમાં જ રહેવા લાગી. ભૂપતિ પણ તેને નવું નવું વાંચવા આપી જતો.

સાંજના સમયે આતૂર ભૂપતિ શયનખંડની સામેના વરંડામાંનું ફૂલોનું દૃશ્ય જોતો ઊભો. કશું પૂછવાની તેની હિંમત ચાલી નહિ.

ચારુ પોતે બોલી—"આ શું તમારા મિત્રનું પહેલું જ લખાણ છે?"

ભૂપતિએ કહ્યું—"હા."

ભૂપતિ અત્યંત આનંદ પામી વિચારવા લાગ્યો, આ અનામી લેખ સાથે હવે પોતાનું નામ લગાડી શકાય કેવી રીતે?

ભૂપતિની નોટ ભયંકર ઝડપે પૂરી થઈ ગઈ, અને પ્રસિદ્ધ થતાં ય વાર લાગી નહિ.

## (૧૭)

વિલાયતથી ટપાલ આવવાનો દિવસ કયો હતો એની ખબર ચારુએ બરાબર રાખી હતી. પહેલાં એડનથી ભૂપતિના નામે પત્ર આવ્યો હતો. એમાં અમલે બૌઠાનને પ્રણામ લખ્યા હતા. બીજો કાગળ સુએઝથી આવ્યો હતો. એમાં ય બૌઠાનને પ્રણામ હતા. માલ્ટાથી

ત્રીજો પત્ર આવ્યો તેમાં ય ફરી પ્રણામ તો હતા જ.

પણ ચારુને અમલનો એક સીધો પત્ર મળ્યો નહિ! ભૂપતિના પત્રોમાં ફરી ફરી જોયું પણ પ્રણામ ઉપરાંત કશું તેને માટે લખેલું ન હતું.

ચારુએ આટલા દિવસ શાંત વિષાદ રૂપી ચંદ્રછાયાનો આશ્રય લીધો હતો, અમલની આ ઉપેક્ષા દ્વારા આઘાત થતાં છિન્નવિછિન્ન થઇ ગયો. તેના હૃદયમાં ફરી તોફાન મચી રહ્યું. તેના રોજિન્દા ગૃહકર્મમાં વળી પાછું ભૂકંપનું આંદોલન જાગી ઊઠ્યું.

આ દિવસોમાં ભૂપતિ અરધી રાતે ઊઠીને જોતો હતો. ચારુ ન દેખાતી હતી. શોધતાં શોધતાં ખબર પડે કે ચારુ જમણી બાજુના ઝરૂખામાં બેઠી છે. ભૂપતિને જોતાં જ ચારુ એકદમ ઊભી થઈ જઇ બોલતી. "અંદર તો આજે ગરમી લાગે છે, એટલે જરા પવનમાં આવી!"

ભૂપતિએ ઉદ્વિગ્ન બની બિછાના ઉપર જ પંખાની ગોઠવણ કરી દીધી અને ચારૂની તબિયત સારી નથી રહેતી માની હંમેશાં પોતે ખાસ નજર રાખવા લાગ્યો. ચારૂ હસીને કહેતી. "હું તો સારી છું. તમે શું કામ અમસ્થા અકળાઓ છો?"

આ હાસ્ય મોં પર લાવવા માટે ય ચારૂને તેની છાતીમાં બધી શક્તિ ખર્ચી નાખવી પડતી!

અમલ વિલાયત પહોંચી ગયો. ચારૂએ એમ માન્યું હતું કે રસ્તામાં તેને સ્વતંત્ર પત્ર લખવા જેટલો અવસર નહિ મળ્યો હોય, પણ વિલાયત જઈને તો જરૂર લાંબો પત્ર લખશે. પણ એવો કોઈ લાંબો પત્ર તો ન આવ્યો.

દરેક મેલના દિવસે ચારૂ તેના સમસ્ત કામકાજ અને વાતચીતમાં સુદ્ધાં એક પ્રકારની અધીરાઈ–આકુળતા અનુભવતી. પણ રખે ને ભૂપતિ કહે કે 'તારા ઉપર તો કંઈ કાગળ નથી' એ બીકે તે હિંમત કરી પૂછતી નહિ.

આવી સ્થિતિમાં એક દિવસ પત્ર આવવાને સમયે ભૂપતિએ ધીમેથી આવી મૃદુહાસ્યપૂર્વક કહ્યું, "એક વસ્તુ બતાવું ?"

ચારૂ એકદમ ચોંકી પડીને બોલી ઊઠી, "શું છે, બતાવો ને ?"

ભૂપતિએ મશ્કરીમાં કશું બતાવ્યું નહિ.

ચારૂએ અધીરી બની ભૂપતિની શાલ પાછળ સંતાડેલી ઇચ્છિત વસ્તુ પડાવી લેવા પ્રયત્ન કર્યો. તેણે પોતાના મનને કહ્યું, 'આજ સવારથી જ મને થતું તો હતું કે આજે મારો પત્ર આવશે જ—એ કદી નકામું જાય જ નહિ.'

ભૂપતિની મશ્કરીની ઇચ્છા ઓર વધી. તે ચારૂને આડમાં નાખી ખાટલાની ચારે બાજુ ફરવા લાગ્યો.

આખરે ચારૂ થાકી જઇ એકદમ ચીડપૂર્વક ખાટલા ઉપર બેસી પડી. એની આંખો ઉભરાઈ ચાલી.

ચારૂના આ અતિશય આગ્રહથી ભૂપતિને અતિશય આનંદ થયો. શાલની પાછળથી પોતાની લખેલી નોટ બહાર કાઢી એકદમ ચારૂના ખોળામાં નાખી બોલ્યો : "ગુસ્સો ના કર; લે આ."

## (૧૮)

અમલે જો કે ભૂપતિને લખ્યું તો હતું જ કે અભ્યાસની ધમાલમાં તે લાંબો વખત સુધી પત્ર લખી નહિ શકે, તેમ છતાં એએક મેલમાં કાગળ ન આવતાં ચારૂનો આખો સંસાર કંટકશય્યા જેવો બની ગયો.

સાંજે વાતમાં ને વાતમાં ચારૂએ અત્યંત ઉદાસીન ભાવે શાંત સ્વરે તેના સ્વામીને કહ્યું, "જુઓ, તાર કરીને ખબર કઢાવો. અમલને કેમ છે ?"

ભૂપતિએ જવાબ આપ્યો, "એ અઠવાડિયા પહેલાં એણે જ લખ્યું છે કે હમણાં એ અભ્યાસની ધમાલમાં પડયો છે......"

ચારૂ—"ઓહ ! તો કંઈ જરૂર નથી, મને થયું કે પરદેશમાં છે,

કંઇ માંદો બાંદો પડયો હોય, કંઇ કહેવાય નહિ.

ભૂપતિ—ના, એવું કંઈ હોય તો ખબર મળે જ; અને વિલાયત તાર કરવો એટલે ખર્ચ પણ કંઈ ઓછું ન આવે."

ચારૂ—"ઓહો! મને તો હતું કે બહુ બહુ તો એક કે બે રૂપીયા જ આવતું હશે."

ભૂપતિ—"શું કહે છે? અરે, લગભગ સો રૂપીયા થાય!"

ચારુ—"તો તો સવાલ જ નથી."

બેએક દિવસ બાદ ચારુએ ભૂપતિને કહ્યું, "મારી બહેન ચૂંચડોમાં છે. આજે એની ખબર કાઢી શકશો?"

ભૂપતિ—"કેમ? એને ઠીક નથી કે શું?"

ચારુ—"ના, એવું તો કંઇ નથી. તમે જાણો જ છો કે તમારા ગયાથી એ લોકોને કેટલો બધો આનંદ થાય છે."

ભૂપતિ ચારુના આગ્રહથી હાવરા સ્ટેશન ભણી ગાડીમાં રવાના થયો. રસ્તામાં એક બળદગાડી આવતાં તેની ગાડી અટકી અને એક પરિચિત તાર વાળાએ તેના હાથમાં તાર ધર્યો. વિલાયતથી તાર આવેલો જોઈ ભૂપતિને અતિશય ધ્રાસકો પડયો. એને થયું, નક્કી અમલને કંઈક થયું હશે. બીતાં બીતાં તાર ઉઘાડી જોયું તો તારમાં માત્ર એટલું જ લખ્યું હતું કે, "હું સારો છું."

આનો શો અર્થ? તપાસ કરતાં જણાયું કે આ તો 'પ્રી-પેઈડ' તારનો જવાબ હતો!

હાવરા જવાનું બંધ રહ્યું. ગાડી પાછી વાળી ભૂપતિએ ઘેર આવી પત્નીના હાથમાં તાર ધર્યો. ભૂપતિના હાથમાં તાર જોઈ ચારુનું મોં ફિક્કું પડી ગયું.

ભૂપતિ બોલ્યો, "મારાથી કંઇ સમજાયું નહિ." તપાસ કરતાં ખબર પડી કે ચારુએ પોતાનાં ઘરેણાં ગીરવે મૂકી પૈસા ઉધાર લઇ તાર કર્યો હતો.

ભૂપતિએ વિચાર્યું, 'આવું કરવાની તો જરૂર ન હતી. મને

કહ્યું હોત તો ય હું તાર કરી દઈ શકત. નોકર મારફતે ઘરેણાં ગીરવે મૂકાવવાં......એ તો જરાય સારું ન થયું !'

રહી–રહીને ભૂપતિના મનમાં માત્ર આ જ પ્રશ્ન ઊઠવા લાગ્યો, 'ચારુએ શું કામ આવી ધમાલ કરી ? ' એક અસ્પષ્ટ સંશય અલક્ષ રીતે તેને વીંધી રહ્યો. એ સંશય ભૂપતિએ પ્રત્યક્ષ રૂપે જોવા ઈચ્છા ન કરી. ભૂલી જવા મથ્યો--પરંતુ વેદના કેમે કરી ઘટી નહિ.

## (૧૯)

અમલનું શરીર સારું છે, તો પણ તે પત્ર લખતો નથી ! એકાએક આ ભયંકર અથડામણ થઈ શી રીતે ? કોક--વાર તો મોઢામોઢ આનો જવાબ લઇ આવવાની ઇચ્છા થતી, પરંતુ વચમાં સમુદ્ર પડયો હતો--પેલે પાર જવાય એવું ન હતું ! નિષ્ઠુર વિચ્છેદ ! આ વિચ્છેદ !

ચારૂ હવે પોતાને સ્વસ્થ રાખી શકી નહિ. કામકાજ પડયું રહેતું, બધી વાતમાં કંઈ કંઈ ભૂલ થતી. નોકર ચાકર ચોરી કરવા લાગ્યા હતા. લોકો એની દીનતા જોઇ કંઇ કંઇ ગુસપુસ કરતા પરંતુ ચારૂને તો કશાનું ભાન જ ન હતું !

એટલે સુધી સ્થિતિ થઈ કે ચારુ ઘણી વાર ચોંકી ઊઠતી, વાત કરતાં કરતાં રડવું આવતું ને તેને ઉઠી જવું પડતું. અમલનું નામ સાંભળતાં વેંત તેનું મોં ફિક્કું પડી જતું.

આખરે ભૂપતિને ય બધું સમજાયું અને જીવનમાં જેનો કદી વિચાર નહોતો આવ્યો, એવો વિચાર આવ્યો–આખી દુનિયા એકા. એક તેને જીર્ણ, વૃદ્ધ, શુષ્ક લાગવા માંડી.

વચલા થોડા દિવસો દરમિયાન ભૂપતિ આનંદના ઊભરામાં આંધળો બન્યો હતો. એ થોડા દિવસની યાદ સુદ્ધાંથી આજે તેને

શરમ આવવા લાગી. મૂઢ વાંદરો ઝવેરાત શું તે સમજતો નથી, એને આમ ખોટો પથરો આપીને છેતરી શકાતો હશે શું ?

ચારૂની જે બધી વાતો ભૂપતિ પ્રેમને કારણે ભૂલી ગયો હતો તે બધી મનમાં દોડી આવી. તેને 'મૂઢ, મૂઢ,' કહી નેતરે નેતરે ફટકારી રહી હતી.

આખરે જ્યારે તેને મહામહેનતે, ભારે મુશ્કેલીએ શરૂ કરેલા પોતાના લખાણની વાત યાદ આવી ત્યારે ભૂપતિને ધરતીમાં સમાઈ જવા જેવું લાગ્યું. અંકુશનો ઘા પડયો હોય તેમ તે દોડતો ચારૂ પાસે ગયો અને બોલ્યો, "ચારુ પેલું લખેલું ક્યાં છે?"

ચારુ બોલી, "મારી પાસે જ છે."

ભૂપતિએ કહ્યું. "લાવ તો."

ચારુ એ વખતે ભૂપતિને માટે કચોરી તળતી હતી. તે બોલી, "હમણાં જ જોઈએ છે શું ?"

ભૂપતિએ કહ્યું, "હા."

ચારુએ કડાઈ નીચે ઉતારી આલમારી ઉપરથી નોટ અને કાગળોની થોકડી ઉતારી.

ભૂપતિએ અધીરાઈપૂર્વક તેના હાથમાંથી ખૂંચવી લેતો હોય તેમ લઈ બધું દેવતામાં પધરાવી દીધું.

ચારુએ વ્યગ્ર બની દેવતામાંથી બહાર કાઢવાનો પ્રયત્ન કરતાં કહ્યું, "આ શું કર્યું ?"

ભૂપતિ તેનો હાથ પકડી રાડ પાડી બોલ્યો. "રહેવા દે."

ચારૂ આશ્ચર્ય પામી જોઈ જ રહી. બધું બળીને ભસ્મ થઈ ગયું.

ચારૂ સમજી. તેણે દીર્ઘ નિશ્વાસ નાખ્યો. કચોરી તળવાનું અધુરૂં મૂકી ધીમે ધીમે બહાર ચાલી ગઈ.

ચારૂના જ મોં સામે નોટ બાળી નાખવાનો સંકલ્પ કંઈ

ભૂપતિએ નહોતો કર્યો, પણ સામે જ દેવતા બળતો જોઈ, કેમ જાણે એકાએક લોહી ઊછળી આવ્યું ! આત્મસંવરણ ન કરી શકવાને કારણે છેતરપિંડીના ભોગ બનેલા ભુતનું તમામ લખ્યું કર્યું તેણે છેતરનારીના જ મોં સામે અગ્નિમાં પધરાવી દીધું !

બળીને બધું ખાખ થયું અને ભૂપતિનો ય આવેશ જ્યારે શાંત પડયો ત્યારે ચારૂ પોતાના અપરાધનો બોજો વહન કરીને જે પ્રકારે ગંભીર વિષાદમાં મૂંગી મૂંગી નીચે મોંએ ચાલી ગઈ તેણે ભૂપતિના મનને એકાએક ધક્કો માર્યો. તેણે સામે નજર કરી. ભૂપતિને ખાસ ગમતું હતું તેથી જ તો તે વિશેષ મમતાપૂર્વક આજ રાંધી રહી હતી !

ભૂપતિ વરંડાના સળિયા ઉપર ટેકાઈને ઊભો. મનમાં મનમાં વિચારવા લાગ્યો, "પોતાને માટે ચારુને આટલી બધી મહેનત ઉઠાવવી પડે, આવી બધી પ્રાણપણે છેતરપિંડી ચલાવવી પડે–આના કરતાં વધુ કરૂણ દુનિયામાં બીજું શુ હોઈ શકે ? અને આ છેતરપિંડી —આ જ કંઈ એની સૌથી મોટી છલના નથી—આ છલનાને કારણે તો ક્ષતહૃદયની વેદના ચાર ઘણી વધારીને અભાગિણીએ આટલા દિવસ પ્રતિક્ષણે હૃદય ચીરીને લોહીની ધારા વહાવ્યે રાખી છે ! ભૂપતિ મનમાં બોલ્યો, "હાય અબલા ! હાય દુ:ખિની ! આવી કશી જરૂર ન હતી, મારે આવી કશી જરૂર ન હતી. આટલો સમય તો મેં કદી પ્રેમ માગ્યો ન હતો અને એમ છતાં 'પ્રેમ નથી પામ્યો' એવું હું જાણી ય શકયો ન હતો !—મારું તો આજ લગી માત્ર પ્રુફ જોઇ જોઈને જ, છાપામાં લખી લખીને જ ચાલ્યું હતું —મારે માટે આવું બધું કરવાની જરૂર ન હતી.'

અને પોતાના જીવનને ચારુના જીવનથી દૂર ખસેડી લઈ, ડૉકટર જેમ પક્ષાઘાત થયેલા રોગીને જુવે તેમ, ભૂપતિ તટસ્થ આદમીની જેમ ચારૂને દૂર જોઇ રહ્યો. આ એક દુર્બળ નારીના હૃદય ઉપર કેવા પ્રબળ સંસારે ચારે બાજુએથી હલ્લો કર્યો હતો !

એવું કોઈ માણસ નથી જેની આગળ તે બધી વાત વ્યક્ત કરી શકે, એવી વાત પણ નથી કે ત્યાં થઈ શકે, એવું સ્થાન પણ નથી કે જ્યાં સમસ્ત હૃદય ખોલી દઈને તે હાહાકાર કરી રડી છૂટે!—અને એમ છતાં આ ગુપ્ત, અદમ્ય, સદાય પુંજીભૂત થતા દુઃખભારને વહીને બિલકુલ સામાન્ય માનવીની જેમ, તેની જડ પડોશણીની જેમ તેણેય ઘરકામમાં જ દિવસો ગાળવા પડતા હતા!

ભૂપતિએ શયનગૃહમાં જઈ જોયું—બારીનો કઠેરો પકડી અશ્રુહીન અનિમિષ નયને ચારુ બહાર ટગી રહી છે. ભૂપતિ આસ્તે આસ્તે તેની પાસે આવી ઊભો. કંઈ બોલ્યો નહિ—ચારુના માથા ઉપર હાથ મૂકી ઊભો જ રહ્યો.

[૨૦]

મિત્રો ભૂપતિને પૂછવા લાગ્યા, "છે શું? આટલો વ્યગ્ર શાથી?"

ભૂપાત બોલ્યો—"છાપું..."

મિત્ર—"વળી પાછો છાપું કાઢે છે? ઘરબાર બધું છાપામાં વીંટીને ગંગાના પાણીમાં ડુબાડવું છે કે શું?"

ભૂપતિ—"ના, હું છાપું નથી કાઢતો."

મિત્ર—"તો?"

ભૂપતિ—"મૈસુરમાં એક છાપું નીકળે છે. મને તેના તંત્રી તરીકે બોલાવ્યો છે."

મિત્ર—"ઘરબાર છોડી છેક મૈસુર જશે? ચારુને સાથે લઈ જાય છે?"

ભૂપતિ—"ના, મામાને ત્યાંના અહીં આવીને રહેશે."

મત્ર—"તારો તંત્રીપણાનો નશો કેમે કરી ગયો નહિ?"

ભૂપતિ—"માણસને કંઈ ને કંઈ નશો તો જોઈએ."

* *

વિદાય સમયે ચારુએ પૂછ્યું, "ક્યારે આવશો?"

ભૂપતિએ કહ્યું, "તને જો એકલું લાગે તો મને લખજે, હું તરત પાછો આવીશ" એમ બોલી વિદાય લઈ ભૂપતિ બારણા સુધી પહોંચ્યો હશે ત્યાં તો ચારુએ દોડીને એનો હાથ પકડી કહ્યું, "મને સાથે લઈ જાઓ, મને અહીં નાખીને જાઓ નહિ."

ભૂપતિ ચમકીને ઊભો રહી જઈ ચારુના મોં સામું જોઈ રહ્યો. મૂઠી ઢીલી પડી. ભૂપતિના હાથમાંથી ચારુનો હાથ છૂટો થયો. ભૂપતિ ચારુની પાસેથી ખસી વરંડામાં આવી ઊભો.

ભૂપતિને લાગ્યું કે અમલના વિયોગની સ્મૃતિ જે ઘરને ઘેરી વળી તેને સળગાવી રહી છે, ચારુ દાવાનળગ્રસ્ત હરિણીની જેમ તે ઘરનો ત્યાગ કરીને ભાગવા ઇચ્છે છે. પણ મારી વાત તો તેણે વિચારી નહિ. હું કયાં ભાગી છૂટીશ ? જે સ્ત્રી હૃદયમાં સદા બીજાનું જ ધ્યાન ધરે છે—તે સાથે હશે તો—પરગામ ભાગી જઈને ય તેને ભૂલી જવાનો સમય નહિ પામી શકું ? નિર્જન મિત્ર વિનાના પ્રવાસમાં તેણે આ સ્ત્રીને સદા સાથ આપવો પડશે! આખો દિવસ થાકી પાકી સાંજે જ્યારે ઘેર પાછો ફરીશ ત્યારે જડસડ શોક—પરાયણ નારીને કારણે એ સંધ્યા કેવી ભયાનક બની ઊઠશે ! જેના હૃદયમાં આવો ભાર પડેલો છે તેને છાતી સરસી દબાવી રાખવાનું મારાથી કેટલા દિવસ થશે ? અને કેટલા વરસ લગી આમ ને આમ જીવવું પડશે ? જે આશ્રય ભાંગીને ચૂરેચૂરા થઈ છે તેની ઈંટો અને લાકડાં ફેંકી ય નહિ શકું ?—ખભે ઉપાડી સદાકાળ ફરવું પડશે ?

ભૂપતિએ આવીને ચારુને કહ્યું, "ના, મારાથી એ નહિ બને?"

ક્ષણ વારમાં જ ચારુના મોં ઉપરથી બધું લોહી અદૃશ્ય થઈ ગયું અને કાગળના જેવું શુષ્ક સફેદ બની ગયું. ચારુએ મૂઠીઓ વડે ખાટલો પકડી રાખ્યો.

તે જ ક્ષણે ભૂપતિએ કહ્યું, "ચાલ, ચારુ, મારી સાથે જ ચાલ."

ચારુ બોલી, "ના રહેવા દો."

---

016827

સરકારી જિલ્લા પુસ્તકાલય * હિંમતનગર જિ. સાબરકાંઠા *

SHRI HIMMAT LIBRARY
No.........
HIMMAT


## સુમિત્રા

લેખક : શ્રી. પ્રેમેન્દ્ર મિત્ર : અનુ. શ્રી રમાકાન્ત દવે

૧૪૪ પાનાં : મનોહર કવર

એક સુંદર

રસ ભરપુર

વારંવાર વાંચવી ગમે

તેવી હૃદયંગમ નવલકથા

કિંમત બાર આના (ટ. ખ. ત્રણ આના)

## રાંકનાં રતન

લેખક : શ્રી. પુષ્કર ચંદરવાકર

ગ્રામજીવન અને સંસારની ભાવનાથી
રસાયેલી ભાવનાપૂર્ણ સામાજિક
મૌલિક નવલકથા

૧૮૦ પાનાં : મનોહર કવર

કિંમત રૂા. ૧-૦-૦ (ટ. ખ. ૩ આના)

તમારી નકલ આજે મેળવી લો

રૂા. ૫-૪-૦નું લવાજમ ભરી છથી સાત
નવલકથાઓ (ટ. ખ. સાથે) મેળવો.

**લોકસત્તા : જનસત્તા પ્રકાશન**

રેવડી બજાર, **અમદાવાદ**

[illegible]
[illegible]
[illegible]

[illegible] ૧૬૮૨૭

[illegible]

| [illegible] | પરત તારીખ | પરત તારીખ | પરત તારીખ |
|---|---|---|---|
| 10 DEC 1979 | | | |
| 1 JUN 1983 | | | |
| 16 JUL 1984 | | | |
| 5 FEB 1988 | | | |
| 11 FEB 1988 | | | |
| 16 DEC 1988 | | | |
| 14 MAY 1996 | | | |
| 3 SEP 2009 | | | |

10 DEC 1979
1 JUN 198[illegible]
16 JUN 1984
11 FEB 1988
16 DEC 1988

(G. P. B.)—(I)Na-8-7,20,000—5-75
Books are issued for fourteen days only
Books lost or injured in any way shall have to be replaced by the borrowers.

નિષ્ઠાજનિત નાવીન્ય એ તો
જીવનનું સાતત્ય છે.



[ નવજીવન મિ. લિ., કલોલના સૌજન્યથી ]